Date of Publication 10th Posted on Every Month

₹ 20

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી



समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧ ઑગસ્ટ : ૨૦૧૫ અંક : ૧

---

**પરામર્શનસમિતિ**

| **ધીરુ પરીખ** | **રતિલાલ બોરીસાગર** | **ઉષા ઉપાધ્યાય** |
|---|---|---|
| પ્રમુખ | મધ્યસ્થ સમિતિના સભ્ય | પ્રકાશનમંત્રી |

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ · ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ _ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક _ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક _ ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક _ ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી _ ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસકેપ અથવા Dહ્ર સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટફર્ટિલાઇઝર્સ ઍન્ડ કેમિકલ્સ લિ., વડોદરા**

E-mail : gspamd@vsnl.net ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 **પરબ** છૂટક કિં. _ ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ ☐ તંત્રી : યોગેશ જોષી ☐ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ ☐ ૨૬૫૬૪૨૭૯

પરબ વર્ષ : ૧૦ ઑગસ્ટ : ૨૦૧૫ અંક : ૧

## †ÃåÂa~ÏÜ

**પ્રમુખપદેથી** : સાહિત્ય અને મુક્ત પદ્ય, ધીરુ પરીખ 6

**કવિતા** : તે જ છે ?, ભરત પાઠક ‘ભભાઈ’ 11, ત્રણ અવળગઝલ, લલિત ત્રિવેદી 12, મા, રામચન્દ્ર પટેલ 13, પીડ, રામચન્દ્ર પટેલ 13, માગ્યા વગર મળશે, અંકિત ત્રિવેદી 14, લખ્યા છે, મનીષ પરમાર 14

**વાર્તા** : હુમલો, બહાદુરભાઈ જ. વાંક 15

**નિબંધ** : કુદરતની કળા ન્યારી છે, કિશોરસિંહ સોલંકી 23

**વિદેશી સાહિત્ય** : કશું જ નથી જાણવું – એવી હઠ, પીટર બિસ્કેલ; અનુ. રમણ સોની 28, સોદાગર, લે. જ્હૉન સ્ટાઇનબૅક; અનુ. મોહનલાલ પટેલ 32

**28મું જ્ઞાનસત્ર :**
**આચમન** : સર્જકચેતનાની પ્રતિભાને સાદશ્ય કરતા સંગ્રહો : વર્ષ 2012-13નું ગુજરાતી સાહિત્યવિવેચનનું સરવૈયું, ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી 44

**સંવાદ** : કાવ્યસર્જન અને પ્રેરણા : એક નિદર્શન, ધીરેન્દ્ર મહેતા અને દર્શના ધોળકિયા 52

**અભ્યાસ** : સાંપ્રત ગુજરાતી રંગભૂમિ, ધ્વનિલ પારેખ 56

**સમીક્ષા/ગ્રંથાવલોકન** : સહજ અને માર્મિક રચનાઓ, વિજય શાસ્ત્રી 67, સંઘર્ષમાંથી સંવાદિતા સાધતા સર્જકની જીવનકથા, પ્રફુલ્લ રાવલ 69, વેધક સંસ્મરણકથા : ‘એ વર્ષો, એ દિવસો’, ઉત્પલ પટેલ 72, ગુજરાતી વાર્તાસાહિત્યમાં એક ડગલું આગળ, કિશોરી ચંદારાણા 77

**આવરણચિત્ર સંદર્ભનોંધ** : પીયૂષ ઠક્કર 82

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ 83

**આવરણ ચિત્ર** : અર્પિતા સિંહ

**આ અંકના લેખકો** : 88

# સાહિત્ય અને મુક્ત પદ્ય

**ધીરુ પરીખ**

કાવ્યસૃષ્ટિમાં સર્વત્ર પદ્યનો મહિમા થતો આવ્યો છે. આપણે ત્યાં પિંગળ મુનિએ આ પદ્યના શાસ્ત્રને રચી આપ્યું એટલે આપણે છંદોના શાસ્ત્રને પિંગળ કે પિંગળશાસ્ત્ર કહીએ છીએ. ગીત અને ગઝલમાં પણ પદ્યબંધારણ હોય છે.

અંગ્રેજી સાહિત્યમાં રોમૅન્ટિક યુગ દરમિયાન વિલિયમ વર્ડ્ઝવર્થ કે જૉન કીટ્સ જે પદ્યમાં કાવ્યો રચતા હતા તેમાં ત્યાંના છંદશાસ્ત્ર પ્રમાણે કેટલીક છૂટછાટો લેતા હતા. હર્બર્ટ રીડ (Herbert Read)ના મતાનુસાર તે મુક્ત પદ્ય છે. આ મુક્ત પદ્ય માટે ફ્રેન્ચમાં વેર લિબર (Vers liber) શબ્દો વપરાય છે. આ મુક્ત પદ્ય એ પદ્યમુક્તિ નથી. જો તો પદ્યમુક્તિ હોત તો તે ગદ્ય બની જાત. અંગ્રેજી રોમૅન્ટિક યુગના કવિઓની કેટલીક કાવ્યકૃતિઓમાં અમુક ચોક્કસ લંબાઈની કડીઓ (ફિક્સ્ડ સ્ટાન્ઝા) રહેતી નથી. તો વળી એમાં ચોક્કસ પ્રાસાનુપ્રાસનું આવર્તન પણ રહેતું નથી. અહીં કાવ્યપંક્તિઓ એક જ કાવ્યમાં લાંબી-ટૂંકી થતી રહે છે. ખાસ કરીને ગીતોમાં આ રીતિ વધુ જોવા મળે છે

વર્ડ્ઝવર્થના 'ઓડ ઑન ઇન્ટિમૅશન્સ ઑવ્ ઇમ્મોર્ટાલિટી' (Ode on Intimations of Immortatilty) કે પછી મિલ્ટનના 'લિસિડાસ' (Lycidas)માં આ પ્રકારે રચાયેલી પંક્તિઓ જોવા મળે છે. અહીં પદ્યની ચુસ્તી જાળવવા માટે થઈને અર્થબોધનો બલિ અપાતો નથી. ત્યાં પદ્યને તેના ચુસ્ત નિયમોથી હટીને થોડું મુક્ત કરાયું હોય છે; પણ એનો અર્થ એ નથી કે કવિએ પદ્યનો ત્યાગ કર્યો છે. એ પદ્યમુક્તિ નથી, પણ મુક્ત પદ્ય છે. આ પ્રથા ૧૯મી સદી, વીસમી સદી અને ચાલુ સદીમાં પણ અમલમાં રહી છે. ૧૯મી સદીના મધ્યકાળ કે તેના ઉત્તરકાળના વ્હિટમૅન (Whitman) અને હેન્લી (Henley) જેવા કવિઓએ પ્રાસાનુપ્રાસરહિત પદ્યપંક્તિઓ રચી છે તથા લંબાઈમાં પણ તેમણે પંક્તિઓને એકસરખી રાખી નથી. તો વળી ૧૯૦૭થી ૧૯૦૮ દરમિયાન ટી. ઈ. હ્યુમ (T. E. Hulme) કે પછી એફ. એસ. ફ્લિન્ટ (F. S. Flint) જેવા કવિઓ ત્યારે ચાલતા કવિમિલન (Poets' Club)માં મળતાં અને આવી મુક્ત પદ્યરચનાના અખતરાઓ કરતા હતા. કારણ એ હતું કે વિક્ટોરિયન યુગના ચુસ્ત છંદોવિધાનથી આવા કવિઓને પોતાની અભિવ્યક્તિમાં દખલ પહોંચતી જણાતી હતી. ફ્રાન્સમાં પણ આ મુક્ત પદ્યનો પ્રસાર આરંભમાં ગુસ્તાવે કાહ્ન (Gustave Kahn) દ્વારા શરૂ કરાયો હતો. ટી. એસ. એલિયટમાં પણ આ પ્રયોગો જોવા મળે છે.

અમેરિકન કવિતામાં વિલિયમ કાર્લોસ વિલિયમ્સે આ રીતે પોતાની કવિતામાં મુક્ત પદ્યનો વિનિયોગ કર્યો છે. ૧૯૧૨માં લંડનના 'પોએટ્રિ રિવ્યૂ'માં તેમનાં કેટલાંક કાવ્યો પ્રકટ થયાં પછી એઝરા પાઉણ્ડની ભલામણથી એમણે શિકાગોના ત્યારના સામયિક

'પોએટ્રિ'માં વિલિયમ્સે કાવ્યો મોકલ્યાં હતાં. ૧૯૧૩ના જૂન મહિનાના અંકમાં 'પ્રૂફ ઑવ્ ઇમૉર્ટેલિટી' પ્રકટ થતાં તેમાંના છંદદોષ વિશે ધ્યાન ખેંચવામાં આવ્યું હતું અને જો શક્ય હોય તો તે મઠારવાની હૅરિએટ મૉનરોએ સૂચના પણ આપેલી. એ કાવ્ય આયૅમ્બિક છંદમાં લખાયું હતું જેમાં તેની ચોથી અને છઠ્ઠી પંક્તિમાં એક એક શ્રુતિ ઓછી હતી. જોકે ત્યારે જવાબ આપેલો :

'As to the meter in this piece, if you wish to judge it as a fixed iambic meausure you are dogmatically right as to the disturbing fourth and sixth lines : but why not call it some other kind of measure ?'

(આ ખંડકમાં છંદની બાબતમાં જો તમે એને ચુસ્ત આયૅમ્બિક માપથી જુઓ તો તમે ચોથી અને છઠ્ઠી પંક્તિને ક્ષતિયુક્ત ગણવામાં સૈદ્ધાન્તિક રીતે સાચા છો; પરંતુ એને કોઈ અન્ય માપનો છંદ શા માટે ન કહેવો ?)

અહીં વિલિયમ્સ 'અન્ય માપનો છંદ' કહી વિશિષ્ટ રીતે મુક્ત પદ્યની જ જાણે જિકર કરી રહ્યા હોય તેમ લાગે છે.

આપણે ત્યાં પણ આ 'મુક્ત પદ્ય' શબ્દનો પ્રયોગ કર્યા વગર પણ એ રાહે આપણા કવિઓ ચાલ્યા તો છે જ. આપણો એક છંદ મંદાક્રાન્તા છે, જેનું છંદોગત રૂપ આવું છે :

**ગાગાગાગા, લલલલલગા, ગાલગા ગાલગાગા**

ઉપરોક્ત છંદનો પ્રથમ ખંડ ચતુરાક્ષરી છે, જેમાં ચારેય ગુરુ વર્ણો આવે છે. હવે જો આ ચતુરાક્ષરી પ્રથમ ખંડને બેવડાવ્યો હોય તો ? આમ તો એ છંદ પ્રમાણે જ કવિ ચાલે છે, પણ એમાં જે છૂટ લે છે તેથી તે મુક્ત પદ્ય બને છે.

ન્હાનાલાલની આ કાવ્યપંક્તિઓ જુઓ :

**'ધીમે ધીમે આછે વ્યોમે**
**અનિલ ઝૂલતો મન્દ આનન્દ વાયઃ**
**વ્હાલી જો આ આકાશોમાં**
**વનવન વિશે ઉત્સવો કાંઈ થાય.'**

અહીં જોઈ શકાશે કે પહેલી અને ત્રીજી પંક્તિમાં મન્દાક્રાન્તાના પ્રથમ આ ગુરુવર્ણોના ખંડને બેવડાવ્યો છે. આમ, મન્દાક્રાન્તાની પંક્તિને તોડીને નવીન પદ્ય હાંસલ કર્યું છે. આને આપણે ગુજરાતીમાં 'ખંડ મન્દાક્રાન્તા' કહીએ છીએ. આપણે ત્યાં 'મુક્ત પદ્ય' એવી પરિભાષા યોજાઈ નથી, પણ વાસ્તવમાં આ મુક્ત પદ્ય જ છે. તો વળી ઉમાશંકર જોશીએ આ મન્દાક્રાન્તાના પ્રથમ ચતુરાક્ષરી ખંડને ત્રેવડાવ્યો છે તે જોઈ શકાશે :

**'અર્ધાં સૂકાં, ખાવા ધાયે, ક્ષેત્રો લૂખાં,**
**વિણકણસલાં, ગાવડીશાં વસૂક્યાં !'**

અહીં પહેલી પંક્તિમાં 'અર્ધાં સૂકાં' પછી એ ખંડને બેવડાવ્યો એટલે કે ખરેખર સમગ્ર પંક્તિમાં તે ત્રેવડાવ્યો છે. તો બળવંતરાય ઠાકોરના સૉનેટ 'જૂનું પિયેરઘર'માં કવિએ સાતમી પંક્તિમાં આવી મુક્ત પદ્યની રીતિ અપનાવી છે. અહીં પણ છંદ તો મન્દાક્રાન્તા જ છે. પણ પંક્તિનો ત્રીજો ખંડ 'ગાલગા' હોવો જોઈએ ત્યાં ઠાકોરે એક 'ગા'ને સ્થાને બે 'લ' એટલે કે એક ગુરુને સ્થાને બે લઘુ મૂક્યા છે અને આમ ૧૭ અક્ષરની પંક્તિ ૧૮ અક્ષરની બની રહે છે :

**'ભાંડું નાનાં, શિશુસમયનાં <u>ખટમીઠાં</u> સોબતીઓ'**

અહીં 'ખટમીઠાં' એ ચતુરાક્ષરી શબ્દ ત્ર્યાક્ષરીને સ્થાને વપરાયો છે. આ માપ છંદમાં 'ગાલગા'નું છે ત્યાં 'લલલગા' એમ ચાર વર્ણ આવે છે. 'ખટ' શબ્દના બે લઘુ એક ગુરુને સ્થાને વપરાયા છે. તો વળી 'મીઠાં'માંનો 'મી' વર્ણ હ્રસ્વને સ્થાને આવ્યો છે જે જોડણી પ્રમાણે દીર્ઘ છે.

આવી જ રીતે આપણા શિખરિણી છંદમાં પણ મુક્તવિહાર થયેલો જોઈ શકાય છે. શિખરિણીનું ગણમાપ આ પ્રમાણે છે :

**લગાગાગાગાગા, લલલલલગા ગાલ લલગા**

આ છંદમાં છઠ્ઠા અક્ષર પછી યતિ આવે છે તો ૧૨મા અક્ષર પછી કોમળ યતિસ્થાન છે. આ શિખરિણી છંદનો કવિ પોતાના ભાવ કે વિચારની અભિવ્યક્તિ માટે તોડજોડ કરીને પણ ઉપયોગ કરે છે. કાન્તની નીચેની કાવ્યપંક્તિઓ જુઓ :

**'રહ્યો એ આધારે**
**પ્રિયે તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો !**
**નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો !**
**નહિ તદપિ ઉદ્વેગ મુજને;**
**નયન નિરખે માત્ર તુજને.'**

અહીં પ્રથમ પંક્તિમાં શિખરિણીના પ્રથમ છ અક્ષરનો ખંડ લીધો છે તો ત્યાર પછીની બે પંક્તિ સંપૂર્ણ શિખરિણીની છે. ચોથી અને પાંચમી પંક્તિઓ શિખરિણીના ઉત્તરાર્ધની અગિયાર અક્ષરી છે. આને આપણે વિદેશની પરિભાષામાં મુક્ત પદ્ય કહીશું. આપણે ત્યાં 'ખંડ શિખરિણી' શબ્દપ્રયોગ રૂઢ થયો છે. મન્દાક્રાન્તા હોય તો ત્યાં જો પંક્તિના ખંડકો પાડવામાં આવે તો તેને 'ખંડ મંદાક્રાન્તા' કહેવામાં આવે છે. રામનારાયણ પાઠક આને 'બૃહત્ પિંગળ'માં 'અભ્યસ્ત' શિખરિણી તરીકે ઓળખાવે છે. આને 'અભ્યસ્ત' કહો કે 'ખંડ' કહો, હકીકતમાં કશો ફરક પડતો નથી. ન્હાનાલાલે 'ઇન્દુકુમાર' ભાગ ૧માં આ શિખરિણી છંદ વાપર્યો છે ત્યાં એક સ્થાને શિખરિણીના ૧૧ અક્ષરના

બીજા ખંડની પ્રથમ બે પંક્તિઓ મૂક્યા બાદ પૂર્ણ શિખરિણીની બે પંક્તિઓ મૂકે છે :

**'સ્થિર જગતનું યન્ત્ર બનશે;**
**ગહન નભ રંગો ઉપટશે;**
**મહાકાલાબ્ધિમાં અતુલ યુગના ઓઘ શમશે;**
**સમાધિમાં ત્હારી સખિ ! મુજ રસેન્દુય તપશે.'**

શાર્દૂલવિક્રીડિત છંદ ૧૯ અક્ષરનો છે અને પ્રથમ બાર અક્ષર પછી યતિ આવે છે. એનું માપ નીચે પ્રમાણે છે :

**ગાગાગા લલગા લગા લલલગા, ગાગાલગા ગાલગા**

નિરંજન ભગતના એક કાવ્યની ત્રણ પંક્તિઓ જુઓ કે જેમાં પંક્તિને અન્તે યતિ છોડીને સળંગ વિચારવહન કરવામાં આવ્યું છે જેને અંગ્રેજીમાં run on પંક્તિ કહે છે :

**'કાફે રૉયલનાં હજીય ખખડે પ્યાલા રકાબી છરી**
**કાંટા કાન મહીં, હજીય રણકે મ્યૂઝિયમ તણી ટ્રામના**
**ઘેરા ઘર્ઘર નાદ...'**

આમ આ પણ મુક્ત પદ્યનો જ નમૂનો બની રહે છે.

આવું જ સંખ્યામેળ છંદોમાં પણ બને છે. ઉદાહરણ તરીકે વનવેલી ચતુરાક્ષરી – પછી તે લઘુ હોય કે ગુરુ હોય – એકમને ગમે તેટલી સંખ્યામાં કવિ વિવિધ પંક્તિઓમાં પ્રયોજતો હોય છે. ઉમાશંકરની આ વનવેલીની પંક્તિઓ વાંચો :

**'જાણપણ હતું એને; શાણપણ રૂડું એથી,**
**જે સહસા આગંતુક ઉપાધિઓમાંથી માર્ગ**
**કોરી કાઢે કૃષ્ણ જેમ.**
**શાણપણ વિનાનું જે જાણપણ**
**શાપ એ તો.'**

બળવંતરાય ઠાકોરે તો પૃથ્વી જેવા ગણમેળ છંદમાં પણ આગવો અભિગમ દાખવી પ્રયોગ કર્યો છે. પૃથ્વી છંદનું ગણરૂપ આ પ્રકારનું છે :

**'લગા લલલગા લગા લલલગા લગા ગાલગા'**

બળવંતરાયે આ માપમાં થોડો ઉમેરો કર્યો અને ત્રણ માત્રા વધારી પછી તે લલલ, ગાલ કે લગા, ગમે તે રૂપે હોય. એમના આ પ્રકારના પ્રયોગની બે પંક્તિઓ જુઓ :

**'ગયૂં તુજ જુવાનિજોમ, પ્રિય હૃદય ગાદલીયે ગઈ,**
**ગયાં પ્રિય સુતાસુતો, તડતડ તૂટિ ગૈ ઉમેદો બધી.'**

તમે જોશો કે ૧૭ અક્ષરના આ છંદને ઠાકોરે બહેલાવી ૨૦ અક્ષરનો કર્યો છે. અહીં પૃથ્વીના માપમાં ત્રણ અક્ષરો વધુ ઉમેરી એમણે જે બીજી પંક્તિમાં 'ઉમેદો'માં

'ઉમે' એટલે કે 'લગા' એમ ત્રણ માત્રા ઉમેરી છે. ઠાકોર આને નવું નામ આપે છે 'પૃથ્વીતિલક'. આ છંદ વિશે ખુલાસો કરતાં તેઓ જણાવે છે : '... પૃથ્વીની પંક્તિમાં ગમે ત્યાં ત્રણ માત્રા ઉમેરવામાં આવે (લલલ, ગાલ, લગા) અને જે અતિપૃથ્વી પંક્તિ થાય તે તે સર્વને પૃથ્વીતિલક નામ આપું છું.' ઠાકોરે લઘુગુરુ ઉચ્ચાર પ્રમાણે જોડણીમાં ફેરફાર કરીને તે શબ્દ ખપમાં લીધો છે. ઉપરોક્ત પંક્તિઓમાં પ્રથમ પંક્તિમાં પ્રથમ શબ્દ 'ગયું'ને સ્થાને 'ગયૂં' એવી જોડણી છંદોગત જરૂરિયાતને કારણે કરી છે. તો બીજી પંક્તિમાં 'તૂટિ' જોડણી કરી છે, જે 'તૂટી' હોવી જોઈએ. આમ છંદના લઘુગુરુને સૂચવવા તેમણે જોડણીમાં પણ આ રીતે ફેરફાર કર્યા છે.

આ અને આવી અન્ય પદ્યછૂટની બાબતો કે તેને અનુકૂળ જોડણીની છૂટની બાબતો તે મુક્ત પદ્યના આપણે ત્યાંના નમૂનારૂપ લેખી શકાય. ભલે આપણે ત્યાં મુક્ત પદ્ય (Free Verse = Vers libre) જેવી સંજ્ઞા ના વપરાતી હોય પણ એના આ પ્રયોગોને આપણે 'ખંડ' કે 'અભ્યસ્ત' એવાં પૂર્વપદોથી ઓળખાવવાનો પ્રયત્ન તો થયો જ છે.

18

## તે જ છે ? | ભરત પાઠક 'ભભાઈ'

અંધાર છે ? કે તેજ છે ?
પરખાય ના પરખાય,
આ જે છે ધર્યું તે – તે જ છે ?
બંધ આંખે કે ખૂલી આંખે, અહીં દેખાય ના દેખાય;
જે અભરે ભર્યું તે – તે જ છે ?

કોઈને અંધાર ભાસે, કોઈને ઝલમલ દીવા,
ભાસ એવો થાય કે ના થાય;
આ જે દમ-બ-દમ ધબકે ભર્યું તે – તે જ છે ?

જે સહુનો પ્રાણ થઈ કાયમ વસ્યું,
નામ જેનું કોઈને ના જાણમાં આવી શક્યું,
કોઈએ જે "તેજ" કીધું, કોઈએ "અંધાર" કીધું,
પલ પલ છલકતું જાય,
ના ખાલી કદીયે થાય,
એવું પાત્ર-વિણ અક્ષય નર્યું તે – તે જ છે ?

'પરખવાનું', 'પામવાનું' – એ નિરર્થક
ધમપછાડા છોડીને બેસો 'ભભાઈ',
બાષ્પ થઈ જે લ્હેરભર લ્હેરાય,
શ્વાસે શ્વાસમાં સોડાય,
તે આ એક ચ્હાની કૂલડીમાં –
(પાઈને, પી જોઈને, કહેશો હવે ? કે –)
ઊભર્યું તે – તે જ છે ?

ડિસેમ્બર ૨૦, ૨૦૧૩

# ત્રણ અવળગઝલ | લલિત ત્રિવેદી

## ૧. ધબકારાને આગળિયા

શબરી ! ફળી ગયા ઠળિયા
સબર થઈ રણકે રૂપિયા !

શરણાઈ વગડે ફળિયે
નખને આવ્યાં ઝળઝળિયાં !

નદિયુંને દઈ દીધી આણ
ધબકારાને આગળિયા !

પાંચ ફૂટ દસ ઈંચના
ઘર પરથી ઊડ્યાં નળિયાં !

કવિ ! તમારા ફૂટ્યા ભાયગ
ફૂટી ગયા સાતે ખડિયા !

લલિત તરી ગ્યા પરપોટો
ડૂબી ગ્યા બારે દરિયા !

જીભલડી કૂટે બેરો
લલિત કૂટે કાગળિયા !

## ૨. વણદેખ...

સુણજો રે રમ્મેશ પારેખ
કોરે કાગળ ખોડી મેખ !

દસ રસ પી તાજોમાજો
મંન વગરનો ફરે મનેખ !

તરે લોહીમાં શિલાઓ
શિલાઓ પર શિલ્લાલેખ !

નવે રંગમાં પૂળો મેલ
પરપોટાનો લઈ લે વેખ !

અવળગઝલમાં ઊતર્યા ઠેઠ
વંટોળે કાગળનો ભેખ !

લલિતજીએ પીધી ભાંગ
વણઆંખે દેખે વણદેખ !

અખા ! લલિતમાં ડખા થયા
ખમીસ પર એક દૂજી રેખ !

## ૩. અખા !

પ્રજળી ચૂલે જ્યોત, અખા !
મારે મન ઈ બ્હોત, અખા !

હોત ન વચમાં પોત, અખા !
જળસોંસરવું જોત, અખા !

ખડિયો ઊંડો અપરંપાર...
ને મોતીની ગોત, અખા !

કંકણની ખુશ્બૂ આવે...
કોણ વધારે સ્રોત, અખા !

કીડી વળગી ગુંદરને
ગોત કહું કે મોત, અખા !?

અવળગઝલમાં ઊતરી પેન
જેમ તેલમાં જ્યોત, અખા !

અખા, લલિતમાં ડખા થયા
નળિયે એક કપોત, અખા !

## મા | રામચન્દ્ર પટેલ

(વસંત-મૃદંગ)

જામ્યા બપોર, વગડો સુમસામ... સૂર્ય
ફૂંકે લૂ-લાહ્ય તડકો, ઉકળાટ વ્યાપે;
ઊડે ન ક્યાંય ખગ... વાદળ આભ શોધે,
ને બોરવેલ વીજતાણ વડે વહાવતો
પાણી... હું ખેતરમહીં રજકાનું ઘાસ
પાવા મથું, તરસીટાઢક માટી ઠારું.

ત્યાં નીકમાં રુધિર નીર વહેણ ભાળ્યું
શેઢે પ્રસૂતિ થતી ? કોક અનાથ બાઈ !
જોયું નજીક જઈને શિશુ ચોંટ્યું હૈયે –
એ સ્વસ્થ : હાથપગ સ્વચ્છ, શરીર ઢાંકી
ચાલી ગઈ ઉલટથી – તૂરિયાં ન લીધાં.
– કેવો ભયો પ્રસવ નીડ વિના અનેરો ?

'મા આજ કોક મળી', તેતર ક્યાંક બોલ્યું;
વાયો સમીર તહીં ખેતર મસ્ત ડોલ્યું...

## પીડ | રામચન્દ્ર પટેલ

(મંદાક્રાન્તા)

લે, આવું છું કહી, ઘરમહીંથી ગયા પૂંઠ વાળી
સામે દેખ્યું નહિ, ન કર ઊંચો હલાવી ધ્વજા શો
કીધો, સીધો પથ પકડી ચાલ્યા... ન થંભ્યા ઘડીયે –
રોતી રોતી રહી ગઈ હું, ખીલ્યું હતું મોક્ષ પેટે.

મેણાં ખાતી રવરવતી દીવો ભયો દીકરીનો,
સોડે લીધી સ્તન લઈ ઉછેરી ભલી ચન્દ્રરેખા !
ભાલે ચાંલ્લો નહિ, નથ નહીં કંકણો ના, ન ચૂડી
પ્હેરી, જીવી જીવતર... સુતા કાજ ગાળ્યા દહાડા.

'મા જો મારી; કહી કહી પિતા આવતાં ઓરડામાં,
બાંધી, ગોંધી ફરીફરીય ભેટી જવા ના દઈએ,
એવું કે'તાં ટહુકી શરણાઈ નગારાંય જાગ્યાં...
સાક્ષી રાખી શ્રીફળ શિવ, ચૉરી દિપાવી હું બેઠી.

છોડી દીધી ન, તન-તનયા ઈશને એવું કે'જો,
કોઈ કાળે મુજ સરખી ના કોયને પીડ દેજો.

## માંગ્યા વગર મળશે | અંકિત ત્રિવેદી

કશું માંગ્યા વગર જોજે, તને માંગ્યા વગર મળશે,
બધું આઠે પ્રહર જોજે, તને માંગ્યા વગર મળશે.

અણીના તાકડે છેલ્લી ઘડીએ કામ આવે છે –,
ભરોસો તરબતર જોજે, તને માંગ્યા વગર મળશે.

અમર થઈ જાવાના આ પેંતરાથી દૂર થઈને જો !
જીવન અજરાઅમર જોજે, તને માંગ્યા વગર મળશે.

ગયો આગળ ને આગળ શોધવામાં તે બધું સઘળું,
કરી પાછળ નજર જોજે, તને માંગ્યા વગર મળશે.

નિરાંતે જીવ, ચિંતા છોડ, હળવો થા, પળોજણ મૂક,
થશે તારી કદર જોજે, તને માંગ્યા વગર મળશે.

## લખ્યા છે | મનીષ પરમાર

સૂર્યના અક્ષર ઉતાવળમાં લખ્યા છે,
દોસ્ત જાસા કેમ ઝાકળમાં લખ્યા છે ?

કેમ હૈયામાં ભરાવો રાખી મૂકું ?
એ ખુલાસા એક કાગળમાં લખ્યા છે.

કોઈ પરપોટા ઉપર વાંચી શકાતા,
માછલીના શ્વાસ; જળ-જળમાં લખ્યા છે.

ડાળમાંથી ડાળ ફૂટી નીકળી છે,
કેટલાં વેરાન કૂંપળમાં લખ્યા છે.

આંખમાં અંધાર આંજી બેઠી ક્યારે ?
તારલા થોડાક કાજળમાં લખ્યા છે.

18

# હુમલો

બહાદુરભાઈ જ. વાંક

છેલ્લા એક-દોઢ માસથી એક જ વિચારે ઝનૂની મૂળુ મેરના સમગ્ર અસ્તિત્વને ભરડો લઈ લીધો હતો – કોઈ પણ રીતે સાહેબનું કાસળ કાઢી નાખવાનો. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં કે ઊંઘતાં બસ ચાવડાસાહેબ જ તેના ચિત્તમાં... ચાવડાસાહેબને હંમેશને માટે ઠેકાણે પાડી દેવા માટેની કેટકેટલી બ્લ્યૂ પ્રિન્ટો તેણે તૈયાર કરી નાખી હતી, આ માટે તેણે ઑફિસના એક પટાવાળાને ફોડી નાખ્યો હતો. અઠવાડિયામાં સાહેબ કઈ કઈ જગ્યાએ ડિસ્ટ્રિક્ટમાં જાય છે તે અંગેની સઘળી માહિતી અગાઉથી પટાવાળો તેને પૂરી પાડતો રહેતો હતો. એ પ્રમાણે તેણે સાહેબનો પીછો કરતા રહેવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. છતાં પણ કોણ જાણે તેને એવી પ્રતીતિ થઈ રહી હતી – જાણે સાહેબે જ તેને કેટલો બધો પાછળ રાખી દીધો હતો !

આ વર્ષે સમગ્ર રાજ્યના એસટી કર્મચારીઓનો વાર્ષિક રમતોત્સવ આ વિભાગમાં બે-ત્રણ દિવસમાં શરૂ થવાનો હતો. મૂળુ મેરના જાણવામાં આવ્યા પ્રમાણે આ રમતોત્સવમાં કુસ્તીદાવની સ્પર્ધામાં સ્વયં ચાવડાસાહેબ પણ ભાગ લેવાના હતા. એટલે આ સ્પર્ધા દરમિયાન તેણે સાહેબ ઉપર હુમલો કરવાનો પ્લાન તૈયાર કરી નાખ્યો હતો.

રમતોત્સવ શરૂ થતાં જ કુસ્તીદાવ – મલ્લયુદ્ધની સ્પર્ધા કયા દિવસે યોજવામાં આવનાર છે તે અંગેની સઘળી માહિતી તેણે મેળવી લીધી. એ પ્રમાણે આજે તે કુસ્તીદાવના મેદાનમાં આવી પહોંચ્યો. અને કુસ્તીદાવમાં ઊતરેલા સાહેબની છપનઇંચની ગુચ્છાદાર પહોળી છાતી જોઈને તે ઠીંગરાઈ ગયો. કુસ્તીના બીજા દાવમાં પોતાની સાથે સ્પર્ધામાં ઊતરેલા પહેલવાનને ચાવડાસાહેબે એક જ મુક્કા સાથે જમીન ઉપર ધૂળ ચાટતો કરી દીધો હતો. આ દૃશ્ય જોઈને અઠવાડિયા પહેલાં ચાવડાસાહેબે તેવો જ મુક્કો તેના ગાલ ઉપર... અત્યારે તેના ચિત્તમાં...

મિલિટરીમાં કૅપ્ટન તરીકેની ફરજ બજાવી રાજીનામું આપીને છૂટા થયેલા કૅપ્ટન મહાવીરસિંહ ચાવડાની આ વિભાગમાં વિભાગીય નિયામક તરીકે થયેલી બદલી... સાવ ખાડે ગયેલા એસટીના વહીવટને અંકુશમાં રાખવા માટે અને પેધી ગયેલા માથાભારે કર્મચારીઓની સાન ઠેકાણે લાવવા માટે એક કડકમાં કડક અમલદાર તરીકે ચાવડાસાહેબને આ વિભાગમાં ખાસ મૂકવામાં આવ્યા હતા. ફરજ ઉપર હાજર થવાની સાથે જ વિભાગમાં કયા કયા પ્રકારની અરાજકતા – અંધાધૂંધી પ્રવર્તી રહી છે અને કયા કયા કર્મચારીઓ પોતાની દાદાગીરી ચલાવી રહ્યા છે તેની ઊંડાણથી તપાસ શરૂ કરી દીધી. અથવા કેટલાક કર્મચારીઓમાં અત્યંત માથાભારે ગણાતા અને પોતાની

ધાકથી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી બેઠેલા કંડક્ટર મૂળુ મેરનું નામ સૌથી મોખરે હતું. એટલે બીજા દિવસે ચાવડાસાહેબે કંડક્ટર મૂળુ મેરને ઑફિસમાં પોતાની ચેમ્બરમાં બોલાવ્યો.

સાહેબની ચેમ્બરમાં દાખલ થતાં જ મૂળુ મેર પોતાનો પરિચય આપતાં બોલ્યો : ''મારું નામ મૂળુ મેર. પંદરેક વર્ષથી આ વિભાગમાં કંડક્ટર તરીકેની ફરજ બજાવું છું. આપનો આદેશ મળતાં આપની પાસે આવ્યો છું.''

ચાવડાસાહેબે તેના ઉપર પગથી માથા સુધી નજર કરી. તેના ઝનૂની વ્યક્તિત્વનો તાગ મેળવી લીધો અને તેને તેઓ એકધારા પ્રશ્નો પૂછવા માંડ્યા...

''કંડક્ટર તરીકેની તમારી ફરજ દરમિયાન બસમાં મુસાફરી કરી રહેલા દસ-પંદર મુસાફરોને બાદ કરતાં તમે ટિકિટભાડું લઈ લેવા છતાં કોઈને પણ ટિકિટ આપતા નથી એ વાત શું સાચી છે ?''

''હા જી.'' મૂળુ મેરે જવાબ આપ્યો.

''બસ-ચેકિંગમાં આવતા કોઈ પણ અધિકારીઓને તમે બસ ચેક કરવા દેતા નથી. એ વાત સાચી છે ?''

''હા જી, આ વાત પણ સાચી છે.''

''ત્રીજું, વિભાગમાં તમારી એટલી બધી ધાક છે કે તમારી વિરુદ્ધ કોઈ પણ એકાદ હરફ પણ ઉચ્ચારી શકે નહીં ! એ વાત પણ સાચી છે ?''

''જી હા, એ વાત પણ સાચી છે.'' મૂળુ મેરે બેધડક જવાબ આપ્યો.

''ચોથું, છેલ્લાં દસ વર્ષથી એસટી ખાતામાં તમે સાવ ગેરકાયદેસર રીતે યુનિયનના હોદ્દેદાર બની વિભાગના અધિકારીઓ પાસે તમારું ધાર્યું કામ કરાવો છો, એ વાત શું સાચી છે ?''

''હા જી, દસ વર્ષથી નહીં પણ છેલ્લાં પંદરેક વર્ષથી એસટીના અધિકારીઓ પાસે હું મારું ધાર્યું કામ કરાવું છું.'' મૂળુ મેરે સાવ નફ્ફટાઈથી જવાબ આપ્યો.

''છેલ્લો પ્રશ્ન, તમે આમ સાવ બિન્દાસ બની મને જવાબ આપો છો. એટલે જ તમને પૂછું છું – શું એસટી ખાતાને તમે તમારા પિતાશ્રીની પેઢી માની બેઠા છો ?''

આ પ્રશ્નનો પણ મૂળુ મેરે સાવ નિર્લજ્જ બની જવાબ આપ્યો : ''આપને જેમ સમજવું હોય તેમ સમજી શકો છો !''

સાહેબ આદેશ કરતાં બોલ્યા : ''હવે તમે બહાર થોડી વાર બેસો.''

ને મૂળુ મેર છાતી ફુલાવતો ચેમ્બરની બહાર નીકળી ગયો. સાહેબની સૂચના પ્રમાણે બાંકડા ઉપર બેઠો. ઑફિસના દરેક કર્મચારીઓ તેને ધારીધારીને જોવા લાગ્યા : પૂરી છ ફૂટની ઊંચાઈ, ભરાવદાર હૃષ્ટપુષ્ટ શરીર, કરડાકીભર્યો ચહેરો અને ચહેરા ઉપર શોભતી દાઢી-મૂછ.... તેની પર્સનાલિટીથી અંજાઈને કર્મચારીઓ અંદરો-અંદર વાતો કરવા

માંડ્યા : ''આ માણસ તો ફિલ્મોમાં હીરો તરીકે પણ ચાલી શકે તેવો છે. ગજબનો તેનો રુઆબ છે !''

''હા, એસટીમાં પણ તે હીરો તરીકેની ફરજ બજાવે છે ને આખા વિભાગને હથેળીમાં નચાવે છે !''

''હવે જોઈએ ચાવડાસાહેબ તેની વિરુદ્ધ શું કાર્યવાહી હાથ ધરી શકે છે ?''

ત્યાં વહીવટી અધિકારી ચાવડાસાહેબની ચેમ્બરમાંથી કેટલાક કાગળો લઈ બહાર નીકળ્યા અને મૂળુ મેરના હાથમાં એક કવર મૂકતાં બોલ્યા : ''આમાં તમારો ઑર્ડર છે.''

મૂળુ મેરે ઝડપથી કવર ખોલ્યું. તેમાંથી ટાઇપ કરેલ કાગળ બહાર કાઢી વાંચવા લાગ્યો. નોકરીમાંથી તાત્કાલિક અસરથી તેને છૂટા કરી દેવાનો એ ઑર્ડર હતો.

ઑર્ડર વાંચીને ધૂંવાંપૂંવાં થતાં તેણે ઑર્ડરના બે કટકા કરી નાખ્યા. ને વહીવટી અધિકારી તરફ એ કટકાઓનો ઘા કરતાં બરાડી ઊઠ્યો : ''મને નોકરીમાંથી ડિસમિસ કરવાવાળા સાહેબ કોણ ?'' ને જોરદોરથી બૂમ બરાડા પાડવા માંડ્યો. ધમકી ભરેલાં ઉચ્ચારણો – બૂમબરાડાઓથી તેણે સમગ્ર ઑફિસનું વાતાવરણ ઉપરતળે કરી નાખ્યું.

બહાર થતાં કોલાહલનો અવાજ સાંભળી તરત જ ચાવડાસાહેબ તેમની ચેમ્બરમાંથી બહાર ધસી આવ્યા. પરિસ્થિતિથી વાકેફ થઈ તેઓ હજુ મૂળુ મેરને કંઈ કહે એ પહેલાં મૂળુ મેર સાહેબને જોઈને સાવ મૂંગો થઈ ગયો. હવે હું પણ જોઈ લઈશ – બબડાટ કરતો કરતો તે રોષથી બહાર નીકળી ગયો.

કશુંય બોલ્યા વગર ચાવડાસાહેબે મૂળુ મેરને કેવો મહાત કરી લીધો અને બહાર ધકેલી દીધો તે બાબતથી બધા જ કર્મચારીઓ આશ્ચર્ય અનુભવી રહ્યા.

સાંજના ઑફિસનો સમય પૂરો થતાં કર્મચારીઓ બહાર નીકળવા માંડ્યા. વહીવટી અધિકારી અને કેટલાક કર્મચારીઓ સાથે ચાવડાસાહેબ પણ બહાર નીકળ્યા. ઑફિસના પટાંગણમાંથી પસાર થતાં ચાવડાસાહેબને દૂર ઊભેલો મૂળુ મેર ઘૂરકી ઘૂરકીને જોઈ રહ્યો હતો. જેવા સાહેબ ઑફિસના દરવાજામાંથી બહાર નીકળ્યા કે તરત જ ધારદાર છરા સાથે મૂળુ મેર સાહેબ ઉપર હુમલો કરવા તેમના તરફ ધસી આવ્યો. તે ચાવડાસાહેબ ઉપર હુમલો કરે એ પહેલાં ચાવડાસાહેબે તેના હાથમાંથી છરો ઝૂંટવી લઈ દૂર એક બાજુ ફગાવી દીધો. પછી તેના ગાલ ઉપર જોરથી એવો તમાચો ચોડી દીધો કે તે પછડાટ ખાઈને એક બાજુ ફંગોળાઈ ગયો. ને તે ઊભો થઈને કૂદકો મારી ફરી સાહેબ ઉપર હુમલો કરવા જતો હતો, ત્યાં ઑફિસના પહેલવાન જેવા બે ચોકીદારોએ દોડીને તેને બાથ ભરીને પકડી લીધો.

ચાવડાસાહેબને ખૂનની ધમકી આપવા તે ચોકીદારોની પકડમાંથી છટકવા માટે મથામણ કરવા લાગ્યો.

ચાવડાસાહેબના ફોનથી પોલીસપાર્ટી આવી પહોંચી. મૂળુ મેરની ધરપકડ કરી, તેને પોલીસવાનમાં બેસાડી દીધો.

ચાવડાસાહેબે પોતાને ખૂનની ધમકી આપવા સબબ મૂળુ મેરની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી દીધી. એટલે પોલીસે મૂળુ મેરને કોર્ટમાં રજૂ કરી ચાર-પાંચ દિવસ માટે રિમાન્ડ ઉપર લઈ લીધો. અને તેની સારી એવી ધોલાઈ કરી નાખી. અઠવાડિયા પછી તે જામીન ઉપર છૂટ્યો...

અત્યારે કુસ્તીદાવમાં ઊતરેલા સાહેબની છાતી રિવૉલ્વરથી વીંધી નાખવાનો તેને વિચાર આવી ગયો. તેને થયું અત્યારે મારા ખીસામાં રિવૉલ્વર હોય તો...

આઠ-દસ દિવસ પહેલાં સાહેબ ઉપર હુમલો કરવા જતાં સાહેબે તેના હાથમાંથી છરો ઝૂંટવી લઈને મુક્કો મારી તેને જે રીતે એક બાજુ ફંગોળી દીધો હતો એ નામોશીભરી ઘટના હજુ પણ સતત તેના ચિત્તમાં ઘૂંટાતી રહી હતી. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં કે ઊંઘતાં બસ સાહેબ જ તેના ચિત્તમાં... જ્યાં સુધી હું સાહેબની છાતી વીંધી નહીં નાખું ત્યાં સુધી મને જંપ નહીં વળે...

નોકરીમાંથી ડિસમિસ થઈ જવા છતાં આર્થિક રીતે તેને કોઈ પણ પ્રકારની ચિંતા નહોતી. એસટીમાંથી કટકી કરી કરીને તેણે ઘણી પ્રોપર્ટી ઊભી કરી દીધી હતી. બે બંગલા, એક ખેતીવાડી ફાર્મ અને ચાર-પાંચ ટૅક્સીનો તે માલિક બની ગયો હતો. એટલે બેઠી આવક પેટે તેને દર મહિને સહેજે ચાલીસેક હજાર મળી રહેતા હતા એટલે તેની મોજશોખ ભરેલી-ઐયાશી જીવનશૈલીમાં કોઈ ફરક પડ્યો નહોતો. હજુ પણ શહેરમાં અને એસટી કર્મચારીઓમાં તેની ધાક અને દાદાગીરીની આણ પ્રવર્તી રહી હતી.

હાલમાં તેણે ત્રણ કામ હાથ ઉપર લીધાં હતાં. પ્રથમ નોકરીમાંથી ડિસમિસ થવાના અનુસંધાને સારામાં સારો વકીલ રોકીને એસટી ખાતા વિરુદ્ધ પોતાનો કેશ લેબર કોર્ટમાં દાખલ કરાવવાનો, બીજું તેની પાસે બે-ત્રણ દેશી તમંચા હોવા છતાં ભારે કિંમત ચૂકવીને રિવૉલ્વર ખરીદી એક ‘શાર્પશૂટર’ પાસેથી નિશાન લેવાની ટ્રેનિંગ લેવાનો અને ત્રીજું ઑફિસના પટાવાળાને ફોડીને રોજેરોજના ચાવડાસાહેબના ટૂર પ્રોગ્રામોની માહિતી મેળવી તે પ્રમાણે સાહેબનો પીછો કરતા રહેવાનો.

એક દિવસ સાહેબનો પીછો કરતાં તેની મોટરનું આગળનું ટાયર ફાટતાં મોટર પલ્ટી ખાઈ ગઈ હતી અને એક ખાડામાં ઊથલી પડી હતી. આ ગંભીર અકસ્માતમાં મોટરનો ખુરદો બોલી ગયેલ, પણ તે નસીબજોગે બચી જવા પામેલ. જોકે તેનો જમણો પગ આખેઆખો ભાંગી ગયેલ અને પગમાં ગંભીર પ્રકારનું ફ્રેક્ચર થયેલ. આથી તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ થઈ જવાની ફરજ પડેલ. પગમાં સળિયો ઘુસાડી આખા પગમાં પ્લાસ્ટરનો પાટો આવેલ. આ દરમિયાન તેનાં ચિત્તમાં એક જ ‘ટેન્શન’ તોળાઈ રહ્યું હતું – પગની સારવાર લેતા લેતા ક્યાંક હું મરી જઈશ તો મારા જીવનો કોઈ

પણ રીતે છુટકારો નહીં થાય. આથી કોન્ટ્રાક્ટ કિલર મારફતે સાહેબનું ખૂન કરાવવાનો તેને વિચાર આવી ગયો. આ વિચારથી તેને થોડી વાર માટે રોમાંચની લાગણી થઈ આવી. ઊંડાણથી બધી બાજુનો વિચાર કરતાં તેને થયું, કદાચને કોન્ટ્રાક્ટ કિલર સાહેબનું ખૂન કરવામાં સફળ ન થઈ શકે તો પોતે જ જેલના સળિયા પાછળ ધકેલાઈ જાય અને કોન્ટ્રાક્ટ કિલરને સોપારી સબબ આપેલ રકમનો ખર્ચ સાવ ફોગટ જાય. એટલે પોતે હાથમાં લીધેલ કામ હંમેશ માટે અધૂરું રહી જાય એટલે આ વિચારને પડતો મૂક્યો.

મધ્ય રાત્રિના તેને એક દુઃસ્વપ્ન આવ્યું : "હૉસ્પિટલમાંથી છૂટીને મોકો જોઈને તે સાહેબનું ખૂન કરી નાખે છે. આ સબબ તેને ફાંસીની સજા થાય છે. ફાંસીના માંચડે ચડાવતાં પહેલાં જેલના અધિકારીઓ તરફથી તેને તેની અંતિમ ઇચ્છા અંગે પૃચ્છા કરવામાં આવે છે. પોતાની અંતિમ ઇચ્છા રજૂ કરતાં તે કહે છે : ભૂતકાળમાં ચાવડાસાહેબે મારા ગાલ ઉપર જોરથી મુક્કો મારી મને એક બાજુ ફંગોળી દીધેલ. આ બાબતનો મને નામોશીભર્યો ખટકો રહી ગયેલ છે. તો આ ખટકાને હું હંમેશ માટે ભૂલી જાઉં એવી જો કોઈ દવા આપની પાસે હોય તો એ મને આપો... એ દવા ગટગટાવી આ ખટકાને મારા મગજમાંથી દૂર કરી નાખું. બસ બીજી કોઈ ઇચ્છા નથી." ને તેની ઊંઘ ઊડી ગઈ. આ વખતે સ્વયં ચાવડાસાહેબનું જ તેણે ખૂન કરી નાખ્યું હોય તેવી તેને લાગણી થઈ આવી.

*

બે-અઢી માસ સુધી સારવાર લેતાં તેની તબિયતમાં ઘણો સુધારો થવા માંડ્યો હતો. આથી તે બહાર નીકળવા માટે તલપાપડ થઈ રહ્યો હતો. પણ હજુ તે સરળતાથી ચાલી શકતો ન હોઈ ડૉક્ટરો તેને દવાખાનામાંથી છૂટા થઈ જવાની અનુમતિ આપતા નહોતા. હા, તેને કાંખઘોડી રાખીને દવાખાનાની લૉબીમાં ધીમે ધીમે આંટા મારતા રહેવાની સૂચના આપેલ. આથી તેને ખાસ ઑર્ડર આપીને વજનદાર કાખઘોડી તૈયાર કરાવી નાખેલ કાખઘોડીમાં લોખંડના ચામડા જડવામાં આવેલ જેથી કરીને કાખઘોડીથી કોઈના માથા ઉપર પ્રહાર કરી તેનું ઢીમ ઢાળી શકાય. કાંખઘોડીના સહારે તેણે લૉબીમાં આંટા મારવાનું શરૂ કરી દીધેલ.

દવાખાનામાં ત્રણેક માસ પૂરા થઈ જતાં ફરીને તેણે દવાખાનાની બહાર નીકળવાની અનુમતિ માગી.

અનુમતિ આપવાની ના પાડતાં ડૉ. સાહેબે તેનો ઊધડો લઈ લીધેલ : "ભાઈ બહાર તમારે શું કામ છે ? શાંતિથી અહીં પડ્યા રહો ને !"

સાહેબની કડક સૂચનાને ધ્યાનમાં રાખી પાછા તેણે દવાખાનામાં આઠેક દિવસ પસાર કર્યા. એ પછી દર અઠવાડિયે તબિયત બતાવી જવાની સૂચના સાથે તેને દવાખાનામાંથી રજા આપવામાં આવી. હૉસ્પિટલમાં તેણે પોતાના પગની જેટલી ચિંતા

કરી હતી એથી વિશેષ ચિંતા ચાવડાસાહેબને ઠેકાણે પાડી દેવાની કરી હતી !

*

ઘરે આવ્યા બાદ તેણે આઠેક દિવસ સાવ આરામમાં પસાર કર્યા. કાંખઘોડી સિવાય તે બેચાર ડગલાં પણ ચાલી શકે તેમ નહોતો એટલે તેણે હાથમાં લીધેલ બે-ત્રણ કામો કેવી રીતે પૂરાં કરવાં તેની તેને સતત ચિંતા થવા માંડી હતી. આથી તેણે ભૂતકાળના ખાસ કહી શકાય તેવા બે મિત્રો બાબુ ગોસાઈ અને ચુની ચતવાણીની મદદ લેવાનું નક્કી કર્યું. આ બંને મિત્રો શહેરમાં બિલ્ડર તરીકેનો વ્યવસાય કરતા હતા. જરૂર પડ્યે આ ધંધામાં મૂળુ મેર પણ તે મને ઘણી મદદ કરતો રહેતો હતો. તે આ બંને મિત્રોને ફોન કરીને બોલાવવાનો હતો, ત્યાં આ બંને મિત્રો તેની ખબર કાઢવા તેના ઘરે આવી પહોંચ્યા. ખબરઅંતર પૂછ્યા બાદ આ વખતે બાબુ ગોસાઈ અને ચુની ચતવાણીએ તેને દરેક પ્રકારે મદદ કરતા રહેવાની ખાતરી આપી દીધી.

તેના પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ વ્યક્ત કરતાં બાબુ ગોસાઈએ કહી પણ દીધું : "હવે હું તમારો પડછાયો બની તમને દરેક પ્રકારની મદદ કરતો રહીશ. જ્યારે પણ મારું કામ પડે કે તરત જ મને ફોન કરી દેવો એટલે હું તરત જ તમારી પાસે હાજર થઈ જઈશ. અને તમારે બહાર જ્યાં પણ જવાની ઇચ્છા હશે ત્યાં હું તમોને મારા સ્કૂટર પાછળ બેસાડી તમારું કામ પૂરું કરાવવામાં મદદ કરીશ. મારી સેવા લેવામાં તમે કોઈ પણ પ્રકારનો ક્ષોભ-સંકોચ રાખશો નહીં.

એ જ રીતે સુની ચતવાણીએ પણ તેના પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ વ્યક્ત કરી દીધી.

બન્ને મિત્રોની વાતથી પ્રોત્સાહિત થઈને ચાવડાસાહેબ સાથેના સંઘર્ષની બધી હકીકત તેણે આ બંને મિત્રોને કહી સંભળાવી. અને બોલ્યો : "મારા વતી હવે તમારે ચાવડાસાહેબની જાસૂસી કરતા રહેવાની છે અને તે અંગેની બધી જ માહિતી મને..."

બે-ત્રણ દિવસ પછી બાબુ ગોસાઈ અને ચુની ચતવાણીએ સાહેબની જાસૂસી કરવાનું કામ શરૂ કરી દીધું. સાહેબ લૉટરી ક્લબમાં કે અન્ય જગ્યાએ મિટિંગમાં હાજરી આપવા જાય કે પછી બજારમાં કોઈ પણ પ્રકારની ખરીદી કરવા જાય આ બંને સતત તેમની પાછળ પાછળ પંદરેક દિવસ સુધી આ રીતે સાહેબનો પીછો કરતા રહેવા છતાં સાહેબ ઉપર હુમલો કરવાની કોઈ તક જ બંનેને સાંપડી શકી નહોતી

હમણા હમણા બાબુ ગોસાઈને ચાવડાસાહેબ અંગેની એક ખાસ માહિતી મળી હતી : સવારના ૫.૩૦ કે ૬ની વચ્ચે શહેરની બહાર આવેલ ખોડિયાર માતાના મંદિર સુધી એટલે કે ચાર-પાંચ કિલોમીટર સુધી સાહેબે મૉર્નિંગ વૉક કરવાનું શરૂ કરી દીધું હતું. આ વિસ્તાર લગભગ નિર્જન કહી શકાય તેવો હતો. રોજ ખોડિયાર માતાનાં દર્શન થઈ શકે એટલા માટે સાહેબે ફરવા માટે આ વિસ્તાર પસંદ કર્યો હતો.

આ વિસ્તારમાં સાહેબ ફરવા નીકળે ત્યારે પાછળથી તેમના ઉપર ટ્રક ફેરવી દઈ તેમની હત્યા કરી નાખવાનો મૂળુ મેર અને તેના બંને મિત્રોએ પ્લાન ઘડી કાઢ્યો. બીજા દિવસે નક્કી કર્યા પ્રમાણે મૂળુ મેર, બાબુ ગોસાઈ અને ચુની ચતવાણી બરાબર સજ્જ થઈને ટ્રક સાથે સવારમાં પાંચ વાગે રોડ ઉપર એક બાજુ ઊભા રહી ગયા. અડધોએક કલાક સાહેબની પ્રતીક્ષા કરવા છતાં રોડ ઉપર સાહેબનાં દર્શન ન થતાં એ ત્રણેય દ્વિધામાં પડી ગયા... કોઈ દિવસ નહીં અને આજે સાહેબ ફરવા માટે બહાર કેમ નહીં નીકળ્યા હોય ?

ફરી સાહેબની પ્રતીક્ષામાં ત્રણેએ પંદરેક મિનિટ પસાર કરી છતાં ક્યાંય સાહેબ જોવા ન મળતાં હતાશાની લાગણી અનુભવતાં એ ત્રણે ઘરે પાછા ફર્યા.

થોડી વાર પછી બાબુ ગોસાઈ અને ચુની ચતવાણી રાહદારીઓ બની સાહેબના બંગલા પાસેથી પસાર થયા અને સાવ અજાણ્યા બની બંગલા પાસે ઊભેલા ચોકીદારને પૂછ્યું : ''અમે પણ રોજ સાહેબની સાથે જ ફરવા નીકળીએ છીએ. આજે સાહેબ ફરવા માટે બહાર કેમ નીકળ્યા નહીં ?'

જવાબ આપતાં ચોકીદાર બોલ્યો : ''હા, કોઈ દિવસ સાહેબ ફરવાનું તો ચૂકે જ નહીં પણ ગત રાત્રિના અચાનક તેમની તબિયત બગડી જતાં – સ્યૂગર વધી જતાં તેમને બુચસાહેબની ગાર્ડન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.''

બીજી વિશેષ કંઈ પૃચ્છા ન કરતાં બંને મૂળુ મેરના બંગલે આવ્યા. તેને બધી હકીકત કહી સંભળાવી. હવે સાહેબની હત્યા કેવી રીતે કરવી તે અંગેની સક્રિય વિચારણા કરવામાં ત્રણેય પડી ગયા.

મળેલ માહિતી પ્રમાણે બુચસાહેબની ગાર્ડન હૉસ્પિટલ શહેરની બારોબાર આવેલ તેમના વિશાળ ફાર્મમાં વનરાજી વચ્ચે ઊભી કરવામાં આવી હતી. અહીં ખાસ તૈયાર કરવામાં આવેલ ગુલાબ ઉદ્યાનની પાસે દર્દીઓને સવારે ફરવા માટે ઘાસની એક લીલીછમ લોન પણ તૈયાર કરવામાં આવી હતી.

એક દિવસ બાબુ ગોસાઈ હૉસ્પિટલ તેમજ સાહેબ વિશેની સઘળી માહિતી એકઠી કરીને મૂળુ મેર પાસે આવ્યો. મૂળુ મેરને સઘળી માહિતી આપતાં તે બોલ્યો : ''ચાવડાસાહેબને સ્યૂગર વધી જતાં આ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મળેલ માહિતી પ્રમાણે સાહેબને સારવાર નિમિત્તે આઠેક દિવસ અહીં રોકાવું પડે તેમ છે. બીજી એ પણ માહિતી મળી છે કે હૉસ્પિટલમાં વહેલી સવારમાં રોજ ચાવડાસાહેબ તૈયાર કરવામાં આવેલ ઘાસની લોન ઉપર ફરવા નીકળે છે !''

આ બધી હકીકતને ધ્યાનમાં રાખી સવારમાં લોન ઉપર સાહેબ ફરવા નીકળે એ દરમિયાન રિવૉલ્વરથી ફાયરિંગ ન કરવાને બદલે સાહેબના માથા ઉપર કાંખઘોડીના ત્રણ-ચાર પ્રહારો કરી તેમની હત્યા કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આજે સવારમાં મૂળુ મેર અને ચુની ચતવાણીસાહેબની હત્યા કરી નાખવા માટે બુચસાહેબની હૉસ્પિટલે જવાની તૈયારી કરી રહ્યા હતા... ત્યાં હૉસ્પિટલમાં સાહેબની જાસૂસી કરતો બાબુ ગોસાઈ સ્કૂટર ઉપર દોડી આવ્યો ને મૂળુ મેરના બંગલામાં પ્રવેશતાં તેને અભિનંદન આપતા બોલ્યો : ''મૂળુભાઈ, તમારું કામ કુદરતે જ પૂરું કરી નાખ્યું...''

બાબુ ગોસાઈ વિશેષ કંઈ પણ સ્પષ્ટતા કરે એ પહેલાં જ મૂળુ મેર પૂછી બેઠો : ''એટલે તું શું કેવા માગે છે ?''

સ્પષ્ટતા કરતાં બાબુ ગોસાઈ બોલ્યો : ''વહેલી સવારમાં સાહેબને તીવ્ર હૃદયરોગનો હુમલો આવી જતાં તેમનું અવસાન થઈ ગયું...''

આંચકો અનુભવતાં મૂળુ મેર બોલી ઊઠ્યો : ''હેં... શું કહ્યું ? ચાવડાસાહેબનું અવસાન ?'' ને તેને બે-ત્રણ ઊલટીઓ થઈ આવી છાતીમાં ગભરામણ થતા. ને ચક્કર જેવું લાગતા તે નીચે બેસવા જતો હતો ત્યાં જમીન ઉપર ઢળી પડ્યો. તરત જ તેને બુચસાહેબની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ડૉક્ટરોના જણાવ્યા પ્રમાણે તીવ્ર હૃદયરોગના હુમલામાં તેનું અવસાન થઈ ગયું હતું.

બાબુ ગોસાઈ અને ચુની ચતવાણી સાથે વાત કરતાં મૂળુ મેરના નજીકના કેટલાક કુટુંબીઓ ભારે સ્વરે બોલી ઊઠ્યા : ''મૂળુને નખમાંય રોગ નહોતો... ને તેને જ હૃદયરોગનો હુમલો...!''

18

---

## સાભાર નોંધ

### (પ્રકીર્ણ)

(૧૦૧) વ્યથાની કથા : શરીફા વીજળીવાળા, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૨૨+૨૭૪, રૂ. ૨૭૨/- (૧૦૨) યૌગિક બંધ અને મુદ્રા : ભાણદેવ, ૨૦૧૪, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૦+૧૧૦, રૂ. ૧૧૦/- (૧૦૩) અધ્યાત્મક રહસ્ય : ભાણદેવ ૨૦૧૪, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૧૪૪, રૂ. ૧૩૫/- (૧૦૪) અંતરંગ યોગ : ભાણદેવ, ૨૦૧૪, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮+૧૪૪, રૂ. ૧૫૦/-

# કુદરતની કળા ન્યારી છે

કિશોરસિંહ સોલંકી

મારા અભણ પિતા માળા ફેરવતાં-ફેરવતાં કહેતા : 'બેટા, કુદરતની કળા ન્યારી છે.' જગતનો દરેક જણ પણ એ જ કહેતો હોય છે. કુદરત રીઝે અને કુદરત રૂઠે ત્યારે કેવાં પરિણામ આવતાં હોય છે, એનો આપણને સૌને ઓછાવત્તા પ્રમાણમાં અનુભવ છે જ. આઠ-દસ સેકન્ડના ધ્રુજારાથી બધું હતું–નહોતું થઈ જાય, એકાએક દરિયો સુનામીમાં પલટાઈ જાય. કોઈ ગુમાનમાં ઘૂમનારનો પત્તો જ ન લાગે. તેથી કહેવાય છે કે, કુદરતની કળા ન્યારી છે. આપણા એક કવિએ કહ્યું જ છે : 'ગજ-કાતર લઈને બેઠા દરજી તો દીનદયાળ / વધે ઘટે તેને કરે બરાબર સૌની લે સંભાળ.' આ સંભાળ લેનાર 'એ' કોણ છે ? ક્યારે, ક્યાં કેવી રીતે, કેવા સ્વરૂપે એ આવશે તે કહી શકાય નહિ. ભલે એ દેખાય નહિ પણ એની અનુભૂતિ કે અનુભવ થાય ત્યારે જ આપણને એની શક્તિનો અહેસાસ થતો હોય છે.

અત્યારે ચૈત્ર મહિનો ચાલે છે. આ માસના દેવ દિવાકર છે. **चित + रा:** 'ચેતના આપનાર' એવો આ માસ છે. દિવાકર પોતાનાં કિરણોનો ભરાયેલો કળશ પૃથ્વીશિરે ઢોળી રહ્યા છે, સમગ્ર વનશ્રીને ચેતનથી પ્રફુલ્લિત કરી રહ્યા છે. એ જ રીતે સમસ્ત વૃક્ષો-છોડ-વેલીઓ દિવાકરનું સ્વાગત કરવા થનગની રહ્યાં છે. ભાઈ, આ તો વસંતનું આગમન. શ્રીકૃષ્ણને પણ કહેવું પડે : **ऋतुनाम कुसुमाकर:** । મુલાયમ કૂંપળો અને ફૂલોમાં આળોટતી વસંત કોને ન ગમે ? શકપ્રવર્તક શાલિવાહને પણ પોતાના વર્ષની શરૂઆત ચૈત્રથી જ કરી છે.

ચૈત્રનો સ્વભાવ જ સૃષ્ટિને સાજ સજાવવાનો છે. ચોરીનો ધુમાડો અડતાં જ કોઈ કુંવારી કન્યા પ્રગલ્ભા બની જાય છે એમ ચૈત્રનો તડકો અડ્યો નથી કે વૃક્ષો નવી કૂંપળો-પર્ણો ધારણ કરીને, અંતરને ઓગાળીને જાણે ફૂલોની પ્રસૂતિ કરાવતાં ન હોય ! 'પીંપળ પાન ખરંતાં, હસતી કૂંપળિયાં / મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.'

મોગરો, જૂઈ, ગુલાબ કે પારિજાત તો ખીલે જ પણ અહીં તો સમગ્ર વનશ્રી પોતાનાં જૂનાં વસ્ત્રો ખંખેરીને નવાં પર્ણવસ્ત્રો ધારણ કરવાની તડામાર તૈયારીમાં પડી છે. બળબળતા તડકા સામે ક્રોધાયમાન થતો હોય એમ આંખો કાઢીને ફૂલડાં ઝુલાવતો ગુલમ્હોર ઝૂલી રહ્યો છે. પૃથ્વીના પટે અનંતરૂપિણી પ્રકૃતિનાં રૂપ તો બદલાતાં જ રહે છે એને પામતા-અનુભવતા સાંજે પાંચ વાગે માનગઢથી દીવડી વી.આઈ.પી. રેસ્ટ હાઉસમાં આવી પહોંચ્યા.

આખા દિવસનો માથે લીધેલો તડકો, ઊડતી ધૂળ અને ઉઘાડા ડુંગરોના પરસેવાની

ગંધને ધોઈને સાડા-પાંચે અમે નીકળી પડ્યા કડાણા ડેમની સાઇટ તરફ. કડાણા જળાશય યોજના જોયેલી છે પણ અમારી પાસે સમય હતો; જોવા-માણવાનો લ્હાવો લેવો હતો; સાંજ માણવી હતી. એનાથી વિશેષ તો 'મારે મહી સાગરને તીર... ઢોલ' વગાડવો હતો.

મહી નદી પર કુલ ત્રણ ડેમ બંધાયેલા છે : રાજસ્થાનના વાંસવાડા જિલ્લામાં માહી ડેમ, ગુજરાતમાં કડાણા અને વણાકબોરી. કડાણા ડેમના ૨૧ દરવાજા છે, વિદ્યુતનાં ૨૪૦ મે. વો.નાં ચાર યુનિટ છે. અત્યારે ૬૦ મે.વો.નું એક યુનિટ ચાલતું હતું. ડેમના પાણીની સપાટી ૪૧૯ ફૂટ નક્કી કરેલ છે, અત્યારે ૪૧૦ ફૂટ પાણી છે. ડેમના બરાબર સામેના છેડે 'સુઝલામ-સુફલામ' ૩૩૭ કિ.મી.ની રિચાર્જ યોજના બનાવેલી છે. એની પાસે જમણી બાજુ અંધારી પાંડોર નામે ગામ આવેલું છે. જળાશયની ઉત્તરમાં અંધારી વાઘડિયા આવેલું છે. ત્યાંના લોકો દીવડી તરફ આવ-જા માટે આંદામાનના ટાપુઓની જેમ પોતાની હોડીનો ઉપયોગ કરે છે. ડેમના બન્ને દરવાજે ચાર ચાર સિક્યુરિટીવાળા ચોવીસે કલાક ફરજ બજાવતા હોય છે. સુઝલામ-સુફલામ પહેલાં પર્વત કોરીને જળાશયનું વધારાનું પાણી કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આટલી માહિતી પછી જાતનિરીક્ષણ કરવા માટે અશ્વિનસિંહ પુવાર, જયકરભાઈ પુરોહિત, પ્રા. રમણભાઈ પટેલ અને ત્યાંના એન્જિ. પટેલ સાથે આગળ વધ્યા. ગાડીમાં બેસી ડેમ ઉપર થઈને પહાડની પાછળના ભાગે રસ્તો બનાવ્યો છે ત્યાં થઈને આગળ ગયા.

અત્યારે અરણ્યમાં સંક્રાંતિકાળ ચાલી રહ્યો છે. પાનખરનું ગમન અને વસંતનું આગમન. વૃક્ષોના થડમાં ઢગલેઢગલા સૂક્કાં પાંદડાં પડ્યાં છે. એના ઉપરથી દોડતા મોરના પગનો અવાજ પ્રાણીઓ જેવો લાગે છે. અહીં જંગલખાતા દ્વારા ઉગાડેલાં વૃક્ષો પર્ણવિહીન ઊભાં છે. રસ્તામાં પણ સૂકાં પાંદડાંનું સામ્રાજ્ય છે. કપાયેલા ડુંગરાના પથ્થરો તાકી રહ્યા છે. પથ્થર અને ખરેલાં પર્ણોનો રંગ એકમેકમાં ભળી જાય છે.

સુઝલામ-સુફલામના દરવાજા ઉપર ઊભા હતા ત્યારે દૂર દૂર જતી નહેરને જોવાનો આનંદ આવતો હતો. અંધારી પાંડોરના કેટલાક યુવાનો પાણીમાં જાળ નાખીને ઊભા હતા. ખેતરમાં ઊગતી શાકભાજી તો ક્યાંથી લાવવી ? તરફડતી તાજી શાકભાજી મેળવવાની મથામણ કરતા હતા.

અમે માનવસર્જિત કરામત જોઈ રહ્યા હતા ત્યાં પશ્ચિમ દિશાએ કુદરતસર્જિત કરામત દેખાઈ રહી હતી. ઘનઘોર આકાશ ઘેરાયેલું લાગ્યું. એ ઝડપથી આગળ વધી રહ્યું હતું. અમને લાગ્યું કે હમણાં મુશળધાર વરસાદ તૂટી પડશે. એ માત્ર વાદળ હોય એવું લાગ્યું નહિ, એમાં ભારોભાર ભૂખરાશ પણ હતી. વાદળની ગતિ ધીમી હોય પણ આ મેઘાડંબરની ગતિ તો અકલ્પનીય હતી. અમે ગાડીમાં ગોઠવાઈએ એ પહેલાં તો એનો પ્રથમ હુમલો થયો. 'પહેલો ઘા રાણાનો' એ ન્યાયે કેટલાંક વૃક્ષોનાં તો આંતરડાં જ બહાર નીકળી ગયાં. પહાડની ટોચે ઊભેલાં તો કડડભૂસ થઈને નીચે આવ્યાં. અમારી

પાસે પજેરો ગાડી હતી. જો નાની હોત તો જળાશયમાં હોડી બની ગઈ હોત.

કોઈને પણ સચેત કર્યા વિનાનું આ ખતરનાક આક્રમણ હતું. રસ્તો થોભી ગયો. બે ફૂટથી આગળ દેખાય જ નહિ. દિવાકર પણ ખોવાઈ ગયા. આ કેવું તોફાન ? સૂકાં પાંદડાં અને ધૂળ પણ જીવતાં થઈ ગયાં હતાં. પંખીઓનાં ટોળાંની જેમ પાંદડાં આકાશે ઊડતાં હતાં. પંખીઓનો આર્તનાદ અને મોરની ચીસો વાતાવરણને ગંભીર બનાવતાં હતાં.

અમે ધીમેથી આગળ વધવાની મથામણમાં પડ્યા. આ જંગલમાં ઊભેલાં કણજી, ખાખરા, સાગ, ટીમ્બરુ, સાળી, સેવન અને આકડીયા ધૂણતા હતા. કોઈ માતાની રમૅણ હોય, હાકોટા-છાકોટા થતા હોય, ડાકલાં ડહડહાટ કરતાં હોય, ભૂવાઓના માથેથી ફાળિયાં ફેંકાઈ ગયાં હોય અને માથાના લાંબા વાળ છૂટા પડી ગયા હોય એનાથી પણ ભયાનક રીતે કુદરત ધૂણી રહી હતી. ધૂળની સાથે કાંટા-કાંકરા સૌને આંતરી રહ્યા હતા. પર્ણવિહીન વૃક્ષો પણ બિચારાં-બાપડાં બનીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને થાકી ગયાં હતાં. વાંદરાંઓએ વૃક્ષો છોડી દીધાં હતાં; પથ્થરની શિલાઓની આડશે ગોઠવાઈ ગયાં હતાં. પંખીઓએ ઊડવાની હામ ખોઈ દીધી હતી. આખું જંગલ જાણે ઊડવાની હરીફાઈ કરતું હોય એવું લાગતું હતું. કેટલાંયે કપાયેલાં જાળાં તો વૃક્ષોની ટોચે જઈને ઊભાં હતાં. ઊંચાં વૃક્ષો તો એની ધકલ જ ખોઈ બેઠાં હતાં, કેટલાંક અકાળે મોતને ભેટ્યાં હતાં. જાડી જાડી ડાળીઓ બટકાઈને ફંગોળાતી હતી. વસંતમાં ફૂટેલી કૂંપળો અને લીલાં પર્ણ ડાળીઓની કાયમી વિદાય લઈ રહ્યાં હતાં. નીલગાયોયે પણ ગભરાઈને ખુલ્લામાં આશરો લીધો હતો.

અમે પહાડની પડખેનો રસ્તો કાપતાં આવી ગયા ડેમના આ બાજુના દરવાજા પાસે. હવે ડેમ ઉપર થઈને સામેના છેડે જવાનું હતું. અમારા આશ્ચર્ય વચ્ચે કડાણાના જળાશયનાં શાંત જળને પણ પાંખો આવી હતી. ત્રણથી ચાર ફૂટ પાણી ઊછળતાં હતાં. જાણે દરિયો હેલે ચડ્યો ન હોય ! ડેમ ઉપર કામ કરતા મજૂરો લોખંડના ગડર નીચે દબાઈને બેસી ગયા હતા. વિદ્યુત બોર્ડના ટ્રકમાં જે લોકો કામ માટે આવ્યા હતા એમનાં કપડાં અને વસ્તુઓ હવામાં ફંગોળાઈને નદીના પ્રવાહમાં પહોંચી ગયાં હતાં. અમે માંડ માંડ ડેમ ઉપરથી સામેના છેડે નીચે ઊતર્યા ! ખુલ્લામાં ગાડી ઊભી રાખી.

અહીં જે ચા-નાસ્તાના સ્ટૉલ અને નાની દુકાનો હતી એનો કોઈ જ અંદાજ નહોતો. છાપરાં તો ઊડીને આંખોથી ઓઝલ થઈ ગયાં હતાં; પતરાંનો પત્તો જ રહ્યો નહોતો. મોટાં મોટાં વૃક્ષો તો તૂટીને નીચે પટકાઈ ગયાં હતાં. રસ્તા પરના ગાંડા બાવળ પથરાઈ ગયા હતા. અમે એમાંથી સાચવી, ગાડી ઉપર કોઈ ઝાડ પડે નહિ એ રીતે આગળ વધ્યા. તૂટેલાં ડાળાં રસ્તામાં દોડતાં હતાં. ધીમે ધીમે વરસાદ શરૂ થયો, થોડી વાર પછી મોટાં ફોરાં પડવા માંડ્યાં. ક્યાંક સફેદ કરા પણ દેખાવા લાગ્યા. આમ, અચાનક

આ બધું શું થઈ ગયું ?

પવનનું જોર ધીમું પડ્યું. અમે રસ્તામાંથી ડાળાંને ખસેડતા – માર્ગ કરતા આવી ગયા રેસ્ટહાઉસના દરવાજે ! આ રેસ્ટહાઉસ એક વખતના કડાણાના ઠાકોરસાહેબનો ડાકબંગલો હતો. કોઈ બહારથી રાજા-મહારાજા કે મહેમાન આવે તો એનો ઉતારો અહીં આપવામાં આવતો. જ્યારે પોતે શિકાર કરવા જતા ત્યારે પણ રાતવાસો અહીં કરતા. ક્યારેક નાની-મોટી મિટિંગો પણ અહીં થતી; એ આ સિંચાઈનું રેસ્ટહાઉસ ખાસ્સી જગ્યામાં વિસ્તરેલું છે. અહીં આંબા, સરુ, સેવન, લીમડા, વડ, આસોપાલવ અને નરગીસનાં તોતિંગ વૃક્ષો ઊભેલાં છે. બરાબર સામે જ કલેશ્વરીની ટેકરી છે. સો વર્ષથી પણ જૂનાં કેટલાંક વૃક્ષો વાદળ સાથે વાતો કરતાં હોય એવું લાગે. એમાંય રેસ્ટહાઉસના દરવાજાની બરાબર સામે ઊભેલું વિશાળકાય નરગીસનું જૂનામાં જૂનું વૃક્ષ, જે સો-દોઢસો ફૂટ ઊંચું હશે એ મૂળિયાં સમેત ઊખડીને નીચે પડી ગયું હતું. જાણે આખી વિરાસત વિખરાઈ ગઈ ન હોય ! રેસ્ટહાઉસમાં પ્રવેશવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. સરુ, સેવન, લીમડા અને આંબા તૂટી-ફૂટીને રગદોળાઈ ગયાં હતાં. જતાં પહેલાં કિલ્લોલ કરતાં પંખીઓનો કલરવ અને પવનમાં ડોલતી આ વૃક્ષોની ડાળીઓ બટકાઈ ગઈ હતી. ડેમ પર જઈને પાછા આવતાં સુધીમાં તો બધું જ ખેદાન-મેદાન થઈ ગયું હતું.

ગાડી બહાર મૂકી ભીંજાતા અંદર આવ્યા. અહીં પણ આફત સામે જ ઊભી હતી. આખું રેસ્ટહાઉસ પાનખરનાં પાંદડાંથી ભરાઈ ગયું હતું. આજુબાજુનો બધો જ કચરો અહીં ભરાઈ ગયો હતો. પાછળનો જૂનો ભાગ હતો એનાં પતરાં ઊડી ગયાં હતાં. ઓખા વિસ્તારમાં વિદ્યુત બોર્ડનો એક પણ થાંભલો ઊભો રહી શક્યો નહોતો. અંધારિયા યુગમાં પ્રવેશવાની અમે બધી જ તૈયારી કરી લીધી. પરિસ્થિતિ વિકટ હતી.

કુદરતનો કોપ કેવો ખતરનાક છે એનો જાતઅનુભવ કરતા હતા. મને દુઃખ તો એ વાતનું હતું કે, આ વૃક્ષોની ઘટાટોપ ડાળીએ – પાંદડેપાંદડે જે પંખીઓ રાતવાસો કરતાં હતાં એમનો આશરો કાયમ માટે છિનવાઈ ગયો હતો. અમે આ પહેલાં પણ અહીં રોકાયેલા છીએ. સંધ્યાના સમયે પંખીઓનો કલરવ માણવો એ પણ એક લ્હાવો હતો. આજે એ પંખીઓની ઊડાઊડ-ચીસાચીસ આપણું કાળજું કંપાવી નાખે એવી હતી. અંધારાના ઓળા ઊતરતા હતા. આશરો ક્યાં લેવો ? કેવી રીતે લેવો ? દિવસે તો ગમે તે ડાળ ગોતી લેવાય, પણ અત્યારે ? જેનું માથેથી છાપરું જતું રહે એને જ એની ખબર પડે. અમદાવાદમાં સાબરમતી રિવર ફ્રન્ટ માટે જ્યારે ઝૂંપડપટ્ટી તોડી પાડવામાં આવી ત્યારે વરસતા વરસાદમાં બાળકોની દશા જોઈને મારી આંખો ભરાઈ આવેલી. આ તો અતિ વિકટ કુદરતનો કોપ હતો. ઉઝરડી નાખ્યું હતું બધું જ ! અડધા કલાકથી પણ ઓછા સમયમાં આ શું બની ગયું ? હા, ડિસ્કવરી કે નૅશનલ જિયોગ્રાફીમાં પરદેશના ટોરનેડો જોયેલાં, એવો જ આજનો અમારો અનુભવ હતો.

વાગોળનાં ટોળેટોળાં ઊડાઊડ કરતાં હતાં. ઊંચી ડાળીએ ઊંધા લટકવાનું એમનું સુખ કાયમ માટે છીનવાઈ ગયું હતું. સાંજે પંખીઓનો મેળો ભરાતો. આજે બધું જ સૂમસામ હતું. અંધારું ગાઢ થતું જતું હતું. ન લાઇટ, ન દીવડું, ન મીણબત્તી, ન બૅટરી - જાઓ તો જાઓ ક્યાં ? થોડી થોડી વારે આકાશમાં ઝબકારો થાય, એ જ આગિયા ચમકવા લાગ્યા. થોડા થોડા અંતરે એકબીજાની ખરાઈ કરવા મોરના ટહુકા સંભળાતા હતા. અમારું જમવાનું તો તોફાન આવ્યું એ પહેલાં બની ગયું હતું. જમવું ક્યાં અને કેવી રીતે ? થૅન્ક્સ મોબાઇલ ! મોબાઇલના અજવાળે ભોજનિયાં પીરસાયાં રે લોલ. થોડી વાર પછી ફાંફાં મારતા મારતા રૂમમાં જઈને ઢબૂરાઈ ગયા.

*

બીજા દિવસની વેરવિખેર પથરાયેલી સવાર. અસ્તવ્યસ્ત થઈ ગયેલા વન-જન-જીવન પર સોનેરી ચાદર પાથરતી સવાર... પંખીઓની વેદનામાં ચીખતી સવાર... ખંડિત થઈ ગયેલાં વૃક્ષોને પંપાળતી સવાર...

આકાશમાં હડીઓ કાઢતાં વાદળોનો ઝરમરાટ ચાલુ હતો. મોટા ભાગનાં વૃક્ષોના હાથ-પગ તૂટીને નીચે પડ્યા હતા. ઊંચી ટોચે બેઠેલો મધપૂડો ભોંયભેગો થઈ ગયો હતો. કલેશ્વરીની ટેકરી ઉપર ચૈત્રના દિવાકરનાં કિરણોએ વધાઈ આપી. વરસાદથી ભીંજાયેલા તડકાની કડકાઈ ઢીલી પડી ગઈ હતી. એક દિવસમાં તો કેવું બધું બદલાઈ ગયું ? આપણને પ્રશ્ન થાય કે, ચૈત્રમાં ચોમાસું ક્યાંથી ? ભાઈ, કુદરતની કળા ન્યારી છે.

18

---

## સાભાર નોંધ

### (કવિતા)

(૧૦૫) સૂર્યના હસ્તાક્ષરો : દિવ્યા રાજેશ મોદી, ૨૦૧૩, પ્રકાશક : રાજેશ મોદી, ૧૦૨/બી, સૂર્યરથ એપાર્ટમેન્ટ, સરદાર બ્રિજ પાસે, અડાજણ રોડ, સુરત, પૃ. ૯૬, રૂ. ૧૨૦/- (૧૦૬) જે તરફ તું લઈ જશે : રાકેશ હાંસલિયા, ૨૦૧૪ લેખન પોતે : 'સૌમ્ય', સિલ્વર ગોલ્ડ રેસિડેન્સી-૩, બ્લૉક નં.૧૬, નાનામવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, પૃ. ૧૧૨, રૂ. ૧૦૧/- (૧૦૭) મૌનને તટ : શંભુપ્રસાદ જોષી, ૨૦૧૪, કવિલોક ટ્રસ્ટ, અમદાવાદ, પૃ. ૮૦, રૂ. ૭૫/- (૧૦૮) એક લીલી પળ અતીતની : કિશોર મોદી, ૨૦૧૨, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૧૨, રૂ. ૧૦૦/- (૧૦૯) હે સખી ! તું રક્તમાં મારા વહે છે : દિલીપ મોદી, ૨૦૧૪, સાહિત્ય સંકુલ, પૃ. ૧૦+૧૦૨, રૂ. ૧૦૫/-

## કશું જ નથી જાણવું – એવી હઠ | પીટર બિસ્કેલ; અનુ. રમણ સોની

'મારે હવે કશું જ જાણવું નથી', જેને હવે કશું જ જાણવાની ઇચ્છા ન હતી એવા એક માણસે કહ્યું.

જેને હવે કશું જ જાણવાની ઇચ્છા ન હતી એવા એક માણસે કહ્યું : 'મારે હવે કશું જ જાણવું નથી.'

આમ કહેવું બહુ સહેલું હતું.

આમ કહેવું બહુ જ સહેલું હતું.

ટેલિફોન ક્યારનો રણકતો હતો.

હવે ખરેખર તો એ ભાઈએ ટેલિફોનના વાયર દીવાલમાંથી ઉતરડી નાખવા જોઈતાં હતા કેમ કે એ હવે કશું જાણવા માગતા ન હતા. છતાં, એમ ન કરતાં, એમણે તો ટેલિફોન લીધો અને કહ્યું, 'હું – બોલું છું.'

'ગૂડ મૉર્નિંગ', સામેવાળાએ કહ્યું.

અને આ ભાઈએ પણ કહ્યું : 'ગૂડ મૉર્નિંગ.'

'બહુ જ સરસ મોસમ છે, કેમ !' પેલા ભાઈએ કહ્યું.

આ ભાઈએ એમ ન કહ્યું કે મારે મોસમ વિશે કશું જાણવું નથી. ઊલટું એમણે તો વળતાં કહ્યું : 'હા, ખરેખર, ખૂબ સુંદર વાતાવરણ છે.

પેલાએ બીજું કશુંક કહ્યું.

આપણે પણ બીજું કંઈક કહ્યું.

અને પછી એમણે ટેલિફોન મૂકી દીધો પણ પોતાની જાત પર બહુ જ ગુસ્સે થયા કેમ કે હવે તેમણે 'જાણ્યું' કે મોસમ બહુ સરસ છે.

અને હવે તો એમણે ટેલિફોનના વાયર ખેંચી જ નાખ્યા અને ઘાંટો પાડ્યો : હવે મારે કંઈ કહેતાં કંઈ જાણવું નથી, મારે એ બધું ભૂલી જવું છે.'

આમ કહેવું પણ બહુ સહેલું હતું.

આમ કહેવું પણ બહુ જ સહેલું હતું.

બારીમાંથી દેખાયું કે સૂરજ ઊગ્યો છે. ને જ્યારે સૂરજ દેખાય ત્યારે માણસને જાણ થાય કે મોસમ સુંદર છે.

આ ભાઈએ બારી વાસી દીધી. પણ એની કાચની તકતીઓમાંથી સૂરજનાં કિરણ અંદર આવતાં હતાં.

એ ઊઠ્યા. કાગળ લઈ આવ્યા. ને બારીના કાચ પર ચોડી દીધો. અંધારું કરીને

બેઠા.

અને એમ જ લાંબો સમય બેસી રહ્યા. એમનાં પત્ની અંદર આવ્યાં ને સાવ જ અંધારું જોઈને સ્હેજ ગભરાઈ ગયાં : 'અરે, આ બધું બંધ કેમ કર્યું છે ?!'

'એ બધું સૂરજને બહાર રાખવા માટે કર્યું છે.'

'આમ તો પછી પ્રકાશ જ જોવા નહીં મળે.'

'હા, એ તકલીફ ખરી', એમણે કહ્યું, 'આમ કરવાથી સૂર્યપ્રકાશ નહીં જોવા મળે ને સાવ અંધારું રહેશે. ખરું. પણ કમ સે કમ હું એ 'જાણવા'માંથી તો બચીશ ને કે 'વાતાવરણ સરસ છે ?'

'પણ તમને સારા વાતાવરણની સામે વાંધો શો છે ?' પત્નીએ પૂછ્યું, 'અરે, વાતાવરણ સારું હોય તો એથી લોકોમાં સ્ફૂર્તિ આવે છે !'

'જો, મને સારા વાતાવરણ સામે કોઈ જ વાંધો નથી.' એમણે કહ્યું, 'અરે, કોઈ જ પ્રકારના વાતાવરણ સાથે મારે કશી લેવાદેવા નથી. ફક્ત એટલું જ કે મારે એ સારું છે કે ખરાબ છે – એમાંથી કશું 'જાણવું' જ નથી !'

એમનાં પત્નીએ કહ્યું, 'ભલે એમ. પણ આ લાઇટ તો ચાલુ કરો !' ને એ લાઇટ ચાલુ કરવા ગયાં પણ આ ભાઈએ તો લૅમ્પના વાયર જ ખેંચી કાઢ્યા ને બોલ્યા : 'ના, મારે લાઇટ-સુધ્ધાં વિશે જાણવું નથી. મારે એય નથી જાણવું કે અંધારું હોય ત્યારે પ્રકાશ માટે તું લાઇટ ચાલુ કરી શકે છે.'

અને આવું સાંભળતાં જ એમનાં પત્ની તો એકદમ રડી પડ્યાં.

એ બોલ્યા : 'જો. મારે છે ને તે હવેથી કંઈ કહેતાં કંઈ જાણવું નથી.'

એમનાં પત્નીને આ કશું જ સમજાયું નહીં ને એ પતિને અંધારામાં બેઠા રહેલા દઈને બહાર નીકળી ગયાં.

અને મહાશય અંધારામાં જ લાંબો સમય બેસી રહ્યા.

બહારથી કોઈ એમને મળવા આવે ને પૂછે કે, ભાઈશ્રી ક્યાં છે તો આ બહેન બધું કહેવા લાગે : 'જુઓને, આવું આવું છે. એ અંધારે જ બેસી રહે છે, આખો વખત, કેમ કે એ હવે કશું જ 'જાણવા' માગતા નથી, સમજ્યા ને ?'

'કઈ બાબત તે હવેથી જાણવા માગતા નથી ?' પેલા લોકોએ પૂછ્યું. ને પત્નીએ કહ્યું કે, 'કોઈ પણ બાબત. હવે એ કોઈ પણ બાબત, કશું જ, જાણવા માગતા નથી. નજરે પડે એ કશા જ વિશે એ જાણવા માગતા નથી – જેમ કે, વાતાવરણ કેવું છે, સારું છે કે નરસું છે, એવી કોઈ પણ બાબત. અને વળી, દાખલા તરીકે, કોઈ કશું કંઈ બોલે તો એ 'વાત' પણ એ જાણવા માગતા નથી. અને એટલું જ નહીં, એ પોતે શું જાણે છે, એ સુધ્ધાં એ જાણવા માગતા નથી ! આવું બધું છે, કહો !'

'ઓહો, એવું બધું છે, એમ !' એમ બોલીને પેલા આવનાર જતા રહે. ફરી કદી

આવે નહીં.

અને પેલા ભાઈ તો અંધારામાં જ બેસી રહેતા.

*

એમનાં પત્ની એમને માટે જમવાનું લઈને આવ્યાં. પૂછ્યું : 'હવે તમે શું શું 'નથી જાણતા' ?'

'અરે, હજુ તો હું બધું જ જાણું છું !' એ પોતે ખૂબ જ હતાશ થઈ ગયા હતા, કે હજુ તો પોતે બધું 'જાણે' છે.

એમનાં પત્નીએ એમને સ્હેજ દિલાસો આપ્યો : 'પણ હવે તમે એ તો નથી જ જાણતા ને કે, વાતાવરણ કેવું છે ?'

એમણે કહ્યું : 'ખરું. વાતાવરણ હાલ કેવું છે એ હું જાણતો નથી એ બરાબર. પણ વાતાવરણ કેવું હોઈ શકે એ તો જાણું છું ને ! મને હજુ યાદ આવે છે વરસાદી મોસમ, ને યાદ આવે છે ઊજળા હૂંફાળા તડકાના દિવસો...'

'તમે એ બધું પણ ભૂલી જવાના', એમનાં પત્નીએ કહ્યું.

'અરે ભાઈ, એ કહેવું બહુ સહેલું છે, બહુ જ સહેલું છે', એ બોલ્યા. અને એ અંધારામાં જ રહેવા લાગ્યા, ને એમનાં પત્ની દરરોજ ત્યાં જ જમવાનું લાવવા માંડ્યાં. એ થાળીમાં જુએ અને બોલે, 'હું જાણું છું કે આ બટાકાં છે, ને હું એ પણ જાણું છું કે આ માંસ છે, અને જાણું છું કે આ કચુંબર છે... એટલે આનો કંઈ મતલબ નથી. હું હંમેશાં બધું જાણતો જ રહેવાનો. અરે, હું બોલું છું તે એકેએક શબ્દ પણ હું જાણું છું.'

એમનાં પત્નીએ પૂછ્યું, 'અચ્છા, તમે બીજું શું શું જાણો છો ?' ત્યારે એમણે કહ્યું કે, 'પહેલાં કરતાંયે વધુ જાણું છું. સારું વાતાવરણ એટલે શું અને ખરાબ વાતાવરણ એટલે શું – એટલું જ નહીં, વાતાવરણનો સદંતર અભાવ એટલે શું એય હું હવે જાણું છું ! હું એ પણ જાણું છું કે આ અંધારું છે, ને ત્યારે વળી એ પણ જાણું છું કે અત્યારે પૂરેપૂરું અંધારું નથી...'

'પરંતુ તમે જાણતા જ ન હોવ, એવી બાબતો પણ છે જ.' અને એમ કહીને એમનાં પત્ની જવા લાગ્યાં ત્યારે એમણે તેમને રોક્યાં.

એટલે એમનાં પત્ની કહે, 'હું એમ કહેવા માગું છું કે 'સારી મોસમ' એ શબ્દો ચીની ભાષામાં કેવી રીતે બોલાતા હશે એ તો તમે જાણતા જ નથી ને !' અને બારણું ધકેલીને એ જતાં રહ્યાં.

અને પછી આ હું-કંઈ-જાણવા-માગતો નથીવાળા ભાઈ બહુ ઊંડા વિચારમાં પડી ગયા. એમને ખરેખર ચીની ભાષા આવડતી ન હતી. એટલે પછી એમ કહેવાનો અર્થ રહ્યો નહીં કે 'હું હવે કશું જાણવા માગતો નથી' કેમ કે જે જાણ્યું જ ન હોય એના

વિશે તો 'હવે હું જાણવા માગતો નથી' એવું શી રીતે કહી શકાય !

'એટલે સૌથી પહેલાં તો મારે એ જાણવું જોઈએ કે હું શું શું નથી જાણતો...' એ મોટેથી બોલી ઊઠ્યા. બારી પરનો કાગળ એમણે ઉખેડી નાખ્યો. બારી ખોલી નાખી ! બહાર વરસાદ પડતો હતો... એ જોઈ જ રહ્યા.

પછી એ બજારમાં ગયા. ચીની ભાષા શીખવાની ચોપડીઓ લઈ આવ્યા. દિવસો સુધી, પોતાના એકાંત ઓરડામાં બેસીને ચીની ભાષા શીખવા લાગ્યા, કાગળોમાં ચીની લિપિના અક્ષરો ચીતરવા લાગ્યા.

અને વળી કેટલાક ઓળખીતાઓ એમને મળવા આવ્યા ત્યારે એમનાં પત્નીએ કહ્યું : 'જુઓને, એ હવે ચીની ભાષા શીખી રહ્યા છે. આવું ચાલે છે, સમજ્યા ને !'

એ લોકો ગયા. ફરી મળવા આવ્યા નહીં.

*

આ ભાઈને ચીની ભાષા શીખતાં મહિનાઓ લાગ્યા. પણ છેવટે એમણે એ ભાષા શીખી લીધી. પછી કહે –

'પણ હજુ તો હું બીજું ઘણું જાણતો. મારે એ બધું જાણી લેવું જોઈએ. એ પછી જ હું કહી શકીશ કે મારે એ બધું હવે બિલકુલ જાણવું નથી.'

મારે જાણવું પડશે કે વાઇનનો સ્વાદ શેના જેવા છે. મારે જાણવું જોઈએ કે સારા વાઇનનો સ્વાદ શેના જેવો હોય છે ને ખરાબ વાઇનનો સ્વાદ શેના જેવો હોય છે.

અને હું બટાટાં ખાઉં છું તો મારે એ પણ જાણવું જોઈએ કે બટાટાં કેવી રીતે ઉગાડવામાં આવે છે.

અને મારે એ પણ જાણવું જોઈએ કે ચંદ્ર કેવો લાગે છે, કેમ કે હું ચંદ્રને જોઉં છું ત્યારે માત્ર 'જોઉં' છું, એ કેવો લાગે છે એ 'જાણવાથી' તો દૂર હોઉં છું એટલે મારે એ નજીકથી જાણવું પડશે.

અને મારે સર્વ પ્રાણીઓનાં નામ જાણવાં જોઈએ ને એ કેવાં દેખાય છે તે જાણવું જોઈએ ને તે શું કરે છે, ક્યાં રહે છે તે પણ જાણવું જોઈએ.

એટલે પછી આ મહાશય વળી કેટલીક ચોપડીઓ લઈ આવ્યા – સસલાં વિશેની ને મરઘાં વિશેની. વળી જંગલનાં પ્રાણીઓ વિશેની ચોપડીઓ લઈ આવ્યા ને જીવજંતુઓ વિશેની એક ચોપડી પણ લઈ આવ્યા.

વળી એક ચોપડી એમણે ખરીદી તે સફેદ ગેંડા વિશેની હતી.

પછી એ પ્રાણીબાગમાં ગયા. ત્યાં એમણે એવો સફેદ ગેંડો શોધી કાઢ્યો. એક મોટા લાંબા-પહોળા પાંજરાની વચ્ચે એને રાખ્યો હતો. એ હાલ્યા-ચાલ્યા વિના બસ ઊભો હતો.

અને આ ભાઈએ ઝીણવટથી નિરીક્ષણ કર્યું કે ગેંડો શું વિચારે છે ને શું જાણવા-

સમજવા મથે છે.

અને એમણે જોયું કે એ સફેદ ગેંડાના મગજમાં શું આવ્યું તે એ મસ્તીથી દોડવા લાગ્યો. એ લાંબી-પહોળી જગામાં એણે બે-ત્રણ ચક્કર માર્યાં. ને વળી પાછું શું થયું કે એ ચક્કર મારવાનું જાણે ભૂલી ગયો ને ઊભો જ રહી ગયો – એક કલાક... બે કલાક... અને પાછું શું થયું એના મગજમાં કે એ ફરી દોડવા લાગ્યો.

આમ એકદમ ઝડપથી દોડવા લાગે ને વળી પાછો ઊભો જ રહી જાય – જાણે કશું થયું જ નથી.

'મારે આ ગેંડા જેવા બનવાનું હતું' એમને થયું, 'પણ મને લાગે છે કે એ માટે ઘણું મોડું થઈ ગયું છે.'

પછી એ ઘરે ગયા અને એમના મનમાંના ગેંડા વિશે વિચાર કરવા લાગ્યા અને હવે એ એના સિવાયની કશી વાત જ કરતા ન હતા.

'મારો સફેદ ગેંડો' એમણે વિચાર્યું, 'એ બહુ ધીમે ધીમે વિચાર કરે છે ને પછી બહુ જલદી દોડવા લાગે છે. અને એમ જ થવું જોઈએ.'

અને આમ વિચારતાં વિચારતાં જ, પરિણામ એ આવ્યું કે, 'નથી જાણવું'ના સંદર્ભમાં, જે જે 'જાણવા' વિચારેલું એ બધું જ એ વિસરી ગયા !

અને એ પાછા પહેલાંની, એમની મૂળ સ્થિતિમાં આવી ગયા.

માત્ર એટલું જ કે એ હવે ચીની ભાષા જાણતા હતા.*

* The Man Who Didn't Want To Know Any More-નો અનુવાદ

□

## સોદાગર* | લે. જ્હૉન સ્ટાઇનબેક; અનુ. મોહનલાલ પટેલ

શિયાળાના ગાઢ ધુમ્મસે સાલીનાસ ખીણને આકાશ અને આખી દુનિયાથી ઓઝલ કરી મૂકી હતી. ચારે તરફના પર્વતો ઉપર એ સીસાની જેમ ભારેખમ બનીને ઊતર્યું હતું અને આ વિશાળ ખીણને એક ઢાંકેલા પાત્રનું રૂપ આપી દીધું હતું. ખીણની સમથળ ભોંય બરાબર ખેડેલી હતી. એની કાળી માટી ધાતુની જેમ ચમકતી હતી. સાલીનાસ નદીની પેલી પાર ટેકરીઓની તળેટીમાં અત્યારે સૂર્યપ્રકાશ ન હોવા છતાં પાક લીધા પછીનો વિસ્તાર સૂર્યના આછા પ્રકાશમાં હોય એવો પીતવર્ણો જણાતો હતો. નદીકાંઠે વિલો વૃક્ષોની ગીચ ઝાડી પીળાં પાંદડાંના કારણે તેજભરી આભા પ્રગટાવી રહી હતી.

શાંત અને ધીરજ ધારણ કરવાનો આ સમય હતો. હવા શીતળ અને મૃદુ હતી. નૈર્ઋત્યના મંદ પવનના કારણે વરસાદ વહેલી તકે આવશે એવી આશા ખેડૂતો સેવી

---

* The Chrysanthemums વાર્તાનો અનુવાદ. ક્રાયસેન્થેમમ એ પાનખર ઋતુમાં ખીલતાં પીળા અને શ્વેત રંગનાં મનોહર ફૂલ છે.

રહ્યા હતા. પણ ધુમ્મસ અને વરસાદનો મેળ ક્યાં હોય છે ?

નદીની પેલી પાર ટેકરીની તળેટીમાં હેન્રી એલનની પશુઉછેરની જગ્યા છે. ત્યાં ઘણું કામ આટોપી લેવાયું હતું. ઘાસની સુકવણી થઈ ગઈ હતી. ફળાઉ ઝાડની વાવણી માટે ઊંડી ખેડ થઈ ચૂકી હતી. પ્રાણીઓના વાળની સફાઈ બાકી હતી એટલે એ ગોબરાં જણાતાં હતાં.

હેન્રીની પત્ની એલિસા બાગકામ કરી રહી હતી. એ માટે એની જગ્યા મુકરર હતી. એણે એના પતિને ટ્રેક્ટરશેડ આગળ બે માણસો સાથે વાતો કરતો જોયો. આ માણસો ધંધાદારી પોશાકમાં હતા. થોડી ક્ષણો સુધી એ તરફ ધ્યાન આપ્યા પછી એલિસા પોતાના કામમાં પરોવાઈ ગઈ. એલિસા પાંત્રીસ વર્ષની હતી. એનો ચહેરો પાતળો અને ખડતલ હતો. એની આંખો પાણી જેવી નિર્મળ હતી. બાગકામ વખતના પોશાકમાં એ હતી. એણે માથે મૂકેલી પુરુષો માટેની હેટ આંખ સુધી તાણેલી હતી. પગમાં ખડતલ જોડા હતા. એનો ડ્રેસ ચાર મોટાં ખિસ્સાંવાળા એપ્રન નીચે ઢંકાયેલો હતો. એપ્રનનાં ચારે ખિસ્સામાં ખૂરપી, કાતર, છરી વગેરે ખેતીનાં સાધનો અને વાવણી માટેનાં બી હતાં. અત્યારે એ કામ કરતી હતી એટલે હાથમાં એણે ચામડાનાં ભારે ગ્લવ્ઝ (મોજાં) પહેર્યાં હતાં.

એ ગયા વર્ષના ક્રાયસેન્થેમમના સાંઠાઓને ટૂંકી અને ધારદાર કાતરથી કાપી રહી હતી. કાતર સાથેનું એનું કામ શ્રમભર્યું હોવા છતાં એનો ચહેરો ઉત્સુક, ગંભીર અને સોહામણો હતો. ક્રાયસેન્થેમમના સાંઠા એની શક્તિ આગળ વામણા જણાતા હતા.

એણે આંખ આગળ આવી ગયેલા વાળને ગ્લવ્ઝના પાછલા ભાગથી ખસેડ્યા. આમ કરવામાં એનો ગાલ માટીથી થોડો ખરડાયો.

એણે ફરી એક વાર ટ્રેક્ટરશેડ તરફ નજર કરી. પેલા બે અજાણ્યા માણસો એમની ફૉર્ડ-કૂપેમાં બેસવા લાગ્યા હતા.

હવે એણે જૂના ક્રાયસેન્થેમમનાં મૂળનાં ભોથાંમાં ચારે બાજુએ થયેલી નવી ફૂટ (ત્રણચાર ઇંચની લંબાઈના ફણગા)માં એની આંગળીઓ કામે લગાડી. પાંદડાં બાજુએ ખસેડ્યાં. ફણગાઓમાં નુકસાનકારક કોઈ પણ પ્રકારનાં જીવજંતુ નહોતાં. આવો કોઈ ઉપદ્રવ અસ્તિત્વમાં આવે એ પહેલાં તો એ એને નેસ્તનાબૂદ કરી દેતી હતી.

પેલા બે ધંધાદારી માણસોને વિદાય કર્યા પછી એલિસાનો પતિ એલિસા કામ કરતી હતી એ જગ્યાએ તારની વાડ આગળ આવીને ઊભો રહ્યો. આ વાડ એલિસાના વાવેતરનું ઢોર, કૂતરાં, મરઘાં વગેરે ભજવાડ કરનારા જીવોથી રક્ષણ કરતી હતી.

હેન્રીએ કહ્યું : 'તારા માટે ખૂબ ઉત્પાદનનો આ સમય છે.'

એલિસા પીઠ સરખી કરીને ઊભી રહી. એણે કાઢી નાખેલું મોજું ફરી પહેરી લીધું. એ બોલી : 'હા, નવા વર્ષમાં ક્રાયસેન્થેમમ ખૂબ જબરાં થવાનાં છે.' એલિસાના

અવાજમાં અને ચહેરા ઉપર એક પ્રકારની નિરાંત હતી. ‘કેટલીક બાબતો તને કુદરતી બક્ષિશ રૂપે મળેલી છે’, હેન્રી બોલ્યો : ‘ગયે વર્ષે પેલાં પીળાં ક્રાયસેન્થેમમ દસ ઇંચિયાં બનીને ખીલ્યાં હતાં. હું ઇચ્છું છું કે તું બાગાયતી ખેતીમાં મોટાં સફરજન પણ પકવે.’

એલિસાની આંખમાં એક ચમક આવી ગઈ. એ બોલી : ‘શક્ય છે કે હું એ પણ કરી શકું. કેટલીક ચીજોની બાબતમાં મને બક્ષિશ મળેલી છે એ ખરું છે. મારી માતાને પણ એ મળેલી હતી. મારી મા કોઈ પણ વસ્તુને ભોંયમાં ખોસીને ઉગાડી શકતી. એ કહેતી, રોપણી કરનારના હાથ પોતે જ કેમ કરવું એ બધું જાણતા હોય છે.’

‘બરાબર, બરાબર’ હેન્રી બોલ્યો : ‘ફૂલોની બાબતમાં પણ એમ જ છે.’

‘હેન્રી, હમણાં તું જેમની સાથે વાત કરતો હતો એ લોકો કોણ હતા ?’

‘હું એ જ કહેવા આવ્યો હતો કે એ ‘વેસ્ટર્ન મીટ કંપની’ના માણસો હતા. મેં ત્રીસ વાછરડાનો એમની સાથે સોદો કર્યો. મેં કહી તે કિંમત આપવા એ લોકો કંપની વતી કબૂલ થયા છે.

‘સારું થયું’, એલિસા બોલી : ‘તારા માટે એ સારું છે.’

હેન્રીએ આગળ ચલાવ્યું : ‘બપોર પછીના સમયે આપણે ખાણા માટે સાલિનાસ જઈએ. કોઈ રેસ્ટોરાંમાં જમ્યા પછી પિક્ચર-શો જોવા જઈશું. આવું ઊજવીએ. કેમ રહેશે ?’

‘સરસ’, એલિસાએ કહ્યું : ‘જરૂર, એ સરસ રહેશે.’

પછી હેન્રી મજાકના મૂડમાં બોલ્યો : ‘આજે ત્યાં ફાઇટ (બૉક્સિંગ) પણ છે. એ જોવાનું તને ગમશે ને ?’

‘ના, ના રે ના’, ઊંચા અવાજે એલિસા બોલી : ‘ના, મને ફાઇટ ગમતી નથી.’

‘હું તો મજાક કરતો હતો’, હેન્રી બોલ્યો : ‘આપણે સિનેમા જોવા જઈશું. અત્યારે બે વાગ્યા છે. હું સ્કૉટિને સાથે રાખીને ટેકરી પરથી વાછડા લઈ આવું. આમાં કદાચ બે કલાક લાગે. આપણે પાંચ વાગ્યાના સુમારે શહેરમાં જઈશું, અને કોમિનોસ હૉટલમાં ડિનર લઈશું. એ ગમશે ને ?’

‘જરૂર, જરૂર મને એ ગમશે. ઘર કરતાં બહાર જમવાનું ઠીક પડે.’

‘ઠીક ત્યારે, હું જાઉં.’

એલિસા બોલી : ‘હા, જા. મને પણ રોપણી માટે સારો એવો સમય મળશે.’

ક્રાયસેન્થેમમ્સના ફણગાની રોપણી માટે એલિસાએ એક ખાસ જગ્યા તૈયાર કરી રાખી હતી. એ જગ્યાની માટીને એણે ખૂરપીથી ખૂબ ઊંચી-નીચી કરીને રોપણી માટે તૈયાર કરી હતી. એણે જૂના ક્રાયસેન્થેમમ્સનાં મૂળમાં થયેલી નવી ફૂટના ફણગા લીધા હતા તે પાંદડાં સાથેના હતા. હવે એણે એ ફણગા સાથેનાં પાંદડાંને કાળજીપૂર્વક કાઢી નાખીને રોપણીને લાયક બનાવીને પેલી ખાસ જગ્યાએ લાવીને વ્યવસ્થિત અને થપ્પીબંધ

મૂક્યા.

એણે આ કામ પૂરું કર્યું તે વખતે રોડ ઉપર કોઈ વાહનનાં પૈડાંનો કિચૂડાટ સંભળાયો. એણે એ તરફ નજર કરી. નદીના કાંઠે કાંઠે વિલો વૃક્ષનાં ગીચ ઝુંડ સોંસરો જનપદ રસ્તો પસાર થતો હતો. એ રસ્તે પેલો અવાજ કરતું એક વિચિત્ર વાહન આવી રહ્યું હતું. વિચિત્ર દેખાય સાથે એ જૂના ઘાટનું એક સ્પ્રિંગ-વૅગન હતું. એને ફરતું કૅનવાસ બાંધેલું હતું. આ વૅગન એક બદામી રંગના ઘરડા ઘોડા અને રાખોડી તથા સફેદ રંગના ગધેડાથી હળવે હળવે ખેંચાઈ રહ્યું હતું. આ વૅગનનાં પાછલાં બે પૈડાં નીચે એક મોંગ્રેલ કૂતરો ચાલી રહ્યો હતો. આ વૅગનને ઝાઝી ઊગી ચૂકેલી દાઢીવાળો માણસ અલસગતિએ હંકારી રહ્યો હતો. વૅગનને ફરતા કૅનવાસ ઉપર ઢંગધડા વગરના અક્ષરોમાં પાણીનાં વાસણ, રાંધવાનાં વાસણ, છરી, કાતર, લૉન કાપણીનાં સાધન... એક જ ભાવ. આવું લખેલું હતું. સાધનોનાં નામ બે હારમાં લખ્યાં હતાં અને એ બંને હારની નીચે એક જ ભાવવાળા શબ્દો હતા. આ શબ્દોના દરેક અક્ષર નીચે એક ઘેરા રંગનું કાળું ટપકું કરેલું હતું.

જમીન પર બેઠેલી એલિસા ઢીલા સાંધાવાળા આ વિચિત્ર વૅગનને પસાર થતું જોઈ રહી હતી. પણ એ પસાર ન થયું. એ તો જૂનાં-પુરાણાં ખખડી ગયેલાં કિચૂડાટ સાથે એના ફાર્મહાઉસના માર્ગ તરફ વળ્યું. વૅગન નીચેનો પેલો કૂતરો હડી કાઢીને આગળ થઈ ગયો. એ વખતે ફાર્મહાઉસના બે શેફર્ડ કૂતરા એની સામે ધસી આવ્યા. ત્રણેય કૂતરા ધ્રૂજતી પૂંછડીઓ અને તાણેલા પગ સાથે પોતપોતાના પક્ષનું એલચીપણું દાખવતા ગોળગોળ ફરવા લાગ્યા.

શ્વાન-કાફલો એલિસાની તારની વાડ સુધી આવીને અટકી ગયો. આગંતુક કૂતરો સંખ્યાબળની દૃષ્ટિએ પોતે ઓછો હોવાના કારણે પૂંછડી નમાવીને ખુલ્લા દાંત સાથે માથું ઊંચું રાખીને વૅગનની નીચે જઈને ઊભો રહ્યો.

વૅગનમાં બેઠેલો પેલો માણસ બોલ્યો : ‘આ કૂતરો વિફરે ત્યારે ખરાબ છે.’

એલિસા હસી પડી. એણે કહ્યું : ‘હા, એ મેં જોયું. સામાન્યતઃ એ ક્યારે વિફરે છે ?’

પેલા માણસે એલિસાના હાસ્યને પારખી લીધી હતું. એ હાસ્યનો ખેલદિલીપૂર્વક વળતો પડઘો પાડીને એણે કહ્યું : ‘ક્યારેક અઠવાડિયાંનાં અઠવાડિયાં સુધી એ વિફરતો નથી.’

આટલું બોલી એ વૅગન પરથી નીચે ઊતર્યો.

એલિસા એને નિરખી રહી. એ કદાવર માણસ હતો. એનાં વાળ અને દાઢી રાખોડી રંગનાં થવા માંડ્યાં હતાં, પણ એ વૃદ્ધ દેખાતો નહોતો. એનું જીર્ણ થયેલું કાળા રંગનું અધોવસ્ત્ર કરચલીઓવાળું અને ક્યાંક ક્યાંક ચરબીના ડાઘા સાથેનું હતું. એનો

હાસ્યભર્યો અવાજ બંધ થયો કે તરત જ એના ચહેરા અને આંખોમાંથી પણ હાસ્ય અદૃશ્ય થઈ ગયું. એની આંખો કાળી હતી અને ટ્રક-ડ્રાઇવરો અને ખલાસીઓની આંખમાં જે એકાગ્રતા જોવા મળે છે એ એની આંખોમાં જોઈ શકાતી નથી. એણે તારની વાડે જે હાથ ટેકવ્યો હતો એની ચામડી ક્યાંક ક્યાંક ફાટેલી હતી. એ દરેક ફાટનો રંગ કાળો હતો.

એણે એની ખૂબ દબાયેલી-ટિપાયેલી હેટ માથેથી ઉતારી. એણે કહ્યું : 'મૅડમ, મારા મૂળ સામાન્ય રસ્તેથી હું ફંટાયો છું. આ ધૂળિયો રસ્તો નદી પાર થઈને લૉસ ઍન્જેલસ હાઈવેને મળે છે ?'

એલિસા ઊભી થઈ. એણે એની મોટી કાતર એપ્રનના ખિસ્સામાં ખોસી. પછી બોલી : 'હા, આ રસ્તો એ હાઈવેને મળે છે ખરો, પણ એ વળાંક લે છે અને એને નદીના ફાંટાઓ નડે છે. હું માનતી નથી કે તમારી આ ટીમ રેતીમાં થઈને આ બોજ ખેંચી શકે !'

એણે બેતમા બનીને જવાબ આપ્યો : 'આ જાનવરો કેટલો બોજ ખેંચી શકે છે એ જાણો તો કદાચ તમને આશ્ચર્ય થાય.'

એલિસા બોલી : 'આ જાનવરો જોશમાં આવી જાય ત્યારે, ખરું ને ?'

'હા, એ જોશમાં આવી જાય ત્યારે.'

'ઠીક', એલિસા બોલી : 'જો તમે અહીંથી સાલિનાસ રોડ ઉપર પાછા જાઓ અને હાઈવે પકડો તો તમારો સમય બચે.'

પેલા માણસે વાડની જાળીના તારને ખેંચીને રણકાર કર્યો. પછી બોલ્યો : 'મૅડમ, હું ઉતાવળમાં નથી. પ્રત્યેક વર્ષે હું સિટલથી સાન્ડિયાગો જાઉં છું અને ત્યાંથી પાછો ફરું છું. મારો બધો સમય એમાં વપરાય છે. જતાં-આવતાંના છ-છ મહિના. હું અનુકૂળ હવામાન માટે આમ કરું છું.'

એલિસાએ ગ્લવ્ઝ કાઢી નાખ્યાં અને એપ્રનના ખિસ્સામાં કાતરની સાથે ખોસી દીધાં. પછી એ બોલી : 'જીવન જીવવાની આ એક મજાની રીત છે.'

પેલો માણસ વાડ ઉપર નમ્યો. એણે કહ્યું : 'મારા વૅગન પરનું લખાણ તમે વાંચ્યું હશે. હું વાસણ સાંધું છું અને છરી, કાતર વગેરેને ધારદાર બનાવું છું. તમારે એમાંનું કંઈ કરાવવું છે ?'

એક પ્રકારની પ્રતિકારક ચમક સાથે એલિસાએ ઝટ કહી દીધું : 'ના, ના. એવું કંઈ કરાવવાનું નથી.'

'કાતર ખરાબમાં ખરાબ વસ્તુ છે', પેલો બોલ્યો : 'ઘણા લોકો કાતરને જાતે ધારદાર બનાવવામાં એને ખરાબ કરી મૂકે છે. પણ એને કેવી રીતે ધારદાર કરવી એ હું જાણું છું. મારી પાસે એ માટેનું ખાસ સાધન છે. એમાં ધાર કાઢવાની કરામત છે.

એની મેં પેટન્ટ (કોઈ અનુકરણ ન કરે એ માટેનો ખાસ હક) કઢાવી છે.'

'મારી બધી કાતરો બરાબર ધારદાર છે.'

'એ બરાબર. તો એક કામ કરો, એક વાસણ લો', પેલા માણસે ઉત્સુકતાપૂર્વક કહ્યું : 'વળી ગયેલું કે કાણું પડી ગયેલું હોય એવું વાસણ હું નવા જેવું બનાવી દઉં છું. તમારે નવું લેવાની જરૂર ન પડે.'

'ના, એલિસાએ ટૂંકમાં જણાવી દીધું : 'તમારા માટે મારી પાસે એવું કશું કામ નથી.'

પેલાનો ચહેરો વધારે પડતો ઉદાસ બની ગયો. એ મંદ સ્વરે બોલ્યો : 'આજે મને કશું કામ મળ્યું નથી. કદાચ મારા માટે સાંજના ખાણાની જોગવાઈ નહીં થાય. તમે જુઓ છો કે હું આજે મારા રોજના માર્ગ કરતાં જુદા માર્ગે છું. સિટલથી સાન્ડિયાગો સુધીના હાઈવે પરના લોકોને હું ઓળખું છું. એ લોકો એમની ચીજોને ધારદાર બનાવવા મારા માટે રાખે છે. એ લોકો જાણે છે કે હું આ કામ સારી રીતે કરી શકું છું, વળી એમાં એ લોકો નાણાંની બચત પણ કરી શકે છે.'

એલિસા ઉશ્કેરાટમાં બોલી : 'હું દિલગીર છું, તમને આપવા માટે મારી પાસે કશું કામ નથી.'

પેલાની આંખો એલિસાના ચહેરા પરથી ખસીને જમીન ખોતરવા લાગી. પછી એ ફરતી ફરતી એલિસા જ્યાં કામ કરતી હતી એ ક્રાયસેન્થેમમના ક્યારા સુધી પહોંચી. એણે પૂછ્યું : 'આ શાના છોડ છે, મૅડમ ?'

એલિસાના ચહેરા પરથી ઉશ્કેરાટ અને પ્રતિકારના ભાવ એકાએક ઓગળી ગયા. એણે કહ્યું : 'ઓહ, એ ક્રાયસેન્થેમમ્સ છે. મોટાં સફેદ અને પીળાં ફૂલવાળાં ક્રાયસેન્થેમમ્સ ! હું દર વર્ષે એનો ઉછેર કરું છું. આસપાસમાં કોઈ એનો ઉછેર કરતું હોય એના કરતાં મારા ઉછેરનાં ફૂલ ઘણાં મોટાં હોય છે.

'રંગીન ધુમાડાના ગોટા જેવાં લાગે છે.'

'બરાબર, બરાબર. વર્ણન કરવાની સંગીન રીત.'

'તમે એનાથી ટેવાઓ નહીં ત્યાં સુધી એની વાસ નઠારી લાગે' એ બોલ્યો.

એલિસાએ વળતો જવાબ આપ્યો : 'કડવી-મીઠી વાસ છે, નઠારી તો નહીં જ.'

પેલાએ પોતાનો સૂર એકાએક બદલ્યો. એણે કહ્યું : 'મને પોતાને તો એ વાસ ગમે છે.

'આ વર્ષે એનો દસ ઇંચિયા ફાલ હતો,' એલિસા બોલી.

પેલો માણસ વાડ ઉપર વધારે નમ્યો. પછી બોલ્યો : 'સાંભળો, રસ્તા ઉપર એક મહિલાને હું જાણું છું. એનો ઉત્તમ પ્રકારનાં ફૂલોનો બાગ છે, એમાં બધા પ્રકારનાં ફૂલ છે પણ ક્રાયસેન્થેમમ નથી. ગયે વખતે એના માટે હું ત્રાંબાના તળિયાવાળું એનું બાથટબ

સાંધતો હતો. (આ અઘરું કામ છે, પણ હું એ સારી રીતે કરી શકું છું.) એ વખતે એણે મને કહ્યું હતું કે, જો તમને ક્રાયસેન્થેમમ વિશે જાણકારી મળે તો મારા માટે એનાં બી લેતા આવજો.'

એલિસાની આંખમાં ચમક આવી. ઉત્સુકતા પ્રગટી. એણે કહ્યું : 'એ સ્ત્રીને ક્રાયસેન્થેમમ વિશે ઝાઝી જાણકારી હોય એવું લાગતું નથી. તમે ક્રાયસેન્થેમમને બી દ્વારા ઉગાડી શકો. પણ ક્રાયસેન્થેમમના મૂળનાં ભોથાંમાં ફૂટેલા ફણગાનો ઉપયોગ કરીને એનો ઉછેર વધારે સારો અને સહેલો છે.'

'એ ખરું, પણ હું એ સ્ત્રી માટે તમે કહો છો એ ફણગા હું ન લઈ જઈ શકું ?'

'કેમ નહીં ?' એલિસાએ કહ્યું : 'તમે લઈ જઈ શકો. હું એમાંના કેટલાક ભીની માટીમાં મૂકી આપું. તમે એને લઈ જઈ શકો. જો તમે ભીનું રાખી શકો તો એ એક વાસણમાં પણ એનાં મૂળ નંખાવી શકો. પછી એ સ્ત્રી એની ફરીથી રોપણી કરી શકે.'

'મૅડમ, એ સ્ત્રીને આ ફણગા મેળવવાનું ગમશે. એ સરસ છે ને ?'

'સરસ, એકદમ સરસ.' એલિસાની આંખો ચમકી ઊઠી. એણે માથા પરથી હૅટ કાઢી નાખી અને મજાના કાળા વાળ ઉછાળ્યા. પછી બોલી : 'હું એ ફણગાને ફ્લાવર-પૉટમાં મૂકી આપીશ. અને તમે એને સાથે લઈ જઈ શકશો. મારી સાથે વાડામાં આવો.'

પેલો માણસ ઝાંપામાં થઈને વાડામાં દાખલ થયો એ દરમિયાન ઉત્તેજિત એલિસા રસ્તે રસ્તે લગભગ દોડતી જઈને ફાર્મહાઉસમાંથી એક મોટું લાલ ફ્લાવર-પૉટ લઈ આવી. એણે પોતાની આંગળીઓથી ભીની માટી ખોદી કાઢી અને એને ફ્લાવર-પૉટમાં ધરબી દીધી. પછી એણે તૈયાર કરેલી ફણગાઓની થપ્પીઓમાંથી એક ઉપાડી અને આંગળીઓની મદદથી ફણગાઓને માટીમાં બરાબર દાબ્યા.

પેલો માણસ એના પર નમીને આ નિહાળી રહ્યો હતો.

'હવે શું કરવું એ હું તમને કહીશ', એલિસા બોલી : 'તમે યાદ રાખજો, અને એ સ્ત્રીને કહેજો.'

'હું યાદ રાખવા પ્રયત્ન કરીશ.'

'જુઓ, સાંભળો. આ ફણગા લગભગ એક મહિનામાં મૂળ નાખશે. એ સ્ત્રીએ આ ફ્લાવર-પૉટમાંથી મૂળ નાખેલા એ ફણગાઓને સારી ફળદ્રૂપ માટીવાળી જગ્યામાં એક એક ફૂટના અંતરે રોપવા પડશે. એ ફણગા ઝડપથી નવાં મૂળ નાખીને ઊંચાઈ પકડશે. આ વાત યાદ રાખીને એ સ્ત્રીને કહેજો કે જમીનમાં ઊગેલા આ છોડને આઠ ઇંચ જેટલી ઊંચાઈના રાખીને જુલાઈ માસમાં કાપી નાખે.'

'એ બરાબર ખીલે એ પહેલાં ?'

'હા, એ ખીલે એ પહેલાં જ' એલિસાનો ચહેરો ઉત્સુકતાથી તંગ થયો. એણે કહ્યું : 'ફરી પાછા વધવા લાગશે અને લગભગ સપ્ટેમ્બરના અંતમાં એના પર કળીઓ

બેસશે.'

એલિસા બોલતાં અટકી. કશીક મૂંઝવણમાં હોય એમ જણાયું. એણે કહ્યું : 'કળીઓ બેસવાના સમયે જ વધુમાં વધુ કાળજી લેવાની હોય છે. તમને એ કેવી રીતે કહેવું એ મને સમજાતું નથી.' એણે પેલા માણસની આંખમાં ધ્યાનથી જોયું. મોઢું જરાક ખૂલ્યું. પેલો માણસ ધ્યાનથી સાંભળતો હોય એવું જણાયું. એ બોલી : 'હું તમને સમજાવવા પ્રયત્ન કરીશ. તમે વાવણી કરનારા હાથ વિશે સાંભળ્યું છે ?'

'મેં સાંભળ્યું હોય એવું હું કહી શકતો નથી, મૅડમ.'

'ઠીક, એમાં કેવો અનુભવ થાય છે એ હું કહી શકું. બધું તમારી આંગળીઓનાં ટેરવાંમાં બરાબર ઊતરે છે. તમે તમારી આંગળીઓને કામ કરતી નિહાળી છે ? એ એમની મેળે કામ કર્યા કરે છે. આ બધું કેમ થાય છે એ તમે અનુભવી શકો છો. તમે એનો રોમાંચ માણી શકો છો, તમારા બાહુના મૂળ સુધી. તમે એનામય હો ત્યારે તમે કશું ખોટું કરતા નથી. તમને આ સમજાય છે ? તમને આની ખબર પડે છે ? તમે તમારી આંગળીઓનો આવો અનુભવ કર્યો છે, ખરો ?'

એલિસા અત્યારે ઘૂંટણિયે પડેલી સ્થિતિમાં હતી. એ પેલા માણસ તરફ ઊંચે જોઈ રહી હતી. એની છાતીમાં આવેગભર્યો ઉભાર પ્રગટ્યો.

પેલા માણસની નજર ઝીણી થઈ. પછી સભાનતાપૂર્વક નજરને ખસેડી લઈને એલિસાના પ્રશ્નનો જવાબ આપતો હોય એમ એ બોલ્યો : 'કદાચ એની મને ખબર હોય. ક્યારેક રાત્રિએ, વૅગનમાં —'

એલિસાનો સ્વરભંગ થયો. એણે કહી નાખ્યું : 'હું તમારા જેવું જીવન જીવી શકી નથી, પણ તમે શું કહેવા માગો છો એ હું સમજું છું. ઘોર અંધારી રાત હોય, આકાશમાં તારાઓનો પ્રકાશ ધારદાર હોય અને ચારે તરફ નીરવતા હોય... કેમ, તમે ઊભા થઈ જાઓ, ઊભા !'

નમેલી સ્થિતિમાં જ એલિસાનો હાથ પેલા માણસના ચરબીના ડાઘાવાળા કાળા અધોવસ્ત્રમાંના પગ તરફ લંબાયો. એની ખચકાતી આંગળીઓએ અધોવસ્ત્રને લગભગ સ્પર્શ કર્યો. પછી એ હાથ જમીન ઉપર નંખાઈ ગયો.

પેલો બોલ્યો : 'તમે કહો છો તે બધું સરસ, પણ તે ક્યારે ? ખાણા માટેનો અભાવ ન હોય ત્યારે જ ને ?'

એલિસા શરમાઈ ગઈ. એ એકાએક ઊભી થઈ ગઈ. એણે ફ્લાવર-પૉટ એ માણસ તરફ ધર્યું અને હળવેથી એના હાથમાં મૂક્યું. પછી કહ્યું : 'એને તમારી નજર તળે રહે એ રીતે વૅગનમાં બેઠક ઉપર મૂકજો' આટલું કહી એણે ઉમેર્યું : 'કદાચ તમને કામ આપી શકાય એવું હું કંઈક શોધી કાઢી શકું.'

એને ફાર્મહાઉસના પાછળના ભાગમાં જઈને એણે વાસણનો ઢગલો ફંફોસ્યો.

એમાંથી ગોબાવાળી ઍલ્યુમિનિયમની બે જૂની કીટલીઓ કાઢી. એ લઈ જઈને એણે પેલા માણસને આપતાં કહ્યું : 'આને તમે સરખી કરી આપી શકશો ?'

પેલાની રીત બદલાઈ, એ વ્યવસાયી માણસ બન્યો. એણે કહ્યું : 'હું આને નવી જેવી કરી આપીશ.'

વૅગનના પાછલા ભાગમાં એણે એક નાનું એરણ ગોઠવ્યું અને તેલવાળી એક પેટીમાંથી એક યાંત્રિક હથોડી કાઢી. એલિસ વાડામાંથી બહાર નીકળીને આ માણસ કામ કરતો હતો ત્યાં એને જોવા માટે આવીને ઊભી રહી. કામના અઘરા તબક્કા વખતે આ માણસ એનો નીચલો હોઠ ચૂસતો હતો.

એલિસાએ એને પૂછ્યું : 'તમે આ વૅગનમાં જ સૂઈ જાઓ છો ?'

'વૅગનમાં જ મૅડમ, વરસાદ કે તડકો, હું હંમેશાં પેલી ગાય જેવો કોરો ને કોરો.'

'એ મજાનું લાગતું હશે', એલિસા બોલી : 'હું ઇચ્છું છું કે સ્ત્રીઓ પણ આવું કરી શકે.'

'સ્ત્રી માટે આવી જિંદગી સારી ન ગણાય.'

એલિસાનો ઉપલો હોઠ જરા ખેંચાયો અને દાંત દેખાયા. એણે કહ્યું : 'તમે એ કેવી રીતે જાણો ? અને કેવી રીતે આમ કહી શકો ?'

'મને એની ખબર નથી, મૅડમ. તમારી કીટલીઓ તૈયાર થઈ ગઈ. નવી ખરીદવી નહીં પડે.'

'કેટલા પૈસા ?'

'ઓહ, પચાસ સેન્ટ ચાલશે. હું કામ સારું કરું છું અને ભાવ ઓછો રાખું છું. આના કારણે હાઈવે પરના ગ્રાહકો મારા કામથી સંતુષ્ટ છે.'

એલિસા ફાર્મહાઉસમાં જઈને પચાસ સેન્ટનો સિક્કો લઈ આવી. આ માણસના હાથમાં એને મૂકતી વખતે એ બોલી : 'તમારો એક હરીફ જાગેલો જાણીને કોઈ વખત તમને આશ્ચર્ય થશે. હું પણ કાતરની ધાર કાઢી શકું છું અને નાનાં નાનાં વાસણના ગોબા પણ દૂર કરી શકું છું. સ્ત્રી શું કરી શકે એ હું તમને બતાવી શકું એમ છું.'

પેલા માણસે હથોડીને તેલવાળી પેટીમાં મૂકી અને એરણને નજર આગળથી હઠાવી દીધું. આ કરતી વખતે એ બોલ્યો : 'સ્ત્રી માટે તો આ એકલવાયું જીવન બની રહે. ભયભર્યું જીવન. આખી રાત રાની પ્રાણીઓ વૅગનની નીચે આવ-જા કર્યા કરે.'

એક છૂટા ઝાડનો આધાર અને ઘોડાની ગર્દનનો ટેકો લઈને આ માણસ વૅગનમાં બેઠો. લગામ હાથમાં લીધી એ પછી બોલ્યો : 'આભાર મૅડમ, તમે કહ્યું એ પ્રમાણે હું કરીશ. હું અહીંથી પાછો જઈને સાલિનાસવાળો રસ્તો લઈશ.'

'અને ધ્યાન રાખજો', એલિસા બોલી : 'તમને ત્યાં પહોંચતાં વાર લાગે તો માટી ભીની કરજો.'

'માટી, મૅડમ માટી ? આહા, બરાબર. જરૂર હું એમ કરીશ.'

પ્રાણીઓ સહજપણે જોતરાઈ ગયાં. કૂતરાએ પોતાની જગ્યા લઈ લીધી. વૅગને વળાંક લીધો અને હળવેથી ફાર્મ બહાર નીકળીને નદીના માર્ગ તરફ ગતિ કરી.

એલિસા આ કાફલાની મંદ ગતિને નિહાળતી તારની વાડ આગળ ઊભી રહી. એના ખભા સીધા હતા. માથું પાછળ તરફ નમેલું હતું. આંખો અર્ધ બીડેલી હતી. એના હોઠ જરાક હાલ્યા. કહેવા માટે, 'ગુડ-બાય' 'ગુડ-બાય'. પછી એ બબડી : 'ત્યાં કશુંક તેજવંતું છે.' એ જરા ચમકી. પોતાને કોઈ સાંભળી તો નથી ગયું ને ? એ જાણી લેવા એણે આજુબાજુ જોયું. ફક્ત કૂતરાઓએ એ સાંભળ્યું હતું. એમણે ધૂળમાંથી એના તરફ માથાં ઊંચાં કર્યાં હતાં. અને પછી હડપચી લાંબી કરીને ફરીથી સૂઈ ગયાં હતાં.

એ ઝડપથી ફાર્મહાઉસમાં દોડી ગઈ.

રસોડામાં એ ચૂલાની નજીક પહોંચી અને ગરમ પાણીની ટાંકી સંભાળી. ટાંકી બપોરના રાંધણાના સમયથી ગરમ પાણીથી પૂરી ભરેલી હતી. એણે બાથરૂમમાં એનાં માટીથી ખરડાયેલાં કપડાં કાઢીને એક ખૂણામાં નાખી દીધાં. પછી સ્નાન કરતી વખતે ચામડી ઘસાઈને લાલ થઈ જાય ત્યાં સુધી પગ, સાથળ, કમર, છાતી અને હાથ છિદ્રાળુ હલકા પથ્થરના એક બ્લૉકથી ઘસ્યા કર્યાં.

સ્નાન પછી જાતને કોરી કરીને બેડરૂમમાં અરીસા આગળ જઈને પોતાના શરીરને નિરખી રહી. એણે પેટને તંગ કર્યું. છાતીને આગળ આણી. ડોકને પાછળ તરફ ફેરવીને ખભા ઉપર નજર કરી.

થોડી વાર પછી એ વસ્ત્રો પહેરવા લાગી. એણે નવાં આંતરવસ્ત્ર પહેર્યાં અને સારામાં સારાં મોજાં ચઢાવ્યાં. પોતાના સૌંદર્યને નિખાર મળે એવો ડ્રેસ ધારણ કર્યો. વાળને કાળજીપૂર્વક ઓળ્યા, ભ્રમરોને પેન્સિલનો ઓપ આપ્યો, અને હોઠને લિપસ્ટિકથી રંગ્યા.

એ તૈયાર થઈ રહે એ પહેલાં વાછડાઓને વાડામાં પૂરવા માટે હાંકોટા કરતા હેન્રી અને એના સાથીદારને એણે સાંભળ્યા. એ પછી એણે દરવાજો બંધ થયાનો ધડાકો સાંભળ્યો.

એ હેન્રીના આગમન માટે તૈયાર રહી.

'એલિસા, ક્યાં છે તું ?' એવા સાદ સાથે હેન્રીએ ફાર્મહાઉસમાં પ્રવેશ કર્યો. 'મારા રૂમમાં કપડાં પહેરું છું, હજુ હું તૈયાર નથી. તારા સ્નાન માટે ગરમ પાણી તૈયાર છે. જલદી કર. મોડું થાય છે.'

જ્યારે એલિસાએ એને બાથટબમાં ખાબકતો સાંભળ્યો ત્યારે એણે એનો ડાર્ક સૂટ પલંગ ઉપર મૂક્યો અને શર્ટ, મોજાં તેમજ ટાઈ એની બાજુમાં મૂક્યાં. પૉલિશ કરેલા બૂટ પલંગની બાજુમાં ભોંયતળિયે મૂક્યા. પછી એ પૉર્ચ ઉપર જઈને અક્કડ થઈને બેઠી.

અને નદીના રસ્તા તરફનાં વિલો વૃક્ષ તરફ નજર માંડી રહી. આ વિલો વૃક્ષોનાં પાંદડાં હજુ પીળાં દેખાતાં હતાં. ભારે ધુમ્મસ નીચે એ સૂર્યપ્રકાશના એક પટ જેવાં લાગતાં હતાં. બપોર પછીના રાખોડી રંગના વાતાવરણમાં આ એકમાત્ર રંગ હતો. એલિસા એને ક્યાંય સુધી જોતી બેસી રહી.

હેન્રી ધડાકાબંધ બારણું ખોલતો આવી પહોંચ્યો.

અક્કડ એલિસાનો ચહેરો કડક થયો.

હેન્રી જરાક અંતરે અટક્યો અને બોલ્યો : 'અરે એલિસા, તું બહુ સરસ દેખાય છે.'

'સરસ ? તારા માનવા પ્રમાણે હું સરસ દેખાઉં છું ? તું 'સરસ' એટલે શું કહેવા માગે છે ?'

હેન્રીએ વળી ભૂલ કરી. એણે કહ્યું : 'મને ખબર નથી. હું એ કહેવા માગું છું કે તું અત્યારે જુદી જ, જોરાવર અને ખુશ દેખાય છે.'

'હું જોરાવર છું ? હા, જોરાવર – સ્ટ્રૉંગ. તું જોરાવર દ્વારા શું કહેવા માગે છે ?'

હેન્રી મૂંઝાયો. એણે કહી નાખ્યું : 'તું એક પ્રકારની રમત રમી રહી છે. એ એક રમત છે. કોઈ વાછરડાને તું તારા ઘૂંટણ ઉપર રાખીને ભાંગી નાખી શકે એટલી જોરાવર છે અને એને તરબૂચની માફક ખાઈ શકે એટલી ખુશમિજાજ છે.'

'હેન્રી, તું આવું ન બોલ. તું શું બોલે છે એની તને ખબર નથી' આટલું કહી એ ફરીથી મૂળ રૂપમાં આવી ગઈ. એણે કહ્યું : 'હા, હું જોરાવર છું.' પછી શેખી કરતાં એણે કહ્યું : 'હું કેટલી જોરાવર છું એની આ અગાઉ મને ખબર નહોતી.'

હેન્રીએ ટ્રેક્ટરશેડ તરફ નજર કરી પછી બોલ્યો : 'હું કાર લઈ આવું છું. તું કોટ પહેરીને તૈયાર થઈ જા.'

એલિસા અંદર ગઈ. એણે હેટ પહેરવામાં ઘણો સમય લીધો. એને ઘડીમાં આમ દબાવી અને ઘડીમાં તેમ. પછી ઝટ કોટ પહેરી લીધો અને બહાર નીકળી.

પંખીઓને ઉડાડતી અને સસલાંને ઝાડીમાં ભગાડતી રોડસ્ટર ગાડી નદીના માર્ગે માર્ગે જતા ધૂળિયા માર્ગ ઉપર ઉછાળા મારતી જવા લાગી. બે સારસો એમની જંગી પાંખો ફફડાવીને ઊડતાં વિલો વૃક્ષોની હાર ઉપર થઈને નદીના પટમાં ઊતર્યાં.

એલિસાએ રોડ ઉપર થોડે દૂર એક કાળું ધાબું જોયું. એ એકાએક શૂન્ય મનસ્ક થઈ ગઈ. એ હેન્રીને બોલતો સાંભળતી નહોતી. માટી સાથે લીલા રંગના રોપાઓનો ઢગલો એ જોવા માગતી નહોતી. પણ એનું ન ચાલ્યું. વૅગન ચાલ્યું તે માર્ગની બાજુમાં રોડ ઉપર ક્રાયસેન્થેમમના રોપા પડ્યા હતા. પણ ફ્લાવર-પૉટ ત્યાં નહોતું. જ્યારે કાર એની બાજુમાંથી પસાર થઈ ત્યારે એલિસાને મજાની કડવી વાસની યાદ આવી. એક ધ્રુજારી એનામાંથી પસાર થઈ ગઈ. વાવણી કરનારા પોતાના જબરા હાથ ઉપર એને

અત્યારે લજ્જા આવી ગઈ.  રોડસ્ટરે વળાંક લીધો અને પેલો કાફલો આગળ જતો દેખાયો. કાર એની બાજુમાં થઈને નીકળી એ વખતે એલિસા એકાએક હેન્રી તરફ ઝૂકી ગઈ જેથી પેલું વૅગન અને એની સંકર ટીમ નજરે ન પડે.

એક ક્ષણમાં એમણે પેલા સોદાબાજ માણસને પાછળ મૂકી દીધો. એલિસાએ પાછું વળીને જોયું નહીં. મોટરના અવાજની ઉપરવટ સંભળાય એટલા ઊંચા અવાજે એલિસા બોલી : 'હેન્રી', આજે રાત્રે સારું રહેશે. એક સારું ખાણું.'

હેન્રીએ વ્હીલ ઉપરથી હાથ ઉઠાવીને કહ્યું : 'હવે ફરીથી તારામાં બદલાવ આવી રહ્યો જણાય છે. મારે તને ડિનર માટે અવારનવાર લઈ જવી જોઈએ. આપણાં બંને માટે એ સારું રહે.'

'હેન્રી', એલિસાએ કહ્યું : 'ડિનર વખતે આપણને દારૂ મળી શકે ?'

'જરૂર. એ તો બહુ સારું રહેશે.'

થોડી ક્ષણો સુધી એલિસા ચૂપ રહી પછી બોલી : 'હેન્રી, પેલી સ્પર્ધાત્મક ઇનામી ફાઇટમાં આદમી એકબીજાને વધારે ઈજા પહોંચાડે છે ?'

'ઘણુંખરું તો નહીં, પણ કોઈક વાર થોડી ઈજા પહોંચાડે.'

'એ લોકો કેવી રીતે નાક ભાંગે છે અને લોહી એમની છાતી ઉપર વહે છે એવું મારા વાંચવામાં આવ્યું છે અને એ પણ વાંચ્યું છે કે લડવા માટેનાં ગ્લવ્ઝ લોહીથી ખરડાઈને લથબથ થઈ જાય છે.'

હેન્રીએ મોં ફેરવીને એલિસા સામે જોયું. 'શું થયું છે, એલિસા ? તું આવું બધું વાંચે છે એની તો મને ખબર જ નહોતી.'

હેન્રીએ કાર થોભાવી અને જમણી તરફ વાળીને સાલિનાસ નદીના પુલ ઉપર લીધી.

'સ્ત્રીઓ આવી ફાઇટની સ્પર્ધામાં ભાગ લે છે ખરી ?' એલિસાએ પૂછ્યું.

'ચોક્કસ, પણ થોડી સંખ્યામાં. શી હકીકત છે, એલિસા ? તું એમાં જવા માગે છે ? હું માનતો નથી કે એ તને ગમે, પણ ખરેખર તારે એમાં ભાગ લેવો હોય તો હું તને લઈ જઈ શકીશ.'

'ના, ના. મારે એમાં કંઈ જવું નથી, ખરેખર નથી જવું' એણે પોતાનો ચહેરો હેન્રીથી ફેરવી લીધો. અને કહ્યું : 'આપણને દારૂ મળશે તો એ પૂરતું છે. એ ઘણું છે.'

એણે પોતાના કોટનો કૉલર અધ્ધર કર્યો જેથી હેન્રી પોતાને એક નિર્બળ વૃદ્ધ સ્ત્રીની જેમ રડતી જોઈ ન જાય.

18

## સર્જકચેતનાની પ્રતિભાને સાદૃશ્ય કરતા સંગ્રહો : વર્ષ ૨૦૧૨-૧૩નું ગુજરાતી સાહિત્યવિવેચનનું સરવૈયું | ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી

સર્જનાત્મક આબોહવાના નિર્માણ માટે વિવેચન જરૂરી છે. પ્રેરણા, અંતઃસ્ફુરણા અને સર્જકચેતનાનું ગૌરવ કરનારી વિવેચના હોવી અનિવાર્ય તો છે સાથે, સર્જકનું કર્મ, ભાષાકર્મ અને શૈલીનું તટસ્થતાથી મૂલ્યાંકન કરવું, ભાવકક્ષમ કૃતિની-વિષયવસ્તુની સાચી અને સ્પષ્ટ અર્થછાયાઓ ઉમેરવી, ગુણ-દોષનું નીરક્ષીર વિવેક સાથે દર્શન કરાવવું એ વિવેચકનું પ્રથમ કર્તવ્ય બને છે. વિવેચક સર્જક નથી... વાત ખૂબ સાચી, પરંતુ વિવેચક પાસેથી અવલોકન-આકલનની પરિઘિમાં રહીને સર્જકની આભાને ઝીલીને સર્જકના આંતરમન કે સાહિત્યના ગૂઢાર્થમાં જવાની સંપૂર્ણ કોશિશ કરવાની અપેક્ષા રખાય છે. જેથી વિવેચક સર્જકનો જોડિયો ભાઈ તો બની જ શકે.

તેથી જ વિશ્વનાથ ભટ્ટ પ્રતિનિધિ વિવેચનસંગ્રહમાં કહે છે કે, *"વિવેચનના આપણે ત્રણ કોશ ગણાવ્યા, તેમાં પહેલો રસમય કોશ તે એની સૌન્દર્યભક્તિ... બીજો જ્ઞાનમય કોશ તે એની વિદ્વત્તા... અને ત્રીજો અભ્યાસ..." વિવેચનમાં રસિકતા સૌથી મહત્ત્વની વસ્તુ હોવા છતાં તેને સાર્થક બનાવવાને માટે વિદ્વત્તા, જ્ઞાન, અભ્યાસ, ચિંતન, ઉદ્યોગ વગેરે અનેક ગુણોની જરૂર છે... જ્યારે વિવેચક વિશે વાત કરતાં કહે છે કે, "વિવેચકની સુશીલતાનું પહેલું લક્ષણ એની અડગ સત્યનિષ્ઠતા... બીજું લક્ષણ એનું સ્વાતંત્ર્ય... ત્રીજું લક્ષણ તાટસ્થ્ય... ચોથું લક્ષણ સમભાવ છે." (યશવંત શુક્લ, વિવેચનપોથી, પૃ. ૩૨૩)* ડહોળાયેલું પાણી શુદ્ધ જળ ન હોવાને કારણે પેય નથી તેવી જ રીતે ડહોળાયેલું ચિત્ત અવલોકન તો કરી શકે પણ સ્પષ્ટતા ન હોવાને કારણે સમીક્ષા તો ન જ કરી શકે. ઘણીવાર કૃતિલક્ષી વિવેચના કરતી વખતે વિવેચકે કૃતિને સાહિત્ય સ્વરૂપે ન જોતાં સાંસ્કૃતિક, સામાજિક, સાહિત્યિક પરંપરા તેમજ ઇતિહાસની પૃષ્ઠભૂમિ પર તપાસવું યોગ્ય ગણાય, કારણ કે સર્જકના સર્જનમાં સામાજિક પરિસ્થિતિની જટિલતા, જે તે પરિસ્થિતિમાં માનવીઓના વિવિધ પ્રતિભાવો, માનવીય સંબંધોની જાળ, માણસનું વર્તન જ સર્જનની સામગ્રી બનતું હોય છે. ભાષા-સર્જક-કૃતિ-ભાવકની ચતુષ્પરિમાણી અભિવ્યક્તિને સમાજશાસ્ત્રીય, પ્રતિભાસશાસ્ત્રીય અને સંરચનાશાસ્ત્રીય વિશ્વમાં મૂકી અવલોકન કરવું યોગ્ય ગણાય. ટૂંકમાં વિવેચકે કૃતિ જેવી છે તેવી ભાવકો સમક્ષ સ્પષ્ટ કરી આપવાની છે.

જૂની પેઢીના પીઢ વિવેચક એવા શિરીષ પંચાલ પહેલાં 'વાત આપણા વિવેચનની' (પૂર્વાધ) પુસ્તક પ્રગટ કરે છે. તેમાં ગુજરાતી ભાષાના ઉત્તમ કોટીના વિવેચકોના વિવેચન

સંદર્ભે થયેલાં કાર્યોની નોંધ સાથે શિરીષ પંચાલે વિવેચનનું પણ વિવેચન કર્યું છે. આ જ ગ્રંથશ્રેણીમાં આગળ વધતાં 'વાત આપણા વિવેચનની' (ઉત્તરાર્ધ) પ્રગટ થાય છે. જેમાં પ્રથમ પ્રકરણમાં આજની નવી પેઢીના વિવેચકોમાં રહેલી ઊણપ વિશે ધ્યાન દોરી વિવેચનની વિવિધ તરાહો નવી પેઢીને વિશે જ્ઞાન પૂરું પાડ્યું છે; સાથે વિવેચનનાં સ્થિત્યંતરોને તટસ્થતાપૂર્વક ચકાસ્યાં છે. પછીનાં પ્રકરણોમાં છેલ્લા દાયકાનું વિવેચન, નવમા દાયકાની વિવેચના, સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યવિવેચન, ગુજરાતી વિવેચનવિચાર જેવાં મથાળાં નીચે સાહિત્યનાં સૈદ્ધાંતિક સ્વરૂપો, સાહિત્યમાં વ્યાપેલા વિવિધ વાદો, કલાઅંતર્ગત કૃતિઓના વિવિધ પાસાંઓ પર ધ્યાન દોરતા વિવેચનના પ્રકારો, કવિકર્મ, ભાષાકર્મના ગૌરવ વિશે; પ્રતીક-કલ્પન જેવાં આધુનિક કવિતાના રચનારીતિના આયામો પર થયેલા વિવેચનસંગ્રહોનું તાર્કિક મૂલ્યાંકન કર્યું છે. ગુજરાતી સાહિત્યના વિવેચનના પ્રશ્નનો અને નવાં પરિણામોની ચર્ચામાં, જ્યારે અર્થઘટનના પ્રશ્નો, કૃતિ-કર્તા વિવેચન અને સાહિત્યસૌંદર્યના પ્રશ્નો, ગુજરાતી સાહિત્યવિવેચનમાં સમયાંતરે બદલાયેલી વિભાવના અને સ્થિત્યંરોની ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યવિવેચનની ભૂમિકાઓની સઘન છણાવટ કરી છે. આ રીતે આ ગ્રંથ નવી પેઢીના વિવેચકો, અભ્યાસીઓ માટે જાગ્રત શિક્ષકની ગરજ સારે છે.

વિવેચનનાં વિવિધ સ્વરૂપો, તેનાં બધાં પાસાં અને ઘટકોને તથા એક વિશિષ્ટ શાસ્ત્ર તરીકેની સાહિત્યવિવેચનની ઓળખ પ્રસ્તુત કરતા ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત વિવેચક રમણ સોનીનો સાહિત્ય વિવેચનગ્રંથ 'ગિરિધરો અને પિચ્છધરોની વચ્ચે' ૨૦૧૩ના વર્ષમાં પ્રગટ થાય છે. તેમના સાહિત્યવિચાર અને વિવેચનવિચારને આ ગ્રંથ શબ્દબદ્ધ કરે છે. સાહિત્યિક-સાંસ્કૃતિક સંચલનો ઝીલતા, ઐતિહાસિક પરિપ્રેક્ષ્યના તંતુઓને સર્જક અને સર્જનના હાર્દને પકડી ભાવક સુધી પહોંચાડતો આ ગ્રંથ સાહિત્ય વિવેચનની દિશામાં એક મહત્ત્વનું પગલું ગણી શકાય. રમણ સોનીએ આ પુસ્તકને મુખ્ય બે વિભાગમાં વિભાજિત કર્યું છે. એક સાહિત્યવિચાર અને સાહિત્યપ્રવાહો અને બીજો ગ્રંથસમીક્ષા. સાહિત્યવિચાર સંદર્ભે વિવેચનસિદ્ધાંતવિચાર, ચિકિત્સક દૃષ્ટિ, કેળવાયેલી સમજ, વિશદતાને પ્રત્યક્ષ વિવેચના અંતર્ગત પ્રભાવી પિચ્છદારો – પ્રભાવી વિવેચકોના ઉદાહરણ દ્વારા સમજાવે છે તથા સાહિત્ય-વિદ્યા-જગત સાથે વિવેચનની નિસબતના પ્રશ્નો વિશે પણ આંગળી ચીંધે છે. અર્ધશતાબ્દી દરમિયાન ગુજરાતી વિવેચનનું પારદર્શક સરવૈયું આપે છે. ત્યારબાદ એક વિશિષ્ટ શાસ્ત્ર તરીકે બંધાતી વિવેચનની પરંપરાને 'સાહિત્ય વિવેચન : અર્થ અને પરંપરા' પ્રકરણમાં ગહન નોંધ આપે છે. ૧૯મી સદીના વિવેચનના પ્રશ્નો અને સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવાહોની પણ સવિસ્તૃત ચર્ચા કરે છે. આ ઉપરાંત વિવેચન-સંશોધનનાં કાર્યોને વધુ નક્કર કરવામાં સહાયક બનનારા સાધનો તથા તેના પદ્ધતિશાસ્ત્ર વિશે, કોશરચના-વિજ્ઞાન વિશે,

સંપાદક-લેખક-વાચકસંબંધ વિશે વિશદ અવલોકનો પ્રસ્તુત કર્યાં છે. અહીં કૃતિલક્ષી અવબોધ કરાવ્યો પણ અહીં બીજા ભાગમાં જ વિવેચનસંગ્રહોનું પણ વિવેચન કરતા જોવા મળે છે. આ ગ્રંથમાં ઉલ્લેખનીય એવી મૂળ વાત લઈ ખૂબ જ ટૂંકાણમાં પણ સચોટ ગ્રંથસમીક્ષા કરતા રમણ સોની જોવા મળે છે. છેલ્લે, આ વિવેચનગ્રંથમાં જે શબ્દસૂચિ મૂકી આપી છે એ દ્વારા નવ્ય વિવેચકોને વિવેચકની સજ્જતાનું  જ્ઞાન મળી રહે તે હેતુથી સાહિત્યિક-વિવેચનાત્મક – સૈદ્ધાંતિક વિચારણા સાથે ગ્રંથસમીક્ષામાં જરૂરી એવાં દરેક સાધનો પ્રસ્તુત કરી બતાવ્યાં છે.

આધુનિક કથાસાહિત્ય વિવેચન અને નાટ્યવિવેચનમાં જેનું નોંધનીય પ્રદાન છે, એવા સતીશ વ્યાસ ૨૦૧૨માં ‘કથનકળા’ સૈદ્ધાંતિક વિવેચનગ્રંથ આપે છે. તેઓ પ્રથમ ખંડમાં ‘કથન’ સંજ્ઞાનાં વિવિધ અર્થઘટનોથી માંડી કથનકળાનાં મહત્ત્વપૂર્ણ અંગો, કથા, કથક, શ્રોતા, કથનરીતિ, કથનહેતુ વગેરેનો વિગતે પરિચય કરાવે છે. દ્વિતીય ખંડમાં સંસ્કૃત કથાસાહિત્યપરંપરાની ખ્યાતનામ કથાનકોની કથનરીતિને તપાસી તે વિશેનાં રસપ્રદ નિરીક્ષણોની સદૃષ્ટાંત ચર્ચા કરે છે. તૃતીય ખંડમાં ‘સુદામાચરિત્ર’ના કથાનકને વર્ણવવા મધ્યયુગના બે સમર્થ સર્જકો પ્રેમાનંદ અને નરસિંહ મહેતાની શૈલીનું કથનકળા સંદર્ભે સમીક્ષા કરે છે તથા ભાટ, ચારણ, હરિજન, બ્રાહ્મણ વગેરે જ્ઞાતિઓની જ્ઞાતિગત વિશેષતા જાળવતી કથાઓની મૌખિક પરંપરાની તો ચર્ચા કરે જ છે; સાથે મેઘાણી, દુલાભાયા કાગ જેવા કથાકર્તાઓની આગવી કથનકળાની તલસ્પર્શી છણાવટ કરે છે. ચોથા ખંડમાં પંડિતયુગની અને ગુજરાતી ભાષાની મહત્ત્વપૂર્ણ રચના ‘સરસ્વતીચંદ્ર’ના જુદા જુદા ખંડનાં દૃષ્ટાંતો વડે ગોવર્ધનરામ ત્રિપાઠીના સર્જકકર્મની કથનશૈલીને મહાનવલની ભૂમિકાએ મૂલવી આપે છે. પાંચમા ખંડમાં ગુજરાતી વાર્તા સાહિત્યસ્વરૂપની કથનશૈલી સંદર્ભે માંડીને વાત કરે છે. અંતિમ છઠ્ઠા ખંડમાં મધ્યકાલીન કવિતા, અર્વાચીન કવિતા, પંડિતયુગની કવિતા, ગાંધીયુગ અને આધુનિકયુગની કવિતાની કથનાત્મકતાની સમીક્ષા કરી સંક્ષિપ્ત રજૂઆત કરે છે. “ડૉ. ઉર્વશી પંડ્યા આ ગ્રંથ વિશે યોગ્ય જ કહે છે કે, કથનકળાને આગવી કોઠાસૂઝથી સમજવા અને શ્રોતા/વાચકને રુચિકર પ્રવાહી ભાષામાં સમજાવી આપવામાં – બધે ઠેકાણે તેમની સર્જકની મૌલિકતા, સંશોધકની ચીવટભરી નિસ્બત અને વિવેકની સંતુલિત, સરલતા લેખે લાગી છે.” આખું પુસ્તક ‘કથન’ – ‘કથા’ના અનુબંધને પણ ઉપસાવે છે. એકંદરે સાહિત્ય, તેમાં પણ અનિવાર્યપણે નાટ્ય અને ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ માટે સંદર્ભપુસ્તક બની રહેશે.

વિવેચન સાથેનો સૂક્ષ્મ અને ગહન નાતો ધરાવનાર પ્રવીણ દરજીનો વિવેચનસંગ્રહ ‘અનુઘટન’ ૨૦૧૨માં પ્રગટ થાય છે. આ સંગ્રહની પ્રસ્તાવનામાં જ પોતાના આ પુસ્તક પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં લખે છે, ‘અનુઘટન એટલે સાથે સંધાન, જોડવું અથવા તો Linking togther with... અહીં Linking રહ્યું છે સર્જન સાથે, કૃતિ અને તેના

સર્જક સાથે...' આ ગ્રંથના ઓગણત્રીસ લેખોમાં વિવેચકની સૂઝ, સમજ અને જોડાણને પ્રસ્થાપિત કરી બતાવ્યાં છે. અર્વાચીન યુગના ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર'થી આ યાત્રા આરંભ થાય. વિવેચનની આ યાત્રામાં ગોવર્ધનરામનું ભારતદર્શન, પછી તેમાં ભારતીય ચેતનાના કવિ ઉમાશંકર હોય, ટાગોરની જમાતના સર્જક તરીકે મૂલવતા મનુભાઈ પંચોળી, જીવનસૌંદર્યના કવિ રાજેન્દ્ર શાહ, પ્રિયકાન્ત મણિયાર, જયંતી દલાલ, ગુલાબદાસ બ્રોકર, પેટલીકર, ચરિત્રકાર જયભિખ્ખુ, કવિ યોસેફ, સુમન શાહ છેલ્લે 'શબ્દસૃષ્ટિ'ના પૂર્વસંપાદક તરીકે 'હું' તથા 'કવિતા અને હું' પણ આવે જ. એટલું જ નહીં, આ નિમિત્તે 'કવિતા વિશે' અને 'શબ્દમાં નિવસતો શબ્દ' વિશે લેખ લખી બ્રહ્મત્વ સુધી પહોંચવાની મથામણ રજૂ કરે છે. આ આખો સંગ્રહ સૈદ્ધાંતિક રીતે ફક્ત વિવેચનની દિશા કે પ્રવાહ જ દર્શાવતો નથી પણ વિવેચનવ્યાપારમાં થતા રસપ્રદ અનુભવો, અવલોકનો અને તેનાં આલેખનોનો છે. ખૂબ સૂઝપૂર્વક ઓછા શબ્દોમાં સાહિત્યજીવનના અનુભવો અને રસસ્થાનોને આ ગ્રંથમાં શબ્દો દ્વારા ગૂંથીને 'અનુઘટન'ની માળામાં પરોવ્યાં છે. તેમાં પોતાના 'હું'ને પણ બાકાત રાખી શક્યા નથી, છતાં સાહિત્યસાધનાને તો બરકરાર રાખી જ છે.

ગુજરાતી ગદ્યસાહિત્ય સ્વરૂપમાં વિવેચન અને આસ્વાદ ક્ષેત્રે પોતાનું અમૂલ્ય પ્રદાન આપનાર બાબુ સુથારે 'ઘણ ઉઠાવ'માં પોતાની વિવેચનની ગતિશીલ આબોહવામાં ઘણા ટીકાત્મક લેખો આરોપિત કરી વમળો પેદા કર્યાં જણાય છે. આ વિવેચનસંગ્રહમાં ગુજરાતી સાહિત્યમાં કોશિયાઓ તથા સાહિત્યવિવેચન અને થિયરી વિશેના અભ્યાસમાં અનુભવાતી પરિસ્થિતિ, ગુજરાતી સાહિત્યના સાક્ષરો, ગુજરાતી ભાષાની વર્તમાન સ્થિતિ, કથાસાહિત્યમાં વર્તાતી ઊણપ, બોદા વિવેચન વિશે, ગુજરાતી ભાષાના ધોવાણ, પ્રયોગશીલ સાહિત્યની દુર્દશા અને પશ્ચિમી સાહિત્યના સૂઝ વગરના અનુકરણ સામે ઘણ ઉઠાવ્યું છે. આ સાથે શિરીષ પંચાલના અકાદમીના કાર્યને બિરદાવ્યું છે, સાહિત્યમાં પ્રવર્તમાન અને પ્રવર્તેલા વાદોનું તટસ્થ રીતે મૂલ્યાંકન કર્યું છે અને સાહિત્યની સર્જનાત્મક અને વિવેચનાત્મક કાર્ય કરતી નવી પેઢી માટે કડક શિક્ષકની જેમ શિષ્ટનો આગ્રહ રાખે છે. બાબુ સુથારના બીજા પુસ્તક 'ચોતરેથી'માં પણ તેમણે લેખકો, સાહિત્યિક પ્રવાસન પર, વિવેચકોના કાર્ય પર, સાહિત્યિક ઇનામો અને વિવેચન ગતિવિધિ પર કટાક્ષ કરી લાલ આંખ કરી છે. તો બીજી તરફ તુર્કીશ સાહિત્યકાર ઓરહન પામુકની સાહિત્યિક ચેતનાને વાચા આપી છે તથા કળા સાથે ઘેરો સંબંધ ધરાવતી દલેશ દારાબીના સત્યની વાત કરી કલા અને કલાકાર પ્રત્યેનો આત્મિક સંબંધ આલેખ્યો છે. આ આત્મપૃથક્કરણના માર્ગ પર દોરી જનાર ગ્રંથો છે.

વૈશ્વિક, ભારતીય અને ગુજરાતી સાહિત્યના જાગ્રત અભ્યાસી એવા ભરત મહેતાનો 'ભારતીય નવલકથા' ગ્રંથ તેમના બહોળા વાચનની સાક્ષી પૂરે છે. આ ગ્રંથમાં

બંગાળી, હિન્દી જેવી વિવિધ નવ ભારતીય ભાષાઓની તથા એક અંગ્રેજીની એમ કુલ ૧૦ ભાષાઓની કુલ ૨૪ નવલકથાસાહિત્યની કૃતિ વિશે સમીક્ષાત્મક અભ્યાસ પ્રગટ કર્યો છે. આ પુસ્તકમાં તેમણે ચૂંટેલી નવલકથાઓનો આસ્વાદ તો કરાવ્યો જ છે, સાથે વિશ્વસાહિત્યથી ભારતીય સાહિત્ય જરા પણ ઊતરતું નથી એ વિવિધ કૃતિઓનાં સમીક્ષાત્મક અવલોકનો પર આંગળી બતાવી, ચીંધી સાધાર કરી છે. ભરત મહેતાના વિવેચન સંદર્ભે *સુરેશ જોશીની કૃતિઓની ઉચ્ચાવચતાનાં ધોરણો તથા સિદ્ધિમર્યાદા આંકવાની પદ્ધતિ સમજાય છે : "(૧) વિશિષ્ટ દૃષ્ટાંતોના નિરીક્ષણને આધારે સ્વરૂપવાચક સામાન્ય લક્ષણો બાંધીએ કે, (A) Inductive અને (બ) સામાન્ય ધોરણોને આધારે વિશિષ્ટ કૃતિઓને પારખીએ એટલે કે (B) Deductive - આ બંને પદ્ધતિઓમાં પૂર્વપરતા સ્થાપી શકાય નહીં, છતાં એમ બને કે વિવેચનના અમુક ગાળામાં આ પૈકીની એક પર વધુ ભાર મૂકવામાં આવતો હોય..." (કાવ્યચર્ચા - સુરેશ જોષી, ૪૭, ૫૦).* આ ગ્રંથના છેલ્લા પ્રકરણમાં જ્ઞાનપીઠ પુરસ્કૃત વિવિધ ભારતીય સાહિત્યની કૃતિઓ, તેની સર્જકલક્ષી વિશેષતાઓ તથા સામાજિક પરિપ્રેક્ષ્યમાં, તેની અસરને કુશળતાપૂર્વક સાહિત્યક્ષેત્ર સાથે જોડી આપી છે. ભારતીય નવલકથા વિશે અધ્યયન અને અધ્યાપન કરનાર દરેક જિજ્ઞાસુઓએ અનિવાર્યપણે આ ગ્રંથમાંથી પસાર થવું જોઈએ.

મધ્યકાળ અને લોકસાહિત્યના અભ્યાસી એવા બળવંત જાનીનો વિવેચનસંગ્રહ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યવિમર્શ' (૨૦૧૨) તેમની છબિને વિસ્તૃત ફલક પર મૂકી આપે છે. આ આખા પુસ્તકને તેમણે સાહિત્ય, વિવેચન, કૃતિલક્ષી સમીક્ષા, સંપાદન અને અનુવાદયજ્ઞ પાંચ ભાગમાં વહેંચી કુલ ૨૧ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યના સીમાસ્તંભરૂપ સ્થિત્યંતરો તપસ્યાં છે. આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં ભારતીયનો આલેખ અર્વાચીનકળાના આરંભથી ચિતરી આપ્યો છે અને પછીનાં પ્રકરણોમાં ૧૯૮૪ના નિબંધસાહિત્યનું સરવૈયું, કાકાસાહેબના ચરિત્રાત્મક સાહિત્ય, 'આનંદલોક વિશે'માં હાસ્ય અને કટાક્ષને સ્પર્શે છે, તથા વિવેચનના પ્રવાહને 'વીસમી સદીની પહેલી પચીસીનો વિવેચનપ્રવાહ'ના શીર્ષક નીચે પ્રવાહિત કર્યો છે. આ પ્રકરણને વિવેચન, વ્યાકરણ અને ભાષાવિજ્ઞાન, મધ્યકાલીન સાહિત્ય-સંશોધન-સંપાદન અને લોકસાહિત્ય સંપાદન-વિવેચન એમ ત્રણ ભાગમાં વિભાજિત કરી વિસ્તૃત નોંધ આપી છે અને 'સંપાદન અને અનુવાદ વિશે' પણ પૂરી નિષ્ઠા અને નિસબતથી અભ્યાસ કર્યો છે.

ગુજરાતી સાહિત્યમાં વિવેચનક્ષેત્રે બહુમૂલ્ય ફાળો આપનાર બિપિન આશરનો ૨૦૧૩માં વિવેચનનો ત્રીસમો ગ્રંથ 'અન્વેષણ અને આકલન' પ્રગટ થાય છે. જેમાં મધ્યકાળથી લઈને ગુજરાતી સાહિત્યના દરેક યુગ બદલાતાં સાહિત્યિક અને સ્વરૂપલક્ષી વલણોનાં સ્પંદન ઝીલતા જણાય છે. ફાગુ સ્વરૂપના સમગ્ર પાસાંને ઝીણવટભર્યા નિરીક્ષણો-પરીક્ષણો તથા આધુનિક ઋતુકાવ્યો સાથેની સરખામણી; 'વાસ્તવવાદ : સંજ્ઞા,

સમ્પ્રત્યય અને વિભિન્ન આવિષ્કરણોમાં તેની વિભાવના, શાબ્દિક અર્થ, વિવિધ વિચારકો અને વિવેચકો દ્વારા થયેલી વિશદ ચર્ચાની નોંધ, વાસ્તવવાદનાં રૂપો તથા પ્રકારોનું વિસ્તૃત સંશોધનાત્મક સ્તરે તબક્કાવાર અધ્યયન; સુધારકયુગના નિબંધકારોએ સાહિત્યના માધ્યમ દ્વારા ભારતીય જનમાનસનું જે ચિત્ર રજૂ કર્યું છે, તે સદૃષ્ટાંત સંતુલિત રીતે ભાવક સામે રજૂ કર્યું છે. બાદના પ્રકરણમાં સાક્ષરયુગનાં કાવ્યસ્વરૂપોની સાંસ્કૃતિક ભૂમિકાએ તપાસ, તથા આ સમયગાળામાં આ સમયગાળા દરમિયાન દરેક કવિ, પદ્યસ્વરૂપ અને ઉત્કૃષ્ટ કૃતિઓનો આધાર લઈ ભારતીય સાંસ્કૃતિક પરંપરાને આલેખી છે; ગુજરાતી સાહિત્યમાં અનુગાંધીયુગની નવલકથાઓનું પુનઃવાચન કર્યું છે. ૨૦૦૦ અને ૨૦૦૪ના વર્ષની નવલકથાઓ વિશે વિવેચન કરતાં સંક્ષિપ્ત પક્ષને રજૂ કરી તરત જ ગુજરાતી સાહિત્યની નવલકથાઓ સંદર્ભે નારીવાદને બે સ્વરૂપે નિરૂપે છે : પહેલું નારીના થતા શોષણ સંદર્ભે અને બીજું નારી પોતાનાં થતાં શોષણ-ઉપેક્ષા પ્રત્યે જાગ્રત થઈ જે પ્રતિક્રિયા દર્શાવે તેના આલેખનસંદર્ભે તથા પુરુષસર્જકની નવલકથાઓમાં પણ ભારતીય નારી પ્રત્યેના બદલાયેલા દૃષ્ટિકોણને પણ આલેખ્યો છે. નવમા પ્રકરણમાં આધુનિક યુગના ગુજરાતી ગદ્યકારોના નોંધપાત્ર ફાળાને અને આધુનિક ગુજરાતી ગદ્યની સમૃદ્ધિને, લાક્ષણિકતાઓ, મર્યાદાઓ, સ્વાભાવિકતા અને દુર્બોધતાને વર્ણવી છે. વિવેચનગ્રંથના છેલ્લા પ્રકરણમાં સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓમાં જન્મેલા તથા કર્મભૂમિ બનાવી હોય તેવા સિદ્ધ-પ્રસિદ્ધ-અલ્પખ્યાત કે અપરિચિત સ્ત્રી-પુરુષવાર્તાકારોએ વાર્તાક્ષેત્રે કરેલા પ્રદાનનો એક આછો-પાતળો ચિતાર આપવાનો ઉપક્રમ સેવ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં અધ્યાપન-અધ્યયનક્ષેત્રે વિવિધ વિષયો પર પોતાની હથોટી અજમાવનાર નૂતન જાનીનાં ત્રણ પુસ્તકો ૨૦૧૨-૧૩માં પ્રગટ થાય છે. જેમાં સૈદ્ધાંતિક ચર્ચા વિશેનો તેમનો ગ્રંથ 'પર્યાવરણ કેન્દ્રી વિવેચનવિચારણા' (ઇકોક્રિટિસિઝમ)માં તેણે કળા, સમાજ અને જીવન વિશેનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓને પર્યાવરણ સાથે સાંકળ્યાં છે. આ ઉપરાંત ૧૯મી સદીની વિવેચન-કૃતિ સાથે ઇતિહાસ, વૈશ્વિકીકરણ, બહુસંસ્કૃતિવાદ, વિજ્ઞાન અને પર્યાવરણ વિશે આંતરવિદ્યાશાખાકીય અભ્યાસ આ પુસ્તકમાં કર્યો છે. આ ગ્રંથમાં વેદકાલીન માનવસમાજથી લઈ પશ્ચિમની સંસ્કૃતિનો પર્યાવરણ સાથેનો સુમેળ તથા પ્રકૃતિ સાથેનો નાતો અને સાહિત્યની પરિપાટી પર અવલોકન કર્યાં છે. અહીં નૂતનબહેન વિશ્વની મહત્ત્વની સમસ્યા 'ગ્લોબલ વૉર્મિંગ' વિશેની જાણકારી આપવાનું પણ ચૂક્યા નથી. ૨૦૧૩ના વર્ષ દરમિયાન તેમનાં બીજાં બે પુસ્તક 'કાવ્યાનુબોધ' અને 'અનુબોધ' મળે છે. 'કાવ્યાનુબોધ'માં કવિતામાં રહેલાં કલ્પન, પ્રતીક, અનુરાગ વિશે ગહન ચર્ચા કરી છે. 'અનુબોધ' ગ્રંથમાં હસ્તપ્રતવિદ્યા, ગુજરાતી ભાષાની પરંપરાથી લઈ હાસ્ય, લલિત નિબંધો, નારીઆંદોલન, નારીચેતના, ડાયસ્પૉરા સાહિત્ય, પર્યાવરણવાદ સુધીનો અભ્યાસ નિરૂપ્યો છે. નૂતન જાનીનાં

વિવેચનપુસ્તકોની ખાસિયત એ છે કે, તેઓ દરેક અભ્યાસ-વિવેચનલેખમાં તે વિષયની સઘન ચર્ચા કરતાં પહેલાં તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, વિભાવનાની સમજ, સાહિત્યિક પરિપ્રેક્ષ્ય-વલણોની વિસ્તૃત નોંધ આપે છે.

ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં યોગદાન આપનાર સર્જક અને વિવેચક એવા મણિલાલ હ. પટેલ 'કર્તા અને કૃતિ' વિવેચનસંગ્રહમાં ગુજરાતી સાહિત્યનાં જુદાં સ્વરૂપોમાં સર્જન કરનારા સર્જકો વિશેના પોતાનાં દૃષ્ટિકોણ અને સાહિત્યિક અભિગમો આલેખે છે. અર્વાચીન સાહિત્યના વિવિધ સર્જકોમાં નર્મદથી લઈ નીરવ પટેલ સુધીની યાત્રાને સ્થાન આપ્યું છે તથા તેમની પ્રતિભાના જાદુને ઉજાગર કરતાં ક્ષેત્રોનો શબ્દપરિચય અહીં જોવા મળે છે.

નિવ્યા પટેલનું વધુ એક સ્ત્રીલક્ષી વિવેચનપુસ્તક એટલે 'સ્ત્રીવિમર્શ'. આ વિવેચનગ્રંથમાં નારીપ્રશ્નોને સૈદ્ધાંતિક રીતે સમજાવવા માટે ભારતીય અને પાશ્ચાત્ય નારીચિંતકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. નારીવાદી-નારીકેન્દ્રી-નારીચેતના લક્ષી ભારતીય અને ગુજરાતી સાહિત્યની સીમાચિહ્નરૂપ ગણાતી કૃતિઓની 'Gender Base' સમીક્ષા આ ગ્રંથમાં કરવામાં આવી છે.

'કૃતિકૌતુક'માં ઉર્વશી પંડ્યાએ વિષયસંદર્ભે તો ગુજરાતી સાહિત્યને સ્પર્શ કર્યો છે, પણ આ ઉપરાંત મરાઠી કૃતિ ભાલચંદ્ર નેમાડેની નવલકથા 'બિઢાર' અને કાવ્યસંગ્રહ **'देखणी-मेलडी'** તથા હિન્દી સાહિત્યની કૃષ્ણા સોબતીના 'દિલો દાનીશ' અને પ્રેમચંદ મુનશીની વાર્તાયાત્રા, લૅટિન અમેરિકન સર્જક ગૅબ્રિયલ ગાર્શિયા માર્ક્વેઝની નવલકથા 'એકાંતનાં એક સો વર્ષ' વિશે તેમજ ફ્રાન્ઝ કાફકાની 'મેટામોર્ફોસીસ' વિશે આસ્વાદ સાથે કર્તા મૂળથી લઈ કૃતિલક્ષી અભિવ્યક્તિને પણ આવકારી છે.

રમેશ ઓઝા દ્વારા લખાયેલ બે વિવેચનસંગ્રહો 'શબ્દસન્નિધિ' અને 'કાવ્યસંવિત' આ વર્ષ દરમિયાન પ્રકાશિત થાય છે. જેમાં 'શબ્દસન્નિધિ'માં સર્જન પછી થતો રસાનુભવ અને તે અનુભવ બીજા ભાવકો સુધી પહોંચાડવાની કલા વાસ્તવનું દર્પણમાં પડતું પ્રતિબિમ્બ તે વિવેચન તો ખરું, પરંતુ ફક્ત કૅમેરાના લેન્સમાત્ર નહીં પણ બિલોરી કાચથી આરપાર લેન્સ માંડીને સર્જન કે સિદ્ધાંતની છાપ ઉપસાવતી વિવેચનશૈલી તેમના વિવેચનલેખોમાં જોવા મળે છે. બીજા સંગ્રહમાં કાવ્ય વિશેના વિવેચનલેખો દ્વારા ભાવ પ્રગટાવ્યો છે અને ચર્ચાની સાથે કેટલીક વિવેચન વિશેની ભયજનક બાબતો પર પણ ધ્યાન દોર્યું છે. આ સિવાય 'અર્થસંકેત' વિવેચનસંગ્રહમાં ભરત પરીખ ૧૩ જેટલા વિવિધ પ્રસંગ નિમિત્તે લખાયેલા અભ્યાસલેખોનો સમાવેશ કરે છે.

સતીશ ડણાક દ્વારા 'વાઙ્મયવિશેષ' વિવેચનસંગ્રહ પ્રગટ થયો છે. તેમણે વિવેચનની પરિધિમાં રહી ગુજરાતી સાહિત્યનાં વિવિધ સાહિત્યસ્વરૂપ, વિવિધ સાહિત્યિક ચેતના, સાહિત્યની બદલાતી તાસીર વિશે વિસ્તૃત અને ગહન વિવેચનાત્મક ચર્ચા કરી

છે. અને બીજો કર્તાલક્ષી 'રાવજી પટેલ અધ્યયનગ્રંથ' આપ્યો છે. જગદીશ દવેનો 'ગુજરાતી ડાયસ્પૉરા સાહિત્યસમીક્ષા અને સર્વેક્ષણ' વિવિધ પ્રસંગોપાત્ત ડાયસ્પૉરાની જુદી જુદી કૃતિઓ તથા ડાયસ્પોરાની આકૃતિને ઘાટ આપતા અભ્યાસલેખો અને આસ્વાદલેખોનો વિવેચનસંગ્રહ છે. આ ગ્રંથમાં તેમની સમીક્ષા સાહિત્યના ચોકઠામાં ન રહેતાં વિવિધ લલિતકલાઓ સુધી વિસ્તરી છે. તેમણે પત્રકારત્વ, સાહિત્યપરંપરા, વ્યક્તિમત્તા અને સામાજિક સ્તરનો પણ અહીં સમાવેશ કર્યો છે.

૨૦૧૨ અને ૨૦૧૩ના વર્ષ દરમિયાન ઘણા વિવેચનગ્રંથો પ્રસિદ્ધ થયા છે, જે સંગ્રહોમાં જે વિવેચનાત્મક રીતે નોંધનીય જણાયા તેની વિસ્તારથી નોંધ આપી છે અને આ સમયગાળામાં જે બીજા વિવેચનસંગ્રહો પ્રકાશિત થયા તેની યાદી લેખના અંતમાં છે. અંતે, આ સમગ્ર વિવેચન જોતાં 'સાહિત્યિક તથ્યોની માવજત' ગ્રંથમાં જયંત કોઠારી યોગ્ય જ કહે છે કે, *'સૂક્ષ્મ પર્યેષક બુદ્ધિથી અને મૌલિક દષ્ટિથી સાહિત્યવિચારનાં નૂતન પરિમાણો પ્રગટ કરે તે વિવેચક.'*

આમ, વિવેચનમાં કૃતિવિષયક ટૂંકાં અવલોકનો, ટીકાટિપ્પણીઓ, સમજૂતી, વિવરણ, અર્થઘટન, આસ્વાદ, સમીક્ષા, તુલનાત્મક અધ્યયન અને બીજાં અનેક તરેહનાં લખાણો સમાઈ જાય છે. ગુજરાતી સાહિત્યવિવેચનાની એક લાંબી પરંપરા છે. જ્યાં કર્તાલક્ષી, કૃતિલક્ષી, પૂર્વ-પશ્ચિમી કળામીમાંસા, વાસ્તવવાદી, રૂપરચનાવાદી, સંરચનાવાદી, વિવિધ વાદોલક્ષી, ઇતિહાસ કે આંતરવિદ્યાશાખા જેવાં ઘણાં ચોકઠાંઓમાં બંધબેસતું અને પોતાની પરિસીમાઓને સમયાંતરે વિસ્તૃત કરતું ગયું છે. પરંતુ એના અનુઆધુનિક જમાનાનાં વિવેચનો ટેક્નિકલ ચોકઠામાં ન બંધાતાં માનવીય બન્યાં છે. માનવીય વલણો, માનવી પરિવેશ, ચૈતન્યલક્ષી અર્થઘટનો, સામાજિક ઘટનાઓના પ્રતિબિંબિત-અર્થછાયાને ઝીલતા તથા વસ્તુતઃ આસ્વાદ અને બોધલક્ષી બનતા જાય છે. ગુજરાતી સાહિત્યની હાલમાં કાર્યરત જૂની અને મધ્યમ પેઢી સૈદ્ધાંતિક તેમજ સ્વરૂપલક્ષી વિવેચનાની દિશામાં સક્રિય છે. વિવેચન અને સાહિત્યના સાહિત્યિક તેમજ સર્જનના ટેક્નિકલ રૂપો અને સંરચનાને ધ્યાનમાં રાખી નિર્ભીક અને ટીકાત્મક તથા સચોટ આકલન કરી રહી છે પરંતુ આ બે વર્ષના વિવેચનસંગ્રહોનું સરવૈયું કરતાં; જોતાં, અભ્યાસ કરતાં નવી પેઢીના વિવેચકો પાસેથી વિવેચનની પ્રક્રિયા કે સૈદ્ધાંતિક વિવેચનવિષયો પર સંગ્રહો ન મળતાં આસ્વાદ-સમીક્ષા-અભ્યાસ અને કંઈક અંશે સંશોધનને લગતા ગ્રંથો વધુ જોવા મળે છે. જેમાં પૂર્વ-પશ્ચિમની સાહિત્યવિચારણા કરતા પણ કર્તા-કૃતિલક્ષી વાચના અને અનુભવ-આસ્વાદલક્ષી ઝોક જોવા મળે છે. જૂની અને મધ્યમ પેઢીએ નવી પેઢીના વિવચકો ઘડવા જરૂરી બનશે, જેથી સાહિત્યપરંપરાની વિવેચનની દિશામાં દરેક યુગનું પ્રતિનિધિત્વ ટકી રહે.

18

# કાવ્યસર્જન અને પ્રેરણા : એક નિદર્શન

ધીરેન્દ્ર મહેતા અને દર્શના ધોળકિયા

દ. : આપની દૃષ્ટિએ સર્જન માટે પ્રેરણા કેટલે અંશે મહત્ત્વની ? કવિતા આપને – સર્જકમાત્રને કઈ રીતે સ્ફુરતી હોય છે ?

ધી. : 'પ્રેરણા' શબ્દના મૂળમાં 'પ્રેર્' ધાતુ છે, એટલે તમારા પ્રશ્નને હું આ રીતે લઉં છું... કવિને કાવ્યસર્જન માટે શું પ્રેરે છે ? હવે એને લગતો કોઈ ચોક્કસ નિયમ તો હોઈ શકે નહિ કે ન તેનું ભાષ્ય રચી શકાય. આ એક એવી અણધારી ઘટના છે કે કઈ ક્ષણે શું પ્રેરશે કે સર્જનોન્મુખ કરશે તેની એને પણ ખબર હોતી નથી. એ એવી સહસા ઘટતી ઘટના છે. એ પ્રકારના એકાદ અનુભવના બયાનથી હું તમને એની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરી જોઉં. પ્રશ્નને પુનરાવર્તિત કરીને તમે સીધું જે પૂછ્યું છે કે કવિતા કઈ રીતે સ્ફુરે છે, તેને લક્ષમાં રાખીને મારી એક રચના 'શું જુએ છે ?' ('એતદ્' સપ્ટેમ્બર, ૨૦૧૨) વિશે થોડી વાત કરું.

એક વાર દરિયાકિનારાને અડીને આવેલા રસ્તા પરથી હું પસાર થતો હતો. હું તો વાહનમાં હતો પરંતુ એની બારીમાંથી મેં જે દૃશ્ય જોયું કે કંઈક આવું હતું : સમુદ્રનો જલરાશિ, એમાં ઊઠતાં મોજાંથી ધકેલાઈ ધકેલાઈને એના રેતાળ પટ સુધી આવીઆવીને પાછો જતો હતો. બીજા દોરમાં એ પહેલી વારની સીમા સુધી પહોંચી શકતો નહોતો. કિનારા પર એક તરફ કેટલીક જૂનીપુરાણી ભાંગેલીતૂટેલી હોડીઓ પડેલી હતી. કોઈના સઢ ફાટી ગયેલાં હતાં, કોઈની ઉપર માછીઓની જાળનાં દોરડાં ટિંગાતાં હતાં... ચાલતી ગાડીએ એકનજરે આમાંનું કંઈ જોવાયું તે જોવાયું.

હવે જુઓ, આ દૃશ્ય જોયામાત્રથી કંઈ કાવ્ય થતું નથી; પરંતુ ચિત્તમાં એ કોણ જાણે કયા રૂપે ઝિલાયું હશે, પછી સ્મૃતિમાં અને સંવેદનજગતમાં કઈ રીતે સચવાયું હશે, એણે કેવા પ્રતિભાવ જગવ્યા હશે, અથવા જગવ્યા હશે કે કેમ, એ પર એની સર્જનાત્મક પરિણતિનો બધો આધાર રહેલો હોય છે. કાવ્ય રચાયું એટલે, અને રચાયા પછી એમ કહી શકાય કે આખી પ્રક્રિયામાંથી પસાર થવાયું પરંતુ એમ થશે જ, એવું કહી શકાય નહિ. ન પણ થાય; એ રસ્તેથી એ તરફ નજર કરી ન કરી ને ખાલી પસાર થઈ જવાનું પણ બને. પરંતુ એ થયું, અને કંઈક એવી રીતે થયું કે હું જાણે એકાએક એ જે દૃશ્ય હતું, એ જે પરિવેશ હતો એની સાથે સંકળાઈ ગયો. ત્યાંથી પસાર થઈ ગયા પછી પણ મારી હાજરી ત્યાં હોય, હું જાણે એ દૃશ્યનો ભાગ બની ગયો હોઉં એવો અનુભવ મેં કર્યો.

નાનકડું કાવ્ય છે એટલે મને એમ થાય છે કે હું એ વાંચું અને વચ્ચેવચ્ચે જરૂરી

નિર્દેશો કરતો રહી આ આખી પ્રક્રિયા કેવી રીતે ચાલી તે સ્પષ્ટ કરતો જઉં.

કાવ્યનો આરંભ આ રીતે થાય છે –

**'તટ ઉપરની રેતીમાં**
**ઘસડાઈ ઘસડાઈને**
**ક્ષીણ થઈ ગયેલા સમુદ્રની**
**થરક્યા કરતી કરચલીઓ...'**

મેં જે દૃશ્ય જોયું હતું એમાં તો પેલો સમુદ્રનો પ્રવાહ હતો, જે આગળ આવીને પાછો જતો હતો. પરંતુ અહીં પ્રયોજાયેલી પદાવલિને ધ્યાનમાં લેતાં વાસ્તવનું કાવ્યમાં શી રીતે રૂપાંતર થતું હોય છે એનો પણ કંઈક અંદાજ આવશે. વાસ્તવમાં સમુદ્રનો પ્રવાહ આગળ આવતો હતો તે જાણે 'ઘસડાઈ ઘસડાઈને' આવતો હોય એમ કલ્પ્યું. કવિચિત્તમાં જાગેલા સંવેદનનું બિંદુ આ છે. એ સંવેદને કલ્પનાને ઉત્તેજીને આ દૃશ્ય રહ્યું. બીજું, 'ઘસડાઈ ઘસડાઈને' એમ કહેતાંની સાથે પદાવલિ સાથે સંવેદનના સંયોજનની પ્રક્રિયા શરૂ થઈ.

કલ્પનાની એવી જ મદદ સમુદ્રને માટે 'ક્ષીણ' વિશેષણ પ્રયોજવામાં મળી છે : સમુદ્ર તો ક્ષીણ શી રીતે હોય ? પરંતુ એ ઘસડાય છે એમ કહ્યું, તો ઘસડાય કોણ ? જે એકદમ ગતિમાં ન આવી શકતું હોય એ. આમ, ઘસડાવાની ક્રિયામાં રહેલું કલ્પનાબળ 'ક્ષીણ' શબ્દને ખેંચી લાવ્યું... અને સમુદ્ર ક્ષીણ થઈ ગયો ! નજરની સામે એ દૃશ્ય એ રૂપે નહોતું પરંતુ સંવિદમાં એની છબી એ રૂપે ઝિલાઈ. ક્ષીણ થઈ ગયેલો આ સમુદ્ર તટ ઉપરની રેતીમાં જાણે ક્યાંક જવા ચહે છે પરંતુ ક્ષીણ થઈ ગયો હોવાથી જઈ શકતો નથી.

એક બીજી વાત પણ અહીં કહેવા જેવી છે – કાવ્યરચનામાં શબ્દપસંદગીને લગતી. પહેલાં મેં 'ક્ષીણ'ની જગાએ 'વૃદ્ધ' શબ્દ મૂક્યો હતો –

**'ઘસડાઈ ઘસડાઈને**
**વૃદ્ધ થઈ ગયેલા સમુદ્રની**
**થરક્યા કરતી કરચલીઓ...'**

પછી મને થયું, 'કરચલીઓ' શબ્દ વૃદ્ધત્વનું સૂચન તો કરી જ દે છે. અને ક્ષીણતામાં ઘસાડાવાની સતત ચાલતી ક્રિયાનો અંજામ સૂચવાય છે.

ઘસડાઈ ઘસડાઈને આ સમુદ્ર ક્યાં જવા ચહે છે ? કાવ્યમાં આગળની પંક્તિઓ છે –

**'એની પહોંચની બહાર પડેલી**
**ભાંગીતૂટી હોડીઓ...'**

– આ હોડીઓ પાસે જવા એ ચાહે છે, પણ જઈ શકતો નથી : એની ક્ષીણતાને

કારણે એ એની પહોંચની બહાર છે. અને હોડીઓ પણ ભાંગીતૂટી છે, એટલે એ પણ વિવશ છે, સમુદ્ર પાસે આવી શકતી નથી. હોડી અને સમુદ્રનો સંબંધ આ રીતે સૂચવાયો છે.

**'એને છેડે લટકતી**
**માછીમારોની ફાટીતૂટી જાળ,**
**હોડીઓના ફાટેલા સઢમાંથી છટકીને**
**જાળમાં ફસાઈ ગયેલો પવન,**
**એની ખેંચતાણમાં ફગફગતું આકાશ,**
**આ બધાંની વચ્ચેથી ઊઠતી**
**મરી ગયેલી માછલીઓની ગંધમાં**
**કોહવાતો સમય...'**

ભાંગીતૂટી હોડીઓ પરના અસબાબની પણ એ જ દશા, બલકે દુર્દશા છે. અને એવી જ છે એની નિયતિ. જે પવનનું કામ સઢમાં ભરાઈને હોડીને ગતિ આપવાનું છે, એનો પુરુષાર્થ પણ પાંગળો પડી ગયેલો છે કેમ કે સઢ તો ફાટેલો છે. સઢ ફાટી ગયો હોવાને કારણે પવન એમાંથી નીકળી જાય છે એમ નહિ, એનો પ્રયત્ન તો જારી છે, પણ એ ફસાઈ ગયેલો છે, તોય એમાંથી છટકવાની એની કોશિશ તો છે, પણ આ મથામણમાં ને મથામણમાં એનું આકાશ – અવકાશ – એક ઊજળી શક્યતાના પણ લીરેલીરા થઈ ગયા છે, એનું ફગફગવું, આ સ્થિતિનું સૂચક છે. વ્યતીતનો પણ આમાં નિર્દેશ પકડી શકાય એમ છે. ઉમંગથી નાચતી માછલીઓ એટલે કે ભાવચંચલ ક્ષણો ખતમ થઈ જવા પામી છે એટલો બધો સમય વીતી ગયેલો છે, માત્ર એના અવશેષ સમી ગંધ શેષ રહી છે. બચેલો સમય પણ કહોવાવા લાગ્યો છે. અહીં પહેલાં મેં 'ખદબદતો સમય', એવો પ્રયોગ કર્યો હતો તે બદલીને 'કોહવાતો સમય', એવો પ્રયોગ કર્યો કેમ કે જે ખદબદે છે તે હજુ સચેતન છે પરંતુ જે કહોવાઈ ગયું છે તે મૃત છે, એના અવશેષ રૂપે કેવળ ગંધ બચે છે, જે સમયની જેમ પસાર થઈ જઈ શકી નથી.

એ પછી આ પંક્તિઓ આવે છે –

**'બેબાકળો બનીને શું જુએ છે માલમ ?**
**તને એમ હતું,**
**જે તજીને તું જતો રહ્યો હતો**
**તે બધું અકબંધ હશે ?'**

'માલમ' સંબોધન આ પરિવેશ અને પાત્રની સંગતિ રચે છે તેમ સંવેદન સાથેની અનુકૂળતા પણ ઊભી કરે છે. એથી કવિ સાથેનું કાવ્યને ઉપકારક અંતર પણ જળવાય છે. આખી વાત માલમ સાથે સંકળાઈ. એક સમયે આ માલમ આ આખી સૃષ્ટિ સાથે

સંબંધાયેલો હશે, પણ કંઈક એવું બન્યું હશે કે એ પ્રકારના સંજોગ ઊભા થયા હશે જેને લઈને તે આ જગતથી દૂર થયો. પહેલાં મેં ‘જે છોડીને’ એવી પદરચના કરી હતી, ‘જે તજીને’, એમ કર્યું, એને કેવળ ક્રિયાને બદલે ભાવવાહી રૂપ આપવા માટે. દૂર થવા માટેની જવાબદારી પણ માલમને માથે નાખી, જેથી અંતે આવતો ઉપાલંભ પ્રસ્તુત બને. જોકે, એને બેબાકળો બનતો બતાવીને એને માટે કદાચ અણધારી આ ઘટનાથી જાગતા સંવેદનનો પુટ પણ આપેલો જ છે.

તો, આ બયાન પરથી આંખે ચઢેલું એક અલપઝલપ દશ્ય કાવ્યરચનામાં કેવી રીતે નિમિત્તભૂત થયું તેનો કંઈક ખયાલ આવ્યો હશે અને સર્જનમાં ‘પ્રેરણા’ની ભૂમિકાનો એ પરથી અણસાર મળ્યો હશે.

---

રણજિતરામ ચંદ્રક નિમિત્તે આકાશવાણી પર થયેલા સંવાદનો અંશ; લિપ્યાંકનસૌજન્ય : નિરુપમ છાયા

18

---

## સાભાર નોંધ

### (કવિતા)

(૧૧૦) અંઈ વખતની લીલીહૂકી વાત છે : કિશોર મોદી, બીજી : ૨૦૧૩, આદર્શ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨૮, રૂ. ૧૨૫/- (૧૧૧) પરપોટાની જાત : નેહા પુરોહિત, ૨૦૧૪, માહી પ્રકાશન, સુભાષનગર, ભાવનગર, પૃ. ૯૬, રૂ. ૧૦૦/- (૧૧૨) નામ લખી દઉં : હરિવદન જોશી, ૨૦૧૪, કાવ્યત્રિવેણી, ભરૂચ, પૃ. ૧૬+૭૨, રૂ. ૮૦/- (૧૧૩) થાય થોડી વાર પણ : જગદીશ સાધુ, ૨૦૧૪, સાંનિધ્ય પ્રકાશન, સુરત, પૃ. ૭૨, રૂ. ૭૦/- (૧૧૪) તત્પરા : ગુણવંત ઉપાધ્યાય, ૨૦૧૪, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, અમદાવાદ, પૃ. ૮+૯૬, રૂ. ૧૦૦/- (૧૧૫) પર્જન્ય : ગુણવંત ઉપાધ્યાય, ૨૦૧૪ નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ/અમદાવાદ, પૃ. ૮+૧૦૦, રૂ. ૧૦૦/- (૧૧૬) લયવલય : ફારૂક ઘાંચી ‘બાબુલ’ ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૮+૧૨૬, રૂ. ૧૫૦/- (૧૧૭) પાનખરે ફૂટ્યાં પાન : દેવ ચૌધરી, ૨૦૧૪, તરંગ પ્રકાશન, ધીણોજ, પૃ. ૧૨+૮૪, રૂ. ૧૦૦/- (૧૧૮) વારતા રે વારતા : મીનાક્ષી ચંદારાણા ૨૦૦૮, એ/૨૨૮, સૌરભ પાર્ક, સુભાનપુરા, વડોદરા-૨૩, પૃ. ૧૨૦, રૂ. ૧૦૫

# સાંપ્રત ગુજરાતી રંગભૂમિ

ધ્વનિલ પારેખ

નાટક સાહિત્યસ્વરૂપ કે વિશિષ્ટ કલાસ્વરૂપ આ વિવાદ હજી ગુજરાતી ભાષામાં જોવા મળે છે. આપણે મુદ્રિત નાટકો અને મંચિત નાટકો એવો ભેદ કરીને હજી પણ ચાલીએ છીએ. ભરત દવેએ આ બાબત આ રીતે નોંધી છે – ''...સાહિત્યકારોએ બીજો એક માર્ગ શોધી કાઢ્યો છે. નાટક ન ભજવાય તો પણ તેનું સર્જન કર્યાનો યશ અનામત રહે. આ માટે તેમણે નાટ્યલેખનના પ્રકાર પાડ્યા છે : 'તખ્તાલાયકી નાટકો' ને 'બિનતખ્તાલાયકી નાટકો !' (કમ સે કમ મૈં તો આવો ભેદ દુનિયાની બીજી કોઈ ભાષાનાં નાટકોમાં નથી જાણ્યો !)[૧] આ ભેદથી નથી ચાલતું ત્યાં મુંબઈની ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતની ગુજરાતી રંગભૂમિ એવો ભેદ પણ કરીએ છીએ. એ ભેદને કારણે એકબીજાનાં નાટકો પ્રત્યે ઓરમાયા વર્તનથી જોવાની એક કુટેવ પણ ઘર કરી ગઈ છે. પ્રવીણ સોલંકીએ આ સ્થિતિને આ રીતે વર્ણવી છે – ''મુંબઈની રંગભૂમિ ગુજરાતમાં પારકી ગણાય છે અને મુંબઈમાં ગુજરાતની. ત્રિશંકુ જેવી દશા છે એની.''[૨] મારે માટે એ બહુ સ્પષ્ટ છે કે ભજવાય તે જ નાટક અન્યથા એ બીજું કંઈ પણ, પણ નાટક તો નહીં જ !

વિષયનો વ્યાપ મોટો છે એટલે એ વિશેની સ્પષ્ટતા પણ પહેલાં કરી લેવી જરૂરી છે. અહીં માત્ર દીર્ઘનાટકોને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરી છે. ૨૦૦૦થી ૨૦૧૩ – આ તેર વર્ષ દરમિયાન ગુજરાતી રંગભૂમિ ઉપર જે કંઈ મહત્ત્વનું કાર્ય થયું એની નોંધ લેવાનો અહીં પ્રયત્ન છે. જ્યાં ગુજરાતી ભાષામાં નાટક ભજવાય એ ગુજરાતી રંગભૂમિ એ અર્થ મને અભિપ્રેત છે, પછી એ ગુજરાત હોય કે વિશ્વનો કોઈ પણ ખૂણો ! દર વર્ષે સરેરાશ ૩૦ નવાં નાટકો ગુજરાતી રંગભૂમિ પર ભજવાય છે તો ૧૩ વર્ષનાં ૩૯૦ નાટકો થાય. આ ૩૯૦ નાટકો વિશે અહીં વાત કરવાનો ઉપક્રમ નથી એ બહુ સ્પષ્ટ છે. અહીં તો એવાં નાટકો અને દિગ્દર્શકો વિશે વાત કરવી છે કે જેમણે આ ૧૩ વર્ષ દરમિયાન કશું નોંધપાત્ર કામ કર્યું હોય અને એ દ્વારા સાંપ્રત ગુજરાતી રંગભૂમિના રંગો ઉઘાડી આપવા છે. સાથે એ વાત પણ છે કે વ્યાવસાયિક રંગભૂમિનો સદંતર છેદ ઉડાડી દેવો પણ શક્ય નથી. ત્યાં પણ જુદા રંગો દેખાયા હોય તો એ વિશે પણ હું ચર્ચા કરીશ.

આ સદીનાં પ્રારંભનાં નાટકો પર આવું એ પહેલાં ગત સદીનાં અંતિમ વર્ષોમાં કેવાં નાટકો ભજવાયાં એના થોડા રંગો જોઈ લઈએ. 'ગાંધી વિરુદ્ધ ગાંધી', 'માસ્ટર ફૂલમણિ', 'તિરાડે ફૂટી કૂંપળ', અને 'ચાણક્ય' આ નાટકો ગુજરાતી રંગભૂમિ પર સતત

ચર્ચામાં રહ્યાં. મિહિર ભૂતાલિખિત અને નૌશિલ મહેતાદિગ્દર્શિત કલાપીના જીવન પર આધારિત 'હૃદયત્રિપુટી' પણ ભલે એના ઓછા પ્રયોગો થયા હોય પણ એક નોંધપાત્ર નાટક ગણવું રહ્યું. નર્મદના જીવન પર આધારિત ચંદ્રકાન્ત શાહનું 'નર્મદ ! મારી હકીકત' પણ એક નોંધપાત્ર પ્રયોગ ગણવો રહ્યો. ટૂંકમાં, સાહિત્ય અને તખ્તો બંને જીવંત થઈ ઊઠે અને એ દ્વારા સઘન નાટ્યરસનો અનુભવ થાય એવાં નાટકો ગત સદીનાં અંતિમ વર્ષોમાં મળે છે. એ રંગભૂમિના અજવાસમાં ચાલો આ સદીનાં પ્રારંભનાં નાટકોની માંડણી કરીએ.

સાંપ્રત ગુજરાતી રંગભૂમિ પર ભજવાતાં નાટકો વિશે કપિલદેવ શુક્લ માને છે, ''આ તો જાણે મંડળ કમંડળે વેચાઈ જતા હાસ્યાસ્પદ નાટકોનો સમય ચાલે છે. વધારે શો કરવા એકથી વધુ ખરાબ બીજા કરતાં થાય છે. તેની સામે કહેવાતાં પ્રયોગશીલ નાટકો પણ એટલા જ બકવાસ હોય છે. મોટે ભાગે તે લોકો નાટક સાથે પ્રયોગ કરતાં રહે છે. નાટકમાં નહીં. આ બેઉ એમ માને કે અમે સાચાં નાટકો કરીએ છીએ.'[3] કપિલદેવ શુક્લની ફરિયાદ બંને પ્રકારનાં નાટકો સામે છે. આ ફરિયાદને જરા ધ્યાનમાં રાખીને આગળ વધીએ.

'માસ્ટર ફૂલમણિ' જેવા નાટક દ્વારા મનોજ શાહે ગુજરાતી રંગભૂમિ પર પોતાનું નામ અંકે કરી લીધું છે. આઇડિયાઝ અનલિમિટેડનાંના ઉપક્રમે આ વર્ષોમાં પણ એમની પાસેથી ૨૫થી વધારે દીર્ઘનાટકો મળે છે. એમાં 'મરીઝ', 'અમરફળ', 'અપૂર્વ અવસર', 'અપૂરવ ખેલા', 'જલ જલ મરે પતંગ', 'મમ્મી ! તું આવી કેવી !', 'ૠણાનુબંધ', 'વસ્તુપાળ-તેજપાળ', 'સિદ્ધહેમ' વગેરે છે. 'અપૂર્વ અવસર' - શ્રીમદ્ રાજચંદ્ર, 'અપૂરવ ખેલા' - કવિ આનંદઘન અને 'વસ્તુપાળ-તેજપાળ' એ જ નામના ચરિત્રોને કેન્દ્રમાં રાખે છે. અહીં જૈન ધર્મનો પ્રભાવ સ્પષ્ટ છે. પરંતુ 'માસ્ટર ફૂલમણિ' પછી મનોજ શાહનું મહત્ત્વનું નાટક 'મરીઝ' છે. મરીઝના જીવનની સંકુલતાઓ ધર્મેન્દ્ર ગોહિલના મરીઝ તરીકેના અત્યંત હૃદયસ્પર્શી અભિનયને કારણે પ્રગટે છે. 'અમરફળ' કે 'અપૂર્વ અવસર'માં પણ એવો જ સાર્થક અભિનય ધર્મેન્દ્ર ગોહિલનો જોવા મળે છે. ગીત, સંગીત, સન્નિવેશ અને અભિનેય નાટકના વિવિધ પાસાં સાથે મનોજ શાહ ગંભીરપણે કામ કરે છે પણ એમાં 'અખો આખાબોલો' કે 'અપૂરવ ખેલા' જેવી નિષ્ફળતા પણ મળે છે. કવિ આનંદઘનનાં ચરિત્ર પર આધારિત 'અપૂરવ ખેલા' નાટક જ બનતું નથી ! એવું જ 'અખો આખાબોલો'માં પણ થાય છે. બાકી, મનોજ શાહ અને ધર્મેન્દ્ર ગોહિલ ગુજરાતી રંગભૂમિના તેજસ્વી રંગો છે, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

કપિલદેવ શુક્લ સુરતની જ નહીં પણ સમગ્ર ગુજરાતી રંગભૂમિનું ઊજળું નામ છે. 'આખરની આત્મકથા', 'રતનલાલની અમ્મા', 'બીજું કોઈ નથી', 'ન્યાયદંડ', 'એક સપનું બડું શયતાની', 'થેન્ક યુ મિ. ગ્લાડ' જેવાં નાટકો આ સમયગાળામાં એમની પાસેથી

મળે છે. ૪૦થી વધારે ત્રિઅંકી નાટકના દિગ્દર્શનનો એમનો અનુભવ છે. વર્તમાન અને ભૂતકાળની સહોપસ્થિતિ દ્વારા એ દશ્યને જુદું પરિમાણ આપે છે અને સહજતાથી રંગભૂમિ ઉપર પ્રસ્તુત કરે છે. 'આખરની આત્મકથા' એમની દિગ્દર્શક તરીકેની સર્જકતા અને ગુજરાતી રંગભૂમિનું પણ આ સમયગાળાનું બળકટ નાટક છે. આ નાટક ૯૧ વર્ષના વૃદ્ધની આત્મકથા રૂપે ભૂતકાળ અને વર્તમાનની સહોપસ્થિતિ સાથે રજૂ થાય છે. 'બીજું કોઈ નથી' અને 'ન્યાયદંડ'માં પણ આ પ્રકારનાં દશ્યો જોવા મળે છે. આ પ્રકારનાં દશ્યો આદત બની ગઈ હોય એમ એમનાં મોટાભાગનાં નાટકોમાં જોવા મળે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અને રાજ્યસ્તરનાં સૌથી વધારે સન્માનો ગુજરાતી નાટ્ય દિગ્દર્શક તરીકે કપિલદેવ શુક્લને મળ્યાં હશે અને એ રીતે ગુજરાતી રંગભૂમિની ગુજરાત બહાર ઓળખ પ્રસ્થાપિત કરવામાં એમનો મોટો ફાળો રહ્યો છે.

સુરત પાસે કપિલદેવ શુક્લ છે તો વડોદરા પાસે ફણીશાઈ ચારી - પી.એસ. ચારી છે. જે શહેર પાસે પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં સમૃદ્ધ નાટ્ય વિભાગ હોય એ શહેર નાટ્યક્ષેત્રે સતત અપૂરવ કરતું રહે એ અપેક્ષા સહજ છે, એ અપેક્ષા કેટલી પાર પડતી હોય છે એ તો ખબર નથી પણ ચારી સતત અને પ્રમાણમાં અન્ય દિગ્દર્શકો હામ ન ભીડે એવાં નાટકો ભજવવાની હામ ભીડે છે. 'કહો, મકનજી ક્યાં ચાલ્યા ?', 'શર્વિલક', 'ડાકઘર', 'તર્પણ' વગેરે નાટકો આ સમયગાળામાં એમની પાસેથી પ્રાપ્ત થાય છે. સયાજીરાવ ગાયકવાડના જીવન પર આધારિત એમનું છેલ્લું નાટક છે 'ગોપાલ અને સયાજી'. 'કહો, મકનજી ક્યાં ચાલ્યા ?' વિશે આપણે જાણીએ છીએ તેમ સિતાંશુ યશશ્ચંદ્રનું આ નાટક પૂર્વે નિમેશ દેસાઈએ ભજવ્યું હતું. દિગ્દર્શક તરીકે ચારીની શૈલી પ્રશિષ્ટ રહી છે. ટોટલ થિયેટરનો અનુભવ એમના 'કહો, મકનજી ક્યાં ચાલ્યા ?', 'શર્વિલક', 'ડાકઘર' વગેરે નાટકોમાંથી થાય છે. 'ડાકઘર' જુદાં રંગો, ગીતો, નૃત્યો સાથે એ રજૂ કરે છે અને પ્રમાણમાં નીરસ કહી શકાય એવાં રવીન્દ્રનાથ ટાગોરના નાટકને જુદું પરિમાણ આપે છે. સંનિવેશમાં ફ્રેમનો ઉપયોગ અને પાત્રપ્રવેશ વખતે કોરસગાનનો વિનિયોગ જેવી શૈલીની એકવિધતા એમનાં નાટકોમાં જોવા મળે છે.

૩૬ વર્ષની રંગયાત્રા દરમિયાન નિમેશ દેસાઈ ૯૮ જેટલાં દીર્ઘનાટકો દિગ્દર્શિત કરે છે અને આ ૧૩ વર્ષ દરમિયાન સરેરાશ ૦૩ નાટકોની સંખ્યાએ ચાળીસેક નાટકો દિગ્દર્શિત કરે છે. પ્રવીણ સોલંકીના નામે સૌથી વધુ ૧૮૮ નાટકો લખવાનો વિક્રમ હશે તો નિમેશ દેસાઈના નામે દિગ્દર્શન કરવાનો ! 'ખગ્રાસ', 'ચુરકુમારસભા', 'સૂરજને પડછાયો હોય', 'સગપણ એક ઉખાણું', 'આ માણસ મદ્રાસી લાગે છે', 'એક સપનું બડું શયતાની', 'ગોડસે@ગાંધી.કોમ', 'માણસ માત્ર અધૂરા', 'વળતર' વગેરે આ સમયગાળાનાં એમનાં મહત્ત્વનાં નાટકો છે. 'મળેલાં જીવ'માં મેળાનું વાતાવરણ અને ગીતોનો વિનિયોગ અને ખાસ કરીને પ્રકાશ-આયોજન નાટકને જુદું બનાવે છે. એ જ

રીતે 'ચિરકુમારસભા'માં બંગાળી વાતાવરણ અને ભાષાનો લહેકો દિગ્દર્શક ઊભાં કરી શક્યાં છે. ગાંધીજી અને ગોડસે વચ્ચેની ઉગ્ર ચર્ચા એ 'ગોડસે@ગાંધી.કોમ' નાટકનું કથાવસ્તુ છે. જનક દવેએ એને એક આગવા અનોખા નાટક તરીકે ઓળખાવ્યું છે.[૪] પણ ઘણાં નાટકો કરવાની ઘેલછા અને નાટકમાં ઘણું કરવાની મહેચ્છા નિમેશ દેસાઈ પાસેથી સ્પર્શી જાય એવું બહુ ઓછું કામ સંપડાવે છે.

વ્યાવસાયિક નાટકોનું આક્રમણ મુંબઈમાં બહુ મોટું છે. ઘણા મોટા અને સારા કલાકારો, દિગ્દર્શકોએ પણ એને કારણે ધોરણ વગરનાં સમાધાનો કરવાં પડે છે. સિદ્ધાર્થ રાંદેરિયા એ રીતે તરત યાદ આવતું નામ છે. વ્યાવસાયિક અને સમાંતર રંગભૂમિ પર જરા જુદાં નાટકો કમલેશ મોતા ભજવે છે. 'કલાપી', 'મુક્તિધામ', 'મૃત્યુંજય', 'સરસ્વતીચંદ્ર', 'નરસૈયાનો નાથ', 'ભગવાનનો ભાગ આપો', 'ઓળખાણ', 'કાચના સંબંધ', 'બદલાતા ચહેરા' વગેરે નાટકો આ સમયગાળામાં એમની પાસેથી મળે છે. દિગ્દર્શકની પ્રકાશઆયોજનની પોતાની સૂઝ હોવાને કારણે એમનાં નાટકોમાં એ અનોખું પરિબળ બની રહે છે. 'મુક્તિધામ' નાટકનો પડદો ખૂલે ને બનારસનો ઘાટ ઝળહળે એ દૃશ્ય જ એમની એ સૂઝને પ્રગટ કરી આપે છે. વ્યાવસાયિક નાટક કરવાનું હોય ત્યારે પણ એમાં છીછરું મનોરંજન ન પ્રવેશે એ બાબતે આ દિગ્દર્શક સભાન છે અને એ સભાનતા જ એમની પાસે જુદાં નાટકો કરાવે છે.

સૌમ્ય જોશી, આ સમયગાળાનું વધારે ચર્ચાતું નામ રહ્યું છે. સમાંતર રંગભૂમિ અને વ્યાવસાયિક રંગભૂમિ બંનેને અનુકૂળ આવે એવાં નાટકો ભજવવાની હવે સૌમ્યને ફાવટ આવી ગઈ છે. 'આઠમા તારાનું આકાશ', 'વેલકમ જિંદગી', '૧૦૨ નૉટ આઉટ'માંથી પાછલાં બે નાટકો તો ટિકિટબારીએ પણ સફળ થયાં છે અને હજી એના પ્રયોગો થાય છે. સૌમ્યનાં નાટકોમાં દૃશ્યની એક સુવાંગ રજૂઆત અને લેખક-દિગ્દર્શક તરીકેનો સર્જનાત્મક સ્પર્શ જોવા મળે છે. એથી કશુંક નવું જોયાનો આનંદ પણ થાય છે. 'વેલકમ જિંદગી'માં બાપ-દીકરા વચ્ચેનો કોમ્યુનિકેશન ગૅપ હૃદયસ્પર્શી રીતે રજૂ થયો છે. '૧૦૨ નૉટ આઉટ'ના પ્રથમ અંકનો અંત યાદ કરીએ તો દિગ્દર્શક તરીકેની સૌમ્યની સૂઝનો ખ્યાલ આવે છે. લેખક અને દિગ્દર્શક ઉભય તરીકે સૌમ્ય જોશી ગુજરાતી રંગભૂમિને આવનારાં વર્ષોમાં વધુ ઊજળી બનાવશે એવી અપેક્ષા અસ્થાને નથી.

હવે, કેટલાંક આ સમયનાં મહત્ત્વનાં નાટકો. નૌશિલ મહેતા નાટ્યલેખક ઉપરાંત નાટ્યદિગ્દર્શન પણ કરે છે. ગત વર્ષોમાં 'હૃદયત્રિપુટી' નાટક આપનાર આ દિગ્દર્શક બે પાત્રોનું 'પત્રમિત્રો' નાટક આપે છે. આ નાટક એ. આર. ગુર્નીના 'લવલેટર્સ' પર આધારિત છે ને હિન્દીમાં એ 'તુમ્હારી અમૃતા'ને નામે જાણીતું છે. દર્શન જરીવાલા અને મલ્લિકા સારાભાઈ-અભિનીત આ નાટકમાં વાચિક મહત્ત્વનું છે એટલે જ નાટકના

સંવાદો અને ભાષા મહત્ત્વનાં છે અને એ તમામ સ્તરે આ નાટક આ સમયગાળાનું આગવું નાટક સાબિત થાય છે. વ્યાવસાયિક રંગભૂમિનું જાણીતું નામ ઉમેશ શુક્લ મરાઠી રંગભૂમિન અત્યંત જાણીતું નાટક 'શોભાયાત્રા' ગુજરાતીમાં ભજવવાની હિંમત દાખવે છે. રાજકીય કટાક્ષ આ નાટકોનો મુખ્ય સૂર છે. પ્રજાસત્તાક દિને નીકળનારી શોભાયાત્રામાં ભારતના મહાપુરુષોનો વેશ ધારણ કરવાનો છે. પણ વેશ અને આચરણ વચ્ચે જે તે કલાકારમાં રહેલું અંતર નાટકનો વિષય  બને છે. આવા ગંભીર વિષયની રજૂઆત કલાકારોના સંયમિત અભિનય, વેશભૂષા અને રંગભૂષાને કારણે જુદી તરી આવે છે.

ગુજરાતી ભાષામાં નાટક લખાવાની શરૂઆત થઈ એ સમયગાળાનું દલપતરામનું નાટક 'મિથ્યાભિમાન' મહેન્દ્રસિંહ પરમાર આ સદીના પ્રારંભનાં વર્ષોમાં ભજવે છે. નાટકનાં લેખન અને ભજવણી વચ્ચે સમયનું મોટું અંતર છે, એ દિગ્દર્શક જાણે છે અને એ પ્રમાણે સમયોચિત ફેરફાર કરી પ્રશિષ્ટ શૈલીમાં એ નાટક ભજવે છે. પ્રકાશ-આયોજન, છંદોબદ્ધ કાવ્યોનું ગાન અને જીવરામ ભટ્ટ તરીકે કવિત પંડ્યાનો અભિનય આ બધાંને કારણે 'મિથ્યાભિમાન'ને મૂછ ઊંચી કરીને 'મિથ્યા' 'અભિમાન' વગર આપણે આ સમયગાળાનું મહત્ત્વનું નાટક કહી શકીએ. એવું જ મહત્ત્વનું નાટક 'જળને પડદે' છે. અહીં કવિ કાન્તના જીવનસંઘર્ષની ક્ષણો કેન્દ્રમાં છે. કથક અને કાન્તની બેવડી ભૂમિકા કમલ જોશી ભજવે છે. અને હા, દિગ્દર્શક તરીકેની ત્રીજી ભૂમિકા તો ખરી જ ! એક જ અભિનેતા દ્વારા રજૂ થતું આ નાટક કમલ જોશીના પાત્રાનું રૂપ અભિનયને કારણે કાન્તને તખ્તા પર જીવંત કરે છે. આ નાટકના પચાસથી વધુ પ્રયોગો થયા એ પણ ગુજરાતી રંગભૂમિ માટે સારી નિશાની ગણી શકાય. કમલ જોશીએ મધુ રાયનું અત્યંત સંકુલ નાટક 'સુરા અને શત્રુજિત' ભજવવાની હિંમત પણ કરી હતી. કિરણ પાટીલ બહુ જાણીતું નામ નથી પણ વિજય તેન્ડુલકરનું જાણીતું નાટક 'અશી પાખરે યેતી'નું ગુજરાતી રૂપાંતર 'આવ રે વરસાદ' જુદી રીતે ભજવે છે અને ચિત્રલેખાની સ્પર્ધામાં અનેક પારિતોષિક જીતે છે. પોતાનાં સ્વભાવ, વાણી અને વર્તનથી અન્યમાં આત્મવિશ્વાસ જગાડનાર નાયક જે ઘરમાં આશરો લે છે એ ઘરની યુવતીના મનની સંકુલતાઓ ખોલી આપીને એને પણ હસતી-રમતી કરે છે, એવું કથાનક ધરાવતું આ નાટક ગુજરાતી કાવ્યપંક્તિઓના સથવારે હૃદયસ્પર્શી બની રહે છે.

ધર્મેન્દ્ર ગોહિલ સરસ અભિનેતા છે તો દિગ્દર્શનની સૂઝ પણ ધરાવે છે એનો ખ્યાલ 'મીરાં' નાટકથી આવે છે. વરસાદથી બચવા ખંડેરમાં પ્રવેશતી મીરાં રાઠોડનો પરિચય ત્યાં છુપાયેલી રબારણ સાથે થાય છે, વાતચીત થાય છે ને ભીતરી સ્તરો ખૂલતાં જાય છે. મીરાં રાઠોડ આજની નારી અને રબારણ મીરાંબાઈને પ્રતિબિંબિત કરતી હોય એ રીતે નાટકનું ચુસ્ત આલેખન અને દિગ્દર્શન જોવા મળે છે. મીરાંબાઈથી મીરાં રાઠોડ

સુધીની નારીની સંઘર્ષયાત્રા તખ્તા પર નાટકના સ્વરૂપે ભજવાય છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની સ્પર્ધામાં પ્રથમ વિજેતા થનાર શેક્સપિયરના જાણીતા નાટક ‘મેકબેથ’માં સોનલ વૈદ્ય કુલકર્ણી તત્કાલીન સમયને તખ્તા પર ઉજાગર કરવામાં સફળ થાય છે. વેશભૂષા, પ્રકાશ-આયોજન અને સંગીત એ માટે ઉપકારક બની રહે છે. જોકે, નાટકની મંથર ગતિને હજી વેગ આપી શકાય એમ છે. જામનગરના વિરલ રાચ્છે ‘લેડી લાલકુંવર’ અને ‘લવ યુ જિંદગી’ જેવાં જુદાં નાટકો ભજવવાનો પ્રયાસ જરૂર કર્યો છે. લંડનનું ગ્લોબ થિયેટર, જ્યાં શેક્સપિયરનાં નાટકો ભજવાતાં હતાં એ ગ્લોબ થિયેટર (નવા રૂપ)માં શેક્સપિયરનું નાટક ગુજરાતીમાં ‘મારો પિયુ ગયો રંગૂન’ નામે ભજવાય ત્યારે અત્યંત આનંદ થાય એ સ્વાભાવિક છે. પણ આ આનંદ નાટક લંડનમાં ભજવાયું, એ વાત પૂરતો સીમિત રહે છે. મિહિર ભૂતા જેવા લેખક, સત્યદેવ દૂબે પાસે તાલીમ પામેલા સુનીલ શાનબાગ જેવા દિગ્દર્શક, ઉત્કર્ષ મજુમદાર-ચિરાગ વોરા-મીનળ પટેલ જેવાં અભિનેતા હોવા છતાં આ નાટક નાટક જ બનતું નથી. લેખનમાં રહેલી મંથરતા એ માટે સૌથી મોટું કારણ લાગે છે. આ સંગીત-નાટક છે. ગીતો અહીં નવાં છે પણ માત્ર ગીતો એ નાટક નથી. માનસી પારેખ ગોહિલના કંઠે રજૂ થતાં ગીતો અને એનો અસરકારક અભિનય આ નાટકના જમાપક્ષે છે. બાકી, પિયુ તો રંગૂન ગયો પણ નાટક ક્યાં ગયું, એવો પ્રશ્ન થયા વિના રહેતો નથી !

હવે, વાત વ્યાવસાયિક રંગભૂમિના જરા જુદાં તરી આવતાં નાટકોની કરીએ. વ્યાવસાયિક નાટકોની જુદી દુનિયા છે અને એ નાટકો જોનારો બહોળો વર્ગ છે. એવા વર્ગ વિશે ઉત્પલ ભાયાણીએ આવી ટીકા કરી છે, ‘‘માત્ર નાટકનાં ‘વિષય’ કે ‘વાર્તા’ અંગે પ્રેક્ષકોની પસંદગી મર્યાદિત કે સંકુચિત હોય એવું નથી. કથાનક, રજૂઆત, કલાકારો, અરે સન્નિવેશ સુધ્ધાં અને સારા શબ્દોમાં કહેવું હોય તો ‘જાણીતાં’ અને ખરાબ શબ્દોમાં કહેવું હોય તો ‘ચીલેચલુ’ જોઈએ છે. નવો વિષય, નવો વિચાર, નવું સ્વરૂપ કે નવો ચહેરો સ્વીકારતાં, આવકારતાં આપણા પરંપરાગત પ્રેક્ષકને ન સમજાય એવી તકલીફ પડે છે. ભાઈદાસ કે તેજપાલ એનું એ જ હોય, ત્યાં મળતાં બટાકાવડા કે સૅન્ડવિચ એનાં એ જ હોય, એમ ત્યાં ભજવાતાં નાટકો પણ એનાં એ જ હોય એવો દુરાગ્રહ રંગભૂમિના વિકાસને રૂંધી નાખે છે.’’૫ વાત સાચી છે. વ્યાવસાયિક રંગભૂમિની સ્થિતિ કૈંક આવી જ છે. વ્યાવસાયિક રંગભૂમિ પરનાં નાટકો એટલે પડદો ખૂલે કે ઘરનો દીવાનખંડ હોય, એમાં નોકરનો કઢંગી ચેષ્ટાઓ દ્વારા પ્રવેશ થાય, પતિ-પત્ની વચ્ચે સતત નોંકઝોંક ચાલતી રહે, વચ્ચે એસ.એમ.એસ. પ્રકારના જોક્સ આવે અને અંતે અણધાર્યા ને ક્યારેક તો ગળે ન ઊતરે એવાં વળાંક સાથે નાટક પૂરું થાય. પ્રેક્ષક સતત ખિખિયાટા કરતો રહે એની કાળજી આવાં નાટકો પાછળ લેવાતી હોય છે અને કેવળ મનોરંજનનો ભૂખ્યો પ્રેક્ષક ખિખિયાટા મારતો તાબોટા પાડતો જાય છે. પણ આવી સ્થિતિ

વચ્ચેય વિષય કે રજૂઆત સંદર્ભે જુદું કામ નથી જ થયું એવું કહી શકાય એમ નથી. ચાલો, એવાં થોડાં નાટકોની વાત કરીએ –

વિપુલ મહેતા-દિગ્દર્શિત 'લાલીલીલા' નાટક સયામિઝ ટ્વિન્સ એટલે કે કરોડરજ્જુના મણકાથી એકબીજા સાથે જોડાયેલાં બહેનોની સમસ્યાને રજૂ કરે છે. શરીરથી જોડાયેલી બહેનોને તખ્તા પર રજૂ કરવામાં જ એક નવતર પ્રયોગ જોવાં મળે છે. દેવેન્દ્ર પેમેનાં લેખનમાં હાસ્ય-કરુણનું એવું મિશ્રણ થયું છે કે, નાટકને એક ગતિ મળે છે અને એમાં બે બહેનો તરીકે દિશા વાકાણી અને મોસમનો યાદગાર અભિનય આ નાટકને 'નોંધપાત્ર' નાટક બનાવે છે. વિપુલ મહેતા-દિગ્દર્શિત 'ઝીરો બની ગયો હીરો' અને અરવિંદ ઠક્કર-દિગ્દર્શિત 'અજબ ગજબ કસબ' નાટકના કેન્દ્રમાં આતંકવાદ છે. 'ઝીરો બની ગયો હીરો' નાટકમાં મુખ્ય પાત્ર મૂંગો છોકરો છે અને એ આતંકવાદીને ઓળખે છે. મૂંગા છોકરા પાસેથી આતંકવાદીની ઓળખ મેળવવાની મથામણનું આ નાટક છે. બાળક તરીકે હાર્દિક સાંગાણી અને આતંકવાદી તરીકે સનત વ્યાસનો અભિનય નાટકને જુદો રંગ આપે છે. 'અજબ, ગજબ, કસબ'માં ૨૬/૧૧ના હુમલાની ઘટના કેન્દ્રમાં છે. કસબની મુક્તિ માટે ઉપરાષ્ટ્રપતિની પૌત્રીના અપહરણની યોજના એક થ્રિલર નાટકનો અનુભવ કરાવે છે. રીંકુ પટેલ, રાજ વઝીર અને જિતેન્દ્ર સુમરાનો ધાડપાડુ તરીકેનો અસરકારક અભિનય આ નાટકના જમાપક્ષે છે. સુરતના પંકજ પાઠકજી દિગ્દર્શિત 'ચાલો, આવો છો ને ?' નાટક ઈશ્વર સાથેના ઝઘડાને કેન્દ્રમાં રાખે છે. ઈશ્વર પાસેથી સતત જીવવા માટેનો ઓવરટાઇમ માગતો નાયક અને એની દ્વિધાની હસતી-રમતી રજૂઆત પણ નોંધપાત્ર છે. એન્કાઉન્ટર જેવાં વિષયને લઈને 'એન્કાઉન્ટર' નાટક ભજવવાનું સાહસ એમણે કર્યું પણ એન્કાઉન્ટર પાછળની ફિલૉસોફીમાં નાટક સરી જવાને કારણે નાટક રહેતું નથી.

ઉમેશ પારેખ-દિગ્દર્શિત અને નૌશિલ મહેતા-લિખિત 'એક અનોખી ઓળખાણ' નાટક પણ એના વિષયવસ્તુને કારણે જુદું પડે છે. સીબી.આઈ. જેવી રાષ્ટ્રીય તપાસની એજન્સી કોઈ કિસ્સામાં શું શું કરી શકે અને શું શું ન કરી શકે એ વસ્તુ આ નાટકના કેન્દ્રમાં છે. પ્રમાણમાં શુષ્ક લાગતા વિષયને લેખન અને દિગ્દર્શન નાટક બનાવે છે. મેહુલ બૂચ-દિગ્દર્શિત 'એક છોકરી સાવ અનોખી' નાટકના શીર્ષક પ્રમાણે અકસ્માતને કારણે અપંગ થયેલી યુવતીના સંઘર્ષને કેન્દ્રમાં રાખે છે. અપંગ થયા પછી પણ ખુમારી સાથે જીવન સામે બાથ ભીડતી અનોખીના પાત્રમાં ભામિની ગાંધીનો હૃદયસ્પર્શી અભિનય આ નાટકને અલગ બનાવે છે. ઉમેશ શુક્લ-દિગ્દર્શિત, ભાવેશ માંડલિયા-લિખિત 'કાનજી વિરુદ્ધ કાનજી' એના વિષયવસ્તુને કારણે જુદું પડે છે. નાસ્તિક કાનજી ઉપરવાળા કાનજી પર ખટલો માંડે છે અને પોતાને થયેલા નુકસાનની ભરપાઈ કાનજીના પ્રતિનિધિ ધર્મગુરુઓ કરે એવી ઇચ્છા રાખે છે. આ નાટક આસ્થાળુઓને સ્ફોટક લાગે

એવા સંવાદો અને વાસ્તવિકતાને નાટ્યાત્મક રીતે રજૂ કરવાના કારણે નોંધપાત્ર બને છે. એના પરથી બનેલી ફિલ્મ 'ઓહ માય ગૉડ'ની સફળતા પણ એના જુદા વિષયની રજૂઆતને દઢાવે છે. વિપુલ મહેતા-દિગ્દર્શિત 'ચીનીમીની'માં પણ જોડિયા બહેનોની વાત છે પણ એક થેલેસેમિયા મેજરનો ભોગ બની છે. રોગને કારણે સંબંધોમાં કેવી ઊથલપાથલ થાય છે એ આ નાટકના કેન્દ્રમાં છે.

વિષયવસ્તુની દષ્ટિએ આ સમયગાળાનાં નાટકોમાં કેટલીક નોંધપાત્ર બાબતો જોવા મળે છે - (૧) 'ગાંધી વિરુદ્ધ ગાંધી'ની સફળતા પછી ગાંધીજી મુખ્ય પાત્ર રૂપે કે ગૌણ પાત્ર રૂપે કે ગાંધીવિચાર રૂપે રંગભૂમિ પર સતત અવતરતાં રહ્યાં છે. હરિન ઠાકર-દિગ્દર્શિત 'ગાંધી બીફોર ગાંધી', મિહિર ભૂતા-દિગ્દર્શિત 'સરદાર', મનોજ શાહ-દિગ્દર્શિત 'અપૂર્વ અવસર', નિમેશ દેસાઈ-દિગ્દર્શિત 'ગોડસે@ગાંધી.કોમ' અને 'હું છું મોહનદાસ' 'કસ્તૂરબા' – આ નાટકોમાં ગાંધીજી કોઈ ને કોઈ રીતે તખ્તા પર જીવંત થાય છે.

(૨) વિષયવસ્તુ તરીકે સર્જકના જીવનની પસંદગી પણ ઘણાં નાટકોની સામગ્રી બને છે. ચં. ચી.એ અખો અને નર્મદનાં જીવનને કેન્દ્રમાં રાખીને નાટકો લખ્યાં હતાં. ગત સદીનાં અંતિમ વર્ષોમાં ચંદ્રકાન્ત શાહ દ્વારા નર્મદ ફરી તખ્તા પર અવતરે છે તો આ સદીના પ્રારંભે મનોજ શાહ-દિગ્દર્શિત 'અખો આખાબોલો'માં અખો, 'મરીઝ'માં મરીઝ, 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ રાજચંદ્ર, 'સિદ્ધહેમ'માં હેમચંદ્રાચાર્ય, 'અપૂરવ ખેલા'માં આનંદઘન, 'જલ જલ મારે પતંગ'માં મણિલાલ નભુભાઈ, કમલેશ મોતા-દિગ્દર્શિત 'કલાપી'માં કલાપી, કમલ જોશી-દિગ્દર્શિત 'જળને પડદે'માં કાન્ત મહેન્દ્રસિંહ પરમાર અને પછી પીયૂષ ભટ્ટ-દિગ્દર્શિત 'ધૂળનો સૂરજ'માં જયંત ખત્રી – નાટકોમાં આ સર્જકોના જીવનની સંકુલતાઓ તખ્તા પર પ્રત્યક્ષ થાય છે. આ સર્જકોને પ્રત્યક્ષ ન જોયાનો વસવસો એ રીતે પણ દૂર થાય છે. કારણ કે, આ પ્રકારનાં નાટકોમાં ભલે ક્યાંક નાટક ન બનતું હોય તોપણ મુખ્ય અભિનેતાની જે તે ચરિત્રને ઉપસાવવાની મહેનત તો રહેલી જ હોય છે.

(૩) વૃદ્ધોની સમસ્યા પણ હવે એક વિષય તરીકે નાટકના કેન્દ્રમાં જોવા મળે છે. 'બા રિટાયર્ડ થાય છે'ની સફળતા પછી એ સંજય ગોરડિયાના દિગ્દર્શનમાં અને પદ્મા રાણીના અભિનયમાં આ સમયગાળામાં પુનઃ રજૂ થાય છે. પણ પદ્મા રાણીના અભિનયમાં જુસ્સો હવે જોવા મળતો નથી. સૌમ્ય જોશી-દિગ્દર્શિત '૧૦૨ નૉટ આઉટ'માં જરા અવળી પરિસ્થિતિ છે. ૧૦૨ વર્ષના પિતા ૭૫ વર્ષના પણ વૃદ્ધ એવા પુત્રને વૃદ્ધાશ્રમમાં મોકલવાની વાત કરે છે. વૃદ્ધ પિતા-પુત્રના સંબંધની ખટમીઠી વાતો નાટ્યાત્મક રીતે રજૂ થાય છે. કમલેશ મોતા-દિગ્દર્શિત 'મુક્તિધામ'માં મરણાસન્ન માતાને પોતાની વ્યાવસાયિક કારકિર્દીને કારણે દીકરો બનારસના મુક્તિધામમાં મૂકવા

આવે છે અને પછી થતા દીકરાના હૃદયપરિવર્તનની વાત છે. વૃદ્ધોની સૌથી મોટી સમસ્યા એમની એકલતા છે. ઉંમરનો આ એવો તબક્કો છે કે વૃદ્ધો સંતાનોની નિકટતા ઝંખે છે અને સંતાનો એક યા બીજાં કારણોસર સમય ફાળવી શકતા નથી. સંતાનો માતા-પિતા માટે ઘરમાં જ ફાઇવ સ્ટાર સગવડો ઊભી તો કરી આપે છે પણ એ ફાઇવ સ્ટાર સગવડો હૂંફ નથી આપી શકતી, એ વાત સંતાનો સમજતાં નથી. દિનકર જાની-દિગ્દર્શિત અને પરેશ રાવળ-અભિનીત 'ડીઅર ફાધર' આ જ વાત હૃદયસ્પર્શી રીતે રજૂ કરે છે. સરિતા જોશીઅભિનીત 'તું છે લાજવાબ'માં યાદશક્તિ જવાને કારણે વૃદ્ધ નાયિકા બાળપણનું જીવન જીવે છે. જોઈ શકાય છે કે, વૃદ્ધ તરીકે અને બાળક તરીકે સરિતા જોશીના અભિનય માટેનું અહીં મોકળું મેદાન છે પણ ઢંગધડા વગરનું આલેખન, વ્યાવસાયિક રંગભૂમિની ચવાયેલી પ્રયુક્તિઓ, ટુચકા વગેરેને કારણે અને ખાસ તો સરિતા જોશી થાકી ગયાં છે એવો અનુભવ કરાવતો અભિનય નાટકને નબળું બનાવે છે. સવાલ એ પણ થાય કે સરિતા જોશી જેવી અભિનેત્રીએ આવાં નાટકો કરીને મેળવેલી પ્રતિષ્ઠા શું કામ ગુમાવવી જોઈએ ?

(૪) 'અપૂર્વ અવસર', 'અપૂરવ ખેલા', 'સિદ્ધહેમ', 'વસ્તુપાળ-તેજપાળ', 'મૃત્યુંજય' જેવાં નાટકો દ્વારા રંગભૂમિના માધ્યમથી જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર પણ થતો રહ્યો છે.

(૫) મૌલિક નાટકોના અભાવે હજી પણ આપણી રંગભૂમિ રૂપાંતરિત નાટકોના આધારે ચાલે છે ત્યારે કેટલીક સફળ અને મહત્ત્વપૂર્ણ નવલકથાઓ પરથી પણ નાટકો આ સમયગાળા દરમિયાન થયાં છે. કપિલદેવ શુક્લ પાસેથી ઘણી નવલકથાઓ પરથી રૂપાંતરિત નાટકો મળે છે. 'આખરની આત્મકથા' (આખેરચી આત્મકથા - રાજેન્દ્ર બનહત્તી - મરાઠી), 'ન્યાયદંડ' (ન્યાયદંડ - જરાસંધ - બંગાળી), 'બીજું કોઈ નથી' (બીજું કોઈ નથી, વીનેશ અંતાણી), ધીરુબહેન પટેલ અને મધુ રાયની નવલકથાઓ અનુક્રમે 'આગંતુક' અને 'કિમ્બલ રેવન્સવુડ' પરથી નૌશિલ મહેતાએ કરેલાં રૂપાંતરો 'ભગવાનનો ભાગ આપો' અને 'મનગમતી કન્યાની શોધમાં', 'મળેલાં જીવ', 'વળામણાં' અને 'ફકીરો'નાં નાટ્યરૂપાંતરો અને એની ભજવણી એક બાબત સ્પષ્ટ કરે છે કે ગુજરાતી રંગભૂમિ હજી પણ સંપૂર્ણ મૌલિક નાટકને ઝંખી રહી છે.

(૬) કેટલાંક નાટકનાં શીર્ષક પોતે જ નાટકના વિષયની અને એ નાટક કેટલું ફૂવડ હશે એની ચાડી ખાય છે. વ્યાવસાયિક રંગભૂમિનાં આવાં કેટલાંક શીર્ષકો - 'હાયલા, રમીલા પાછી આવી', 'પરણેલાંને પૂછી જુઓ', 'પરણીને પસ્તાયા', 'શ્રીમતીજી સમજે તો સારું', 'ફૅમિલીની દાંડીકૂચ તો કરો શ્રીગણેશ', 'પરણેલાં છો તો હિંમત રાખો', 'મૅરેજ એટલે મૅરી ગો રાઉન્ડ', 'પપ્પા મારા પ્રાઇવેટ લિમિટેડ', 'બાબો આવ્યો કુરીઅરમાં', 'મારી બાયડી, ભારે વાયડી', 'અજબ પત્નીનાં ગજબ ગોટાળા', 'મા

પાવરફુલ, પા વન્ડરફુલ', - આ યાદી હજી લાંબી થઈ શકે એમ છે. આમાંનાં મોટાભાગનાં શીર્ષક દામ્પત્યજીવનને તાકે છે અને એ જ પતિ-પત્નીની તકરાર ચાલતી રહે છે. જ્યાં સુધી ગુજરાતી રંગભૂમિ જીવંત છે ત્યાં સુધી ચાલતી રહેશે ને ટિકિટબારી પર ટંકશાળ પાડતી રહેશે. ઉદાહરણ તરીકે 'લગે રહો ગુજ્જુભાઈ' ફૂવડ નાટક અને એવો જ સિદ્ધાર્થ રાંદેરિયાનો ફૂવડ અભિનય હોવા છતાં સંવાદની રમઝટના જોરે ૫૦૦ પ્રયોગ થાય એ પણ આ સમયગાળાની ખોટી રીતે આંખો મોટી થઈ જાય એવી ઘટના છે.

સન્નિવેશ અને સંગીતની રીતે પણ આ સમયગાળાની રંગભૂમિ પર જુદું કામ થયું છે. ગુજરાતી નાટકનો તખ્તો એટલે માત્ર દીવાનખંડ નહીં પણ અહીં ચાલી પણ આવી શકે, માહિમની ખાડી પણ આવી શકે, બનારસનો ઘાટ પણ આવી શકે કે મોટી ફ્રેમ અને પોસ્ટર દ્વારા સુરતની શેરીઓ અને મુંબઈના વિસ્તારો પણ આવી શકે ! સન્નિવેશની દૃષ્ટિએ મનોજ શાહના 'અમરફળ' નાટકને યાદ કરવું પડે. ભરથરી રાજા હતા ત્યારે કમાનો દ્વારા ઊભો થતો મહેલ અને ભર્તૃહરિ બન્યા પછી સ્મશાન - નિવાસ વખતનો સન્નિવેશ નાટક માટે મહત્ત્વના બની રહે છે. પ્રકાશઆયોજન પણ આ નાટકમાં મહત્ત્વનું બની રહે છે. હવે, સંગીત જાણીતા ટુકડાઓ જોડીને નથી થતું પણ નાટક માટે જુદું સંગીત તૈયાર કરાવવામાં આવે છે. મનોજ શાહ કે કપિલદેવ શુક્લ પણ પોતાના નાટક માટે જુદું સંગીત તૈયાર કરાવે છે કે મહેન્દ્રસિંહ પરમારે 'મિથ્યાભિમાન' નાટકના સંગીત પાછળ કરેલી મહેનત એ સ્પષ્ટ કરે છે કે, હવે દિગ્દર્શકો જુદું નાટ્યસંગીત ઊભું કરવા માગે છે.

આ સમયગાળાની બાળરંગભૂમિનું શું ? નાટકમાં બાળક હોય કે બાળકો અભિનય કરે એટલામાત્રથી એ બાળનાટક બની જતું નથી. ધીરુબહેન પટેલલિખિત અને હુસૈની દવાવાળા-દિગ્દર્શિત 'સૂતરફેણી' આ સમયનું એક નોંધપાત્ર બાળનાટક છે. બાકી, હજી પણ આપણે બાળનાટકો માટે બકોર પટેલ, છકો-મકો, મિયાંફુસકી જેવાં પાત્રો પર આધાર રાખવો પડે છે. નવાં પાત્રો ક્યાં છે ? એવું જ મહિલા - દિગ્દર્શક બાબતે છે. અદિતિ દેસાઈએ તાજેતરમાં કસ્તૂરબાના વ્યક્તિત્વને ઉપસાવતું 'કસ્તૂરબા' નાટક કર્યું. એક પ્રયાસની રીતે એની નોંધ લેવી જોઈએ. સોનલ વૈદ્ય કુલકર્ણી અને અદિતિ દેસાઈને બાદ કરતાં આ સંખ્યા પણ જૂજ છે.

એક સત્ય એ પણ સ્વીકારવું રહ્યું કે, સમાંતર નાટકોને અપવાદ છોડી દેતાં જુદી જુદી સ્પર્ધાઓ નાટક કરવા માટે ઉત્તેજન આપે છે અને એ રીતે સુરત મહાનગરપાલિકાની ૪૦ વર્ષથી ચાલતી ત્રિઅંકી નાટ્યસ્પર્ધા જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે. ઉપરાંત, ચિત્રલેખાની સ્પર્ધા કે સંગીત નાટક અકાદમીની સ્પર્ધા અને વિવિધ યોજના સમાંતર રંગભૂમિનાં નાટકો ટકાવી રાખવાનું બળ પૂરું પાડે છે. ભલે, એવાં નાટકોનો એક જ પ્રયોગ થતો હોય તો પણ !

એકવીસમી સદી એ ટૅબ્લેટ, આઈપૉડ અને મોબાઇલની સદી છે. આ સદીના પ્રારંભે જ આ સાધનોનાં અતિક્રમણનો આપણે ભોગ બન્યા છીએ. ટેક્નૉલોજીનો વિકાસ થયો છે ત્યારે રંગભૂમિએ નવી નવી ટેક્નૉલોજીનો વિનિયોગ કરવો જોઈએ કે કેમ ? અવનવી ટેક્નિક નાટકને જીવંત કરે છે કે કેમ ? રિવોલ્વિંગ સેટ કે પ્રકાશની ઝાકઝમાળ નાટકનો ભાગ છે, નાટક નથી. નાટક તો અભિનય અને એ અભિનય જે વસ્તુને રજૂ કરે છે એ વિષયવસ્તુથી સાર્થક થાય છે અને આ બંને દૃષ્ટિએ આ સમયગાળાની ગુજરાતી રંગભૂમિ પર નોંધપાત્ર કાર્ય થયું છે. ધર્મેન્દ્ર ગોહિલ, ચિરાગ વોરા, ઉત્કર્ષ મજુમદાર, કમલ જોશી, જાવિદ કાઝી, મીનળ પટેલ, નેહા મહેતા જેવાં કલાકારો અને મહેન્દ્રસિંહ પરમાર, વિરલ રાચ્છ, અર્ચન ત્રિવેદી, નિસર્ગ ત્રિવેદી જેવા દિગ્દર્શકો સાર્થક નાટકની દિશામાં હજી પણ સક્રિય છે એટલે આ સદીનો પ્રારંભ તો ઉજ્જ્વળ અને રંગસભર જ રહ્યો છે, જોઈએ આવનારાં વર્ષો કેવાં છે તે...

### સંદર્ભનોંધ


૧. નાટ્યકલાની સામાજિક સ્વીકૃતિ – એક કોયડો, લેખ, ભરત દવે, 'શબ્દસૃષ્ટિ' 'નાટક અને હું' - ઑક્ટો.-નવે., ૨૦૧૨. પા. ૧૭૧

૨. 'નાટક મારા શ્વાસોશ્વાસમાં, લેખ, પ્રવીણ સોલંકી, અન્ય વિગત સંદર્ભ ૧ મુજબ, પા. ૧૬૩

૩. 'સ્વ'ને 'પર' તરીકે જોવાનો કીમિયો, લેખ, કપિલદેવ શુકલ, અન્ય વિગત સંદર્ભ ૧ મુજબ, પા. ૬૯

૪. 'એક આગવા, અનોખા નાટકની પ્રસ્તુતિ ગોડસે@ગાંધી.કોમ., લેખ, જનક દવે, 'નાટક' ઑક્ટો.-ડિસે. ૨૦૧૨, પા. ૨૦

૫. શોભાયાત્રા, લેખ, ઉત્પલ ભાયાણી, 'નાટ્યદૃષ્ટિ', પ્ર. ઇમેજ પબ્લિ. પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, નવે.-૨૦૦૩, પા. ૩૩


18

---

## સાભાર નોંધ

### (કવિતા)

(૧૨૦) ગીતમંજરી : કન્દર્પ મહેતા, ત્રીજી ૨૦૧૪, અલ્ટિયસ, ૩, એ/૧૦૧, સિંધુભવનની પાછળ, થલતેજ, અમદાવાદ, પૃ. ૮+૨૦૦, રૂ. NIL (૧૨૧) ॥ ૐ ॥ અથ શ્રીમદ્ ગઝલ ॥ પંકજ વખારિયા, ૨૦૧૫, લેખક પોતે, એલ/૪, જી. પી. પાર્ક, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૧, પૃ. ૨૨+૮૦, રૂ. ૧૦૮/-

## સહજ અને માર્મિક રચનાઓ | વિજય શાસ્ત્રી

[**આઈ ઍમ શ્યોર** (વાર્તાસંગ્રહ) : નીલમ દોશી, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૩૮૦૦૦૧, આવૃત્તિ : પ્રથમ, ૨૦૧૪, પૃષ્ઠ ૧૦ + ૧૬૬ = ૧૭૬, કિંમત : રૂ. ૧૨૫]

નીલમ દોશીનું નામ હવે ટૂંકી વાર્તાક્ષેત્રે અજાણ્યું નથી. આ તેમનો બીજો વાર્તાસંગ્રહ છે જેમાં કુલ ૧૬ રચનાઓ ગ્રંથસ્થ થઈ છે. જેના પરથી આખા સંગ્રહનું નામકરણ થયું છે તે 'આઈ ઍમ શ્યોર' નામની પ્રથમ વાર્તા આત્મહત્યા કરવા તત્પર બનેલી એક યુવતીને અટકાવવા (કે બચાવવા ?) આવી પહોંચતા એક યુવકના ચિત્રથી આરંભાય છે. બંને વચ્ચે સંવાદોની જે પ્રલંબ હારમાળા સરજાય છે તે સાભિપ્રાય બને છે કેમ કે સમયનો અંતરાલ યુવતીના આવેશને Pacify કરતો રહે છે અને છેવટે અસ્ત થવા સૂર્યની રંગલીલા યુવતીના નિર્ણયને ફેરવી નાખે છે. આમ ક્રમશઃ થતું ભાવપરિવર્તન અને તે માટે લેવાયેલી માર્મિક સંવાદોની મદદ રચવાની ખૂબી બની રહે છે.

'મુક્તિપર્વ' સંગ્રહની સૌથી સશક્ત રચના છે. વસંતરાયનાં પત્ની વિલાસબહેનનું અવસાન થયું છે એ સંદર્ભે લોકો તેમના મધુર (?) દામ્પત્યને અનુલક્ષીને જાતજાતની ટિપ્પણીઓ કરતાં હોય એ જ ક્ષણો દરમિયાન વસંતરાય આખી જિંદગી વેઠેલી પત્નીની દાદાગીરીને યાદ કરતા હોય એ સંનિધિકરણ આસ્વાદ્ય બને છે. 'આવી' પત્નીની વિદાય એ તેમને માટે 'મુક્તિપર્વ' જ ગણાય ! પણ આ જ બિન્દુએ લેખિકાએ એક સરસ નાટ્યક્ષમ વળાંક દાખવ્યો છે, જેમાં પુત્રવધૂ આવીને વિલાસબહેનના પ્રચ્છન્ન પતિપ્રેમની વાતો કરતી જાય છે જેમાં તેનો (વિલાસબહેનનો) અપરાધબોધ, પશ્ચાત્તાપ અને પતિપ્રેમ ઉત્કટપણે અભિવ્યક્ત થાય છે. સ્વર્ગસ્થ પત્નીના પોતાને માટેના આવા સ્નેહ/સદ્ભાવની વાતો સાંભળી વસંતરાય અંદરથી ક્રમશઃ બદલાતા જાય છે. છેવટે 'તેમની કોરીધાકોર આંખો હવે વરસી રહી' (પૃ. ૧૯) જેવા અંતિમ વાક્યમાં સૌથી વજનદાર શબ્દ છે 'હવે'. 'હવે' જ્યારે પત્ની હયાત નથી રહી ત્યારે થતી તેના પ્રેમની પ્રતીતિ વસંતરાય માટે ઘેરો રંજ જન્માવે છે એ તથ્ય વાર્તારસને વળ ચડાવે છે.

'સારા સમાચાર' શીર્ષક જ વ્યંગ્ય અને વક્રોક્તિસભર છે. આપણાં કુટુમ્બોનાં સંબંધના નામે શોષણ કરનારાં જે ધુતારાં પાત્રો છે તેમને Expose કરતી આ હૃદયસ્પર્શી કથામાં ઘરનાં વડીલ અલોપાબહેન બ્લડ કેન્સરથી પીડાય છે. તેમની બે દીકરીઓ સાસરેથી દોડી આવી છે અને પછી ભાભી વિરાજને જાતજાતના હુકમો કરી-કરીને જે રીતે વેઠે વળગાડે છે તેનું ચિત્ર આઘાતજનક છે. દીકરીઓ જીભડી ચલાવતી રહે ને વહુને હાથપગ હલાવવા પડે એમાં પ્રગટતી બે નણંદોની દોંગાઈ-લુચ્ચાઈમાં વાસ્તવિકતા નથી એમ ભાગ્યે જ કોઈ કહે ! વિરાજને (ભાભીને) આટલું બધું કર્યા છતાં સરપાવમાં

તો છેવટે ‘પારકી જણી’નું મહેણું જ સાંભળતા રહેવું પડે છે. બે નણંદોના વાક્ચાતુર્ય દ્વારા પ્રગટતી તેમની સ્નોબરિ લેખિકાએ આબાદ આલેખી છે. સાચા ભાવથી સેવા કરનાર પુત્રવધૂને જશ તો મળવો બાજુ પર, પણ બાના અવસાન પછી એક ફૂટી કોડી પણ મળતી નથી. બાના અવસાન પછી દાગીના-જણસોનું જે બનાવટી વસિયતનામું દીકરીઓ તૈયાર કરે છે ત્યારે પુત્રવધૂના ભાગે તુલસીની માળા જ આવે છે. વાર્તાના અંતને વિસ્ફોટક બનાવે છે બાએ સ્વહસ્તાક્ષરે બનાવેલું વસિયતનામું, જે વિરાજે સાચવી રાખ્યું છે – એ પ્રગટ ન કરીને તેની ખાનદાની પણ લેખિકાએ ઉજાગર કરી છે. બાના અવસાનથી બંને દીકરીઓ ખાસ પ્રકારનો છુટકારો-હાશકારો અનુભવે છે એ જોતાં વાર્તાનું શીર્ષક ‘સારા સમાચાર’ ભારે વ્યંગ્યપૂર્ણ બની રહે છે. દંભને પારખવાની અને પછી વેધકપણે શબ્દાંકિત કરવાની લેખિકાની શક્તિ ખરે જ પ્રશસ્ય છે. વાર્તાનો પિણ્ડ આ શક્તિનું પરિણામ છે.

માબાપના આગ્રહથી ભારતીય સ્ત્રી સાથે લગ્ન કરવા અમેરિકાથી ઊતરી આવતા મુરતિયાઓ ત્યાં (વિદેશમાં) અવૈધ સંબંધો ધરાવતા હોય છે એ પરિસ્થિતિને મૂંગે મોઢે વેઠી લેવાને બદલે તેને પાઠ ભણાવતી પત્નીની કથા ‘મીરાં’ એક સરસ એકાંકી બની શકે તેવી છે. ‘ઝુરાપો એટલે’માં પૈસા વિ. માનવીય લાગણીનું સંનિધિકરણ અરિજિતના પાત્રને કેન્દ્રમાં રાખીને થયું છે તો માનસિક મંદતા ધરાવતી મિલિની વિશિષ્ટ વર્તણૂક ‘દીદી વા’લી’માં પ્રસંગો અને પાત્રોની સમરસતા સિદ્ધ થઈ છે. જીવલી અને જૅના એ બે બાળાઓ સાંસ્કૃતિક, આર્થિક અલગ ભૂમિકાએ હોવા છતાં કેવી રીતે ધીમે ધીમે લાગણીના અનુબંધમાં બંધાતી જાય છે તે એકાધિક પ્રસંગોને સમયના અંતરાલના વાચક બનાવતી રીતિએ દર્શાવાયું છે. ગુલમહોરનાં ફૂલનો નિર્દેશ, કોઈ વાર એક વાક્ય કૃતિને વાર્તા બનાવી શકતું હોય છે તેની સાબિતી આપી જાય છે. ‘પ્લૅટફૉર્મ નંબર એક’માં પાત્રો અને પરિસ્થિતિ વચ્ચેની આંતરપ્રક્રિયા રસપ્રદ બની છે. નારીચેતનાનો અણસાર આવે એવી રચનાઓમાં ‘ફરી એક વાર’ વાર્તા મૂકી શકાય. પરિવાર છોડીને ચાલી ગયેલો પતિ ચૌદ વર્ષે શરીર નથી ચાલતું એટલે (રિપીટ : શરીર નથી ચાલતું એટલે) પાછો ઘેર આવે છે તે એની સ્વાર્થી મનોદશાનું દ્યોતક હોઈ પત્ની સહિત પરિવારજનો તેને આવકારતાં નથી. ત્યારે ફરી એક સરસ વાક્યયોજના મળે છે : ‘ચૌદ વરસો પહેલાં તેણે ઘર છોડ્યું હતું. આજે ચૌદ વરસો બાદ ઘરે તેને છોડ્યો હતો’. (પૃ. 139). સંતાનવિરહમાં ઝૂરતાં દંપતી પહેલી અવસ્થા. બુલબુલ પક્ષીનું આગમન બીજી અને દીકુ (પક્ષીનું) ચાલી જવું એ ત્રીજી અવસ્થા દ્વારા માનવજીવનના વારાફેરાની કથા જે સહજતા અને સરળતાથી કહેવાઈ છે તે દર્શાવે છે કે માર્મિક અને ઊંડી વાત માટે દુર્બોધ કે ભારેખમ થવાની જરૂર નથી. વહાલવંચિત બાળકના મનોગતની છબી ‘મનુ... મનિયો’માં તો વિભાજનના ઓછાયા હેઠળ જીવતા યુવકના મનોગતની છબી ‘આખરી

પ્રશ્ન'માં આલેખાઈ છે.

પરિવાર, સમાજ, સંબંધો, સંવેદના, સમસ્યાઓ આ વાર્તાઓની સામગ્રી છે. વાસ્તવિકતા અકારી છે તેની સૂક્ષ્મ પરખ લેખિકાને છે. લૌકિક તથ્યો સાથે પણ કલાને ગાઢ નિસબત રહેલી છે એ ટાગોરની વાતનું સ્મરણ કરાવે એવો પરિવેશ અહીં ઊપસે છે. વિગતપસંદગીની સાભિપ્રાયતા, સંવાદોની, વાક્યરચનાની પાછળ પ્રગટતું વિશિષ્ટ વલણ વાર્તાઓને માર્મિક અને રસપ્રદ બનાવે છે.

□

## સંઘર્ષમાંથી સંવાદિતા સાધતા સર્જકની જીવનકથા | પ્રફુલ્લ રાવલ

[**'જીવતરની વાટે અક્ષરનો દીવો'** લે. કુમારપાળ દેસાઈ, પ્રા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, આવૃત્તિ : પ્રથમ ૨૦૧૪, કિં રૂ. ૫૦૦]

ચરિત્રકાર પાસે પહેલી અપેક્ષા તે ચરિત્રનું જેવું છે તેવું ચિત્રણ. એમાં કલ્પનાને અવકાશ નથી. હા, ભાવમય આલેખન થાય ત્યારે ચરિત્રકારની શૈલીએ એ રસમય બની રહે. છતાંય વાસ્તવિકતાને કોરાણે મૂકવાનું એને ન પાલવે. એ મુનાસિબ પણ ન લેખાય. ચરિત્રકાર પાસે તટસ્થતાની અપેક્ષા સદૈવ રહેવાની. એટલે તો ચરિત્રલેખન અઘરું છે. વળી ચરિત્ર સાથે ચરિત્રકારનો નાતો લોહીનો હોય ત્યારે તો ચરિત્રલેખન વિશેષ કપરું બની રહે છે. ચરિત્રકારે હૃદયકથ પ્રતિમાને એવી રીતે ઉજાગર કરવાની છે કે ન તો ચરિત્ર વધુ ફોરાઈ જાય કે ન તો વધુ સંકોચાઈ જાય. અને છતાં ચરિત્રની સાચી છબી ભાવકને પ્રત્યક્ષ થાય. આ માટે ચરિત્રકારે ઇતરજન બનીને ચરિત્રાલેખન કરવું પડે. કુમારપાળ દેસાઈએ પિતા જયભિખ્ખુનું ચરિત્રાલેખન આ શૈલીમાં કર્યું છે. એમણે આલેખેલી જયભિખ્ખુની જીવનકથાનું નામ છે : 'જીવતરની વાટે અક્ષરનો દીવો'. અહીં ગુણપૂજા તો છે જ. ચરિત્રાલેખનનો એક આશય ચરિત્રના ગુણાનુવાદનો હોય છે જે સમાજને પ્રેરક બને. કુમારપાળ દેસાઈનો આશય એ છે પણ વિશેષ તો એમને જીવનસંઘર્ષ વચ્ચે પાંગરેલા વ્યક્તિત્વને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવું છે. આ માત્ર પિતૃપુરાણ નથી, પિતૃવંદના નથી. પરંતુ વીતેલી સદીના સમાજનું દર્શન પણ છે. જયભિખ્ખુ સાથે જોડાયેલાં અનેક પાત્રો દ્વારા તત્કાલીન સમાજની એક તસવીર પ્રાપ્ત થાય છે.

'ગુજરાત સમાચાર'માં વર્ષોથી નિયમિત આવતી 'ઈંટ અને ઇમારત' કૉલમથી સુખ્યાત કુમારપાળ દેસાઈએ આલેખેલા આ ચરિત્રમાં જયભિખ્ખુની જીવનકથાની ધારા એ રીતે વહી છે કે વાચકોને એ પ્રેરક બનવા સાથે કથારસનો આનંદ પણ આપે છે. એ કુમારપાળ દેસાઈનું શૈલીતેજ છે. એમની પાસે જીવનકથા આલેખવા માટે માહિતીનો પૂરતો સ્રોત તો છે જ. સંદર્ભો છે. ગ્રંથસ્થ સાહિત્ય છે. રોજનીશીના અંશો છે. સાંભળેલી,

નોંધાયેલી, જોયેલી, અનુભવેલી ઘટના છે. આ બધાંનું આકલન કરીને કુમારપાળ દેસાઈએ જીવનધર્મી સર્જકપિતાની જીવનકથા નિરૂપી છે. મા વિનાનો ભીખો જયભિખ્ખુ બનીને સમાજની ચિંતા સેવનાર જીવનધર્મી લેખક બન્યો એની ગાથા એકાવન પ્રકરણોમાં પ્રસ્તુત થઈ છે. ચરિત્રકારની ગદ્યશૈલીએ આખી જીવનકથા રસમય બની છે. અલબત્ત, ભીખો-ભીખાલાલની કથા ભાવકને વિશેષ સ્પર્શી રહે તેવી છે. ભલે જયભિખ્ખુના જીવનમાં આંજી નાખે તેવા પ્રસંગોની ઘટમાળ નથી, પરંતુ વ્યક્તિમાત્રના જીવનમાં આવતા સંઘર્ષો જરૂર છે અને ત્યારે સામાન્ય માનવીની જેમ એ હારી જતા નથી પરંતુ સંવાદિતા સાધે છે. થોડો વિષાદનો ઓછાયો જરૂર અનુભવ છે પણ પછી રહે છે સ્વસ્થ. છેક કિશોરાવસ્થાથી એમનું ભાવુક માનસ જીવનની અંતિમ ક્ષણ સુધી એવું જ રહ્યાનું નિરૂપણ કુમારપાળે અનેક પ્રસંગો ટાંકીને દર્શાવ્યું છે. ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે જયભિખ્ખુ સમતોલ રહ્યા છે અને જીવનને મૂલ્યવાન બતાવવા મથામણ કરી છે એ એમના વ્યક્તિત્વનું વિશિષ્ટ પાસું બની રહે છે. એમનું પરમાર્થી જીવન બરાબર ઉજાગર કર્યું છે. મૂળ જયભિખ્ખુ જીવનસંઘર્ષના યોદ્ધા હતા. 'સિંહ કદી ખડ ખાય ખરો ?' એ પ્રકરણના આરંભે કુમારપાળે જીવનયોદ્ધા જયભિખ્ખુનો પરિચય આપતાં લખ્યું છે,

'જયભિખ્ખુનું જીવન એટલે ખુમારી અને મસ્તીનો પર્યાય. કોઈ અન્યની પાસે પોતાના જીવનનું સુકાન હોય અને એ પ્રમાણે જીવનનૌકા હંકારવી પડે, તે એમને સહેજે મંજૂર નહોતું. ખુમારી જાળવવા જતાં આવનારી આફતોની સહેજે ફિકર નથી.' પડશે એવા દેવાશે એમ માનીને અન્યાયના પ્રસંગોએ આખર સુધી લડી લેવામાં માને. આવે વખતે કોઈ પ્રકારનો ભય એમને સ્પર્શે નહીં. આર્થિક નુકસાન થતું હોય કે જાનનું જોખમ હોય, તોપણ સહેજે ડગે નહીં. ભલભલા ચમરબંધીને સાચું કહી દેતી વખતે તેઓ એનાં પરિણામોનો ભાગ્યે જ વિચાર કરતા ક્યાંય કશું અનુચિત લાગે તો એની સામે બેફિકર બનીને અવાજ ઉઠાવતા હતા. (પૃ. 252)

આ છે જયભિખ્ખુના વ્યક્તિત્વનું અક્ષરચિત્ર. આ ચિત્રનું ગદ્ય કુમારપાળ દેસાઈની ગદ્યકાર પ્રતિભાનો અચ્છો પરિચય આપે છે. આવાં ગદ્યચિત્રો આ ચરિત્રમાં અનેક મળે છે. પાલીકાકીનું અક્ષરચિત્ર આ સંદર્ભે જોઈએ :

'સહુ ઘરમાં ખૂણેખાંચરે ભરાયાં, ત્યારે પાલીકાકી ઘરની બહાર આવ્યાં... પોતે ઘરની બહાર આવીને ઊભાં રહ્યાં. હાથમાં ખુલ્લી તલવાર લીધી. આંગણામાં લીમડી હતી એને આડે ઊભાં રહ્યાં. ભીખાએ પુરુષોનાં હૈયાંને કબૂતરની માફક ફફડતાં જોયાં અને બીજી બાજુ બ્રાહ્મણ પાલીકાકી તો રણધીર અને રણવીર બનીને આંગણામાં નિર્ભય બનીને ઊભાં હતાં. ભીખાએ ઇતિહાસમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની કથા વાંચી હતી. એણે ખુલ્લી તલવાર સાથે ઘૂમતી રાણી લક્ષ્મીબાઈનું ચિત્ર જોયું હતું. આજે એને એના વરસોડા ગામમાં જ જીવતી-જાગતી લક્ષ્મીબાઈ જોવા મળી.' (પૃ. ૪૯)

ઉક્ત ગદ્યખંડમાં પરિસ્થિતિ રાણી અભય બનેલી પાલીકાકીનું ચિત્ર છતું થાય છે. ચરિત્રકારની ગદ્યશૈલીએ જાણે પ્રત્યક્ષ પાલીકાકી હોવાનું અનુભવાય છે. અહીં 'રણધીર' અને 'રણવીર' એ શબ્દો થકી ગદ્યમાં લય નિષ્પન્ન થયો છે. એક મન પ્રસન્ન ક્યારેક ચરિત્રકારનાં કાવ્યાત્મક વાક્યો આ જીવનકથાને રસિક બનાવે છે તો ક્યારેક રોમાંચક લાગે છે. જેમ કે : 'ઘડિયાળ જેવું મૂક્યું હતું તેવું બિચારું શાંતિથી પડ્યું હતું.' (પૃ. 57), 'એના શ્યામ મુખમાંથી શ્વેત દંતપંક્તિ વીજળીની માફક ચમકી ઊડી.' (પૃ. 113), 'એની ચંપાના ફૂલ જેવી પાનીઓ લોહીથી રંગાઈ ગઈ હતી.' (પૃ. 71)

'ઘરના પિંજરમાં જીવતી આ નારીનું નામ હતું નીમુબહેન. સુંદર રૂપ ધરાવતી આ નારી જ્યારે ગરબે રમવા જાય, ત્યારે શેરી ગુંજી ઊઠતી હતી. છોકરાઓ એને પદમણી નાર કહેતાં હતાં. સવા વાંભનો ચોટલો અને એવી જ ઓઢવાની અદ્ભુત છટા. ગામડાંગામમમાં એની માફક સુંદર રીતે કપડાં પહેરતાં કોઈને ન આવડે. એના અવાજમાં મીઠાશ અને સંસ્કાર હતાં એટલે એને સાંભળનારા ક્યારેય થાકતા નહીં.' (પૃ. ૬૯)

'ઘરબા પિંજરમાં જીવતી' શબ્દો તત્કાલીન સમાજની તાસીર વ્યક્ત કરે છે. 'શેરી ગુંજી ઊઠતી'માં અવાજનું સૂચન છે અને 'પદમણી નાર' નીચુંબહેનના સૌંદર્યને વ્યક્ત કરે છે. ચરિત્રકારના રસાત્મક ગદ્યના આવા અનેક અંશો આ જીવનકથામાંથી મળે છે. 'એ સમાધિની પડખે નાનકડું રમતિયાળ ઝરણું ખળખળ વહેતું હતું. બે ઊંચાં ઊંચાં તાડ ટટ્ટાર સ્વમાનભેર ઊભાં હતાં.' (પૃ. ૧૭૯)

આ જીવનકથામાં જયભિખ્ખુના બાલ્યકાળને આલેખતાં પ્રકરણો સવિશેષ રસમય બન્યાં છે. ચરિત્રકારનો ભાવ સુચારુ ભાષાથી ઊજળો બન્યો છે. ભીખો અને પછી ભીખાલાલનું જિજ્ઞાસુ વ્યક્તિત્વ વાચકને ચરિત્ર પ્રત્યે અહોભાવ જગાડે છે. કુમારપાળ દેસાઈએ બાલાભાઈ જયભિખ્ખુની જીવનકથાનો આરંભ વીંછિયા ગામે થયેલા એમના જન્મથી કર્યો છે અને લખ્યું છે : 'પરંતુ એ સમયે ઘરમાં કે આસપાસ પુત્રજન્મનો કોઈ વિશેષ આનંદ નહોતો'. (પૃ.1) – કારણ હતું પાંચ સંતાનોનું મૃત્યુ. એથી તો માતા પાર્વતીબહેન 'મનઃસ્થિતિ દ્વંદ્વ' અનુભવતાં હતાં. પુત્રને ભિખારી કર્યો ને નામ પાડ્યું ભીખો. ભીખો ચાર વર્ષનો થયો ત્યારે પાર્વતીબહેનનું અવસાન થતાં ભીખાનો ઉછેર માશી અંબાબહેને કર્યો. થોડા સમયમાં માશીની તબિયત લથડતાં 'બાળક ભીખાલાલની દુનિયામાં અણધાર્યો ચક્રવાત ધસી આવ્યો.' (પૃ. 6). એ માશીયે મૃત્યુ પામ્યાં ને ભીખાના જીવનમાં ખાલીપો સર્જાયો. પછી મામાને ઘેર જવાનું થયું. વળી મામા મૃત્યુ પામતાં વરસોડામાં રહેવાનું બન્યું. 'ધીરે ધીરે ભીખાને સત્ય સમજાયું કે આખી પૃથ્વીમાં મારું કાયદેસરનું સરનામું તો આ જ છે.' (પૃ. 14) પછીની પરિસ્થિતિ ચરિત્રકારના શબ્દોમાં સાંભળીએ :

'વરસોડાની અણગમતી ભૂમિ વહાલ વરસાવતી લાગવા માંડી. પાદરનાં વૃક્ષોની

સાથે વાતો કરવા લાગ્યા. હવા હેનની હૂંફ આપનારી લાગી અને નદીનાં ઊંડાં કોતરો ગમવા લાગ્યાં અને પછી તો એમાં દોસ્તારો સાથે ભમવા લાગ્યા, રસ્તાની વેકૂર (ઝીણી કાંકરીવાળી મોટી રેતી) જાણે વહાલભેર પંપાળતી હોય તેવું લાગ્યું. એક સાવ નવી દુનિયા પોતીકી દુનિયા બની ગઈ. અભાવને સ્થાને ભાવનો અને ઉપેક્ષાને બદલે આનંદનો અનુભવ થયો. થોડા સમયમાં તો ભીખો આ ભૂમિનો, ગામનો રહેવાસી બની ગયો.' (પૃ. 14).

ભીખાને ફઈબા લહેરીબાનાં હેત અનુભવવાનો વારો આવ્યો. પણ લહેરીબા ભીખાને મૂકી ગયા ત્યારે એ વિચારવા લાગ્યો : 'આ ફઈબા ક્યાં જતાં હશે ? મા, માસી, અને માસી ગયાં એવી દૂરદૂરના આકાશી દેશમાં ? તારા બનવાને માટે ?' (પૃ. ૧૫)

'તારાની સૃષ્ટિમાં શોધ'થી 'ખુદા ખરો મહેરબાન !' સુધીનાં અઢાર પ્રકરણોમાં ભીખાનું ભીખાલાલ રૂપે થયેલું રૂપાન્તર ચરિત્રકારે અનેક પ્રસંગોના આલેખન થકી મૂર્ત કર્યું છે અને એક બીકણ બાળક કઈ રીતે ધીમે ધીમે વિકસતો જઈને પોતાના અનુભવબળે જીવનનો વિકાસ કરે છે તેનું ચિત્રણ ચરિત્રકારે કર્યું છે. જે ભાવકમાં ચરિત્ર માટે ભાવ ઊભો કરે છે. 'તાતપરી સાહેબ' પ્રકરણ રમૂજ ઉત્પન્ન કરે છે. શિવપુરી અભ્યાસ કરવા ગયેલા જયભિખ્ખુની કથા દ્વારા અભ્યાસરત વિદ્યાર્થીની છબી પ્રાપ્ત થાય છે. જીવનમાં ડગ ભરતા જયભિખ્ખુના નોખા રૂપનું આલેખન પણ ચરિત્રકારે કર્યું છે. લેખકો સાથેના જયભિખ્ખુના મીઠા સંબંધો, પ્રવૃત્તિસભર પરગજુ સ્વભાવ, મિત્રો સાથેનો વ્યવહાર, પાડોશીઓ સાથેની પ્રીત, જાદુગર કે. લાલ સાથેની મૈત્રી, 'શારદા'માં ભરાતો ડાયરો ઇત્યાદિ અનેક ઘટનાઓ ચરિત્રકારે ક્યારેક સહજ રીતે તો ક્યારેક રંગ ભરીને આલેખી છે જે દ્વારા ચરિત્રનું નિર્મળ વ્યક્તિત્વ ઉપલબ્ધ થાય છે. જયભિખ્ખુના અંતિમ દિવસો સાથે ચરિત્રકારની થોડી રેખાઓ પણ મળે છે.

લોકપ્રિય સાહિત્યસર્જક જયભિખ્ખુની આ જીવનકથા ચરિત્રકારની શૈલીથી મન-ભાવક બની છે. હૃદયભાષાથી આલેખાયેલી, સમાજને દિશા ચીંધતી આ જીવનકથાથી ગુજરાતી ચરિત્રસાહિત્યના દાયરામાં કુમારપાળ દેસાઈનો પાટલો પડ્યો છે.

□

## વેધક સંસ્મરણકથા : 'એ વર્ષો, એ દિવસો' | ઉત્પલ પટેલ

[**'એ વર્ષો, એ દિવસો'** : પ્રાગજીભાઈ ભામ્ભી, ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ :૨૦૧૩]

‘‘ગમે તે કાલખંડમાં આપણે એકલા જ નથી જીવતા હોતા. આપણી આજુબાજુ બીજાં જીવન પણ હોય છે. એમના વગર આપણું જીવન પણ અધૂરું જ રહે છે. આપણે એકસાથે આપણું ને ભેગું બીજાનું જીવન પણ જીવતા જતા હોઈએ છીએ. કદાચ તેથી જ જીવનનો જે રસ મળે છે તે આપણા જીવનને જીવવા જેવું બનાવે છે. જીવનના એ

રસમાં કટુતા પણ હોય છે ને મીઠાશ પણ. એકલી મીઠાશ જીવનને જીવવા જેવું નથી બનાવતી ને કટુતા તો ગમે જ કોને ? પણ કટુતાય જીવનમાં જરૂરી જીવનતત્ત્વ પૂરતી હોય છે. અહીં આ સંસ્મરણોમાં તો મારા જીવનનો એક જ અંશ સમાવેશ પામ્યો છે. પણ હું માનું છું કે તે મારા જીવનનો અગત્યનો ને સાર્થક અંશ છે.'' ('એ વર્ષો, એ દિવસો', પૃષ્ઠ : ૧૭૧).

પ્રાગજીભાઈ ભામ્ભીએ 'એ વર્ષો, એ દિવસો' (૨૦૧૩) નામના પુસ્તકમાં આલેખેલાં મોડાસાનાં સંસ્મરણો ઉપર આપેલા અવતરણને સાર્થક કરે તે રીતે આલેખાયેલાં છે. આ પુસ્તક સંસ્મરણકથાનું છે અને તે પણ તેમના જીવનના એક જ કાલખંડનાં સંસ્મરણોનું છે. મોડાસામાં તેઓ જે રીતે રહ્યા, જે રીતે જીવ્યા તેનાં ભાતીગળ સંસ્મરણો તેમણે પ્રસ્તુત પુસ્તકમાં નમકિન કલમે આલેખ્યાં છે.

'મોડાસા પ્રવેશ' નામક પ્રથમ ખંડનાં પહેલાં બે પ્રકરણો બાદ કરતાં બાકીનાં ચાલીસ પ્રકરણો મોડાસા કૉલેજ સાથે સંકળાયેલાં છે. લેખકની યોજના પ્રમાણેના ચાર ખંડમાં, એકતાલીસ પ્રકરણોમાં, સંસ્મરણકથાનું આલેખન પૂરું થાય છે ને અંતિમ બેતાલીસમું પ્રકરણ 'ઉપસંહાર' તો સમગ્ર આલેખનાનો સમારોપ સમું છે. પ્રથમ ખંડનાં, પહેલું અને બીજું, બે પ્રકરણો સંસ્મરણકથાની જે હવા બંધાય છે તેની સાથે ઓછાં બંધ બેસે છે. છતાં એ બે પ્રકરણો વાંચવા જેવા તો છે જ, કેમ કે એ પ્રાગજીભાઈ ભામ્ભીના મોડાસા કૉલેજજીવનથી હઠીને એક અલગ જીવનખંડનું આલેખન કરે છે. આ બે પ્રકરણોમાં લેખકનો મોડાસાનગર પ્રત્યેનો અહોભાવ અને મોડાસાના જનજીવન પ્રત્યેનો પ્રેમ આલેખાયો છે. આલેખનશૈલીની દૃષ્ટિએ પણ એ પ્રકરણો સરસ તો બન્યાં છે.

'એ વર્ષો, એ દિવસો' સંસ્મરણકથામાં તેમના જીવનનાં ૧૯૬૧થી ૧૯૭૪ના માર્ચ-એપ્રિલ સુધીનાં તેરચૌદ વરસના ગાળાનાં સંસ્મરણો સમાવાયાં છે. એમાંથી 'મોડાસા પ્રવેશ'ને બાદ કરીએ તો એક વરસ એમાં બાદ થાય. આપણે કહી શકીએ કે આ પુસ્તકમાં, ખરી તો, મોડાસા કૉલેજ સાથે સંકળાયેલ પ્રાગજીભાઈ ભામ્ભીના જીવનખંડનાં તેર વરસનાં ચાલીસ પ્રકરણો સમાહિત છે. આ ચાલીસ પ્રકરણમાં પ્રાગજીભાઈ ભામ્ભીએ પોતાના મોડાસા કૉલેજ સાથે સંકળાયેલ જીવનની ખટમીઠી ને વેદનાભરી પણ સ્મૃતિઓનું આલેખન કર્યું છે. ગામડાના એક વિદ્યાર્થી તરીકે આરંભીને ને તે જ કૉલેજમાં અધ્યાપક બન્યા રહ્યા ત્યાં સુધીની એમની બાહ્ય અને આંતરિક વિકાસયાત્રાનો આલેખ અહીં રચાયો છે.

એક વિદ્યાર્થીના સ્મરણપ્રસંગો તો કેવા હોય ? પ્રાગજીભાઈ ભામ્ભી લખે છે : ''આપણા જીવનની, બીજા લોકોને અત્યંત સામાન્ય લાગે તેવી ઘટનાઓ આપણા જીવન માટે તો ઘણી મહત્ત્વની હોય એમ બને છે. ઘણી વાર બને છે. કમ સે કમ એ એવી

તો હોય છે કે યાદ આવે ત્યારે એનો સ્મૃતિરસ જીવનને બાગ બાગ કરી દે છે.'' (પૃષ્ઠ : ૫૨). એવા યાદગાર પ્રસંગોમાં સાપ પકડીને ખેતરમાં નાખી આવનાર કુમુદ ગોર, કરસનદાસ સોનેરીના ચૂંટણીપ્રચારમાં થયેલો લેખકનો અનુભવ, જુનિયર બી. એ.ના વરસમાં મિત્રો સાથે નાની-નાની મજાઓ માણવાના પ્રસંગો, વિદ્યાર્થી પ્રાગજીભાઈને આચાર્યશ્રીએ ધમકાવેલા ને પછી બિરદાવેલા વગેરેનો સમાવેશ થાય છે.

આ બધા પ્રસંગો યાદ આવતાં જાણે ફરી જિવાતા હોય છે. એનો આનંદ કૈં ઑર જ હોય છે. સ્મૃતિના દ્રાવણમાં ઓગળીને નવું રૂપ પામેલો એ અતીત મોહક બનીને ચિત્તમાં પ્રગટ થાય છે. આ બધા જ અતીતના પ્રસંગોના આલેખન પરત્વે પ્રાગજીભાઈ ભામ્ભી કહે છે : 'મોડાસા સાથે સંકળાયેલ મારા જીવનની સ્મૃતિકથા આલેખવાનું વળગણ (obsession) જ આ આલેખન પાછળનો ધક્કો રહ્યો છે. તે સમયની મારી માનસિકતાને, મારી યાદદાસ્તને વફાદાર રહીને વ્યક્ત કરવાની કોશિશ કરી છે. મારી ઉંમરનો એ એકવીસથી તેત્રીસ વર્ષનો એટલે મારી જુવાનીનો ગાળો હોવાથી તે ગાળાની માનસિકતાની અભિવ્યક્તિ મને મહત્ત્વની લાગી છે.''

('પ્રસ્તાવના'માંથી)

હા, એ વળગણે જ તેમને આટલા બધા પ્રસંગો યાદ કરાવ્યા છે. વળગણ આલેખનની તટસ્થતાને હાનિ પહોંચાડી શકે એ સંભાવના આ સંસ્મરણકથામાં નથી રહી. કેમ કે બધાં જ સંસ્મરણો યાદદાસ્તને વફાદાર રહીને તો લખાયાં છે પણ એ તમામ ઘટનાઓ ઘટ્યા પછી તેના ત્રીસ વરસ અંતરાલ બાદ લખાયાં છે. મોટા ભાગનાં તો ચાલીસ વરસ બાદ લખાયાં છે. બની શકે કે તે જ પ્રસંગ તેની સાથે સંકળાયેલ લેખક સાથેની અન્ય વ્યક્તિની યાદમાં થોડા અલગ રૂપે સચવાયો હોય. એવું પણ બન્યું હોય કે વીતેલાં વર્ષોએ પ્રસંગની યાદમાં રંગપૂરણી કરી હોય ને એને ચોંટેલી રજને ખંખેરી નાખી હોય. આ બાબતે પ્રાગજીભાઈ ભામ્ભી સાચું જ કહે છે :

'યાદ રાખવાનું છે કે મોડાસાનાં મારાં એ વર્ષોનાં સંભારણાં આગલાં થોડાંક પ્રકરણોને બાદ કરતાં મોટા ભાગનાં તો ચાલીસ વરસ બાદ લખાયાં છે. આશા રાખું છું કે તેથી કાંકા-કાંકરા-કસ્તર એ બધું સમયના, પ્રમાણમાં એ દીર્ઘ પ્રવાહમાં તળિયે બેસી ગયું હશે ને આલેખનમાં કંઈક નીતર્યાપણું આવ્યું હશે.

ઈમાનદારીપૂર્વક અત્રે જાહેર કરવાની રજા લઉં કે અત્યારે તો સંભારણામાં સમાવેશ પામતી વ્યક્તિઓ પૈકી મને કોઈનાયે તરફ કશી જ કડવાશ રહી નથી. આશા રાખું છું કે, એટલે, આલેખનમાં પણ નહિ આવી હોય.''

('પ્રસ્તાવના'માંથી)

આ સંભારણાંમાં સમાવેશ પામતી વ્યક્તિઓ ચાર પ્રકારની છે. પહેલામાં વિદ્યાર્થી પ્રાગજીભાઈના સહાધ્યાયી મિત્રો, બીજામાં આચાર્યશ્રી અને તેમના સાથી અધ્યાપકો,

ત્રીજામાં તેમના વિદ્યાર્થીઓ અને ચોથામાં સંચાલકમંડળના સભ્યો અને સંઘર્ષ સમયના અન્ય પ્રતિપક્ષીઓનો સમાવેશ થાય છે. પ્રાગજીભાઈ ભામ્ભી જે આલેખન કરે છે તેમાં એ વસ્તુનો સ્વીકાર રહેલો છે કે જે તે સમયે ઘટેલી ઘટનાઓમાં ભૂમિકા ભજવનાર વ્યક્તિઓ પ્રત્યે તે સમયે કડવાશ રહી હશે ‘અત્યારે તો રહી નથી’. તેમ છતાં એવી કડવાશ અલ્પ માત્રામાં રહી હોવાની સંભાવનાનો પણ પ્રાગજીભાઈ ભામ્ભી સ્વીકાર કરે છે. તેથી તો તેઓ કહે છે કે, ‘આશા રાખું છું કે (એ કડવાશ) આલેખનમાં નહિ આવી હોય’. પ્રાગજીભાઈ ભામ્ભી એ બાબતે સભાન છે કે આલેખન સચ્ચાઈપૂર્વક થવું જોઈએ. પછી ભલે બીજાઓ એ વિશે અલગ મત ધરાવતા હોય અને એવું તો બનવાનું. પુસ્તકના ચોથા ખંડના ‘સંઘર્ષ સમય’ના આલેખન પરત્વે તો પ્રાગજીભાઈ ભામ્ભી વધુ સભાન રહ્યા છે. તેમણે એમાં સાવચેતી રાખવાની પૂરી કોશિશ કરી છે કે એમની કલમની ટાંક પર કડવાશનું એક બિંદુ પણ ન રહે. એનું કારણ દર્શાવતાં એ લખે છે :

‘‘ઘટનાઓને યાદદાસ્ત મુજબ આલેખવા જતાં વ્યક્તિઓની ભૂમિકા તો આવવાની. કૉલેજ સંચાલકમંડળ અને સાહેબ (આચાર્યશ્રી ડૉ. ધીરુભાઈ ઠાકર)ની ભૂમિકા તો વિશેષપણે આવવાની અને આલેખનમાં લેખકનો દૃષ્ટિકોણ ને માનસિકતા પણ આવવાનાં. એટલે પ્રશ્ન થયો : ‘આ લખીને હું શું સિદ્ધ કરવા માગું છું ? જે ગૂમડા પર સુકાઈને ભીંગડું વળી ગયું છે તેને ફરી ઉખેડવાથી મને શું મળશે ? બંને પક્ષે જો કડવાશ જ નથી રહી તો કટુ પ્રસંગોને તાજા કરી કડવાશની સંભાવના શા માટે ઊભી કરવી ?

એવો પ્રશ્ન પણ થયો ને મનમાં વારંવાર ઘોળાયો કે, ‘મારાં આ સંઘર્ષ-સમયનાં અમુક પ્રકરણો જ કાઢી નાખું તો ? મનમાંથી જ ઉત્તર મળ્યો કે ‘તો તો સંસ્મરણોનું ધડ જ રહે. મસ્તક તો જતું જ રહે !’’

(‘પ્રસ્તાવના’માંથી)

એ મોટામાં મોટી હકીકત લેખકના આ શબ્દોમાં છે :

‘‘અમને નવ અધ્યાપકો (‘નવ રત્નો’)ને મોડાસા કૉલેજમાંથી દૂર કરવા માટેનું જે કહેવાતું વિદ્યાર્થી-આંદોલન (૧૯૭૩-૭૪) નવનિર્માણ આંદોલનની આડમાં ચાલ્યું, ને છેવટે જે સમાધાન થયું તેનું પરિણામ તો એ આવ્યું કે અમારે નવે નવને કૉલેજ તો છોડવી જ પડી !’’

(‘પ્રસ્તાવના’માંથી)

આ હકીકતને લેખકે પૂરી નિખાલસતા, વિવેક ને તટસ્થતાથી લખવાની કોશિશ કરી છે. એમણે એ પણ સ્પષ્ટતા કરી છે કે,

‘‘ઘટનાને ચાલીસ વરસનો સમય વીતી ગયો છે. એટલા દીર્ઘ સમયની પારથી

હું તે ઘટનાને જોઈ રહ્યો છું. હવે પ્રતિપક્ષ તરફ મને અને મારા મિત્રોને પણ કશી કડવાશ રહી નથી. વીતેલાં વર્ષોએ કડવાશને ધોઈ નાખી છે. એટલે, આજે કશા જ પૂર્વગ્રહ વિના હું ત્યારની ઘટનાઓને સ્મૃતિના માધ્યમથી જોઈને જે દેખાઈ રહ્યું છે તેનું જ સાફ સાફ આલેખન કરવાનો પ્રયાસ કરી રહ્યો છું.'' (પૃષ્ઠ : ૨૦૭)

તો, આમ સચ્ચાઈપૂર્વક લેખકે સંઘર્ષ સમયનાં પ્રકરણો લખ્યાં છે અને તેમાં કશો પડદો કે આડ રાખ્યા વિના 'સાહેબ' સહિત તમામની ભૂમિકાઓનું આલેખન કર્યું છે. સંસ્મરણકથાના લેખક સહિત નવ અધ્યાપકોને કૉલેજની નોકરીમાંથી છૂટા કરવાની ઘટના બની અને અધવચ સંઘર્ષ છોડી નવેનવ અધ્યાપકોને જે પ્રકારે સમાધાન સ્વીકારવું પડ્યું તે શોભાસ્પદ નહોતું, ઉચિત નહોતું તે પ્રાગજીભાઈ ભામ્ભીએ પૂરતા તર્કથી પુરવાર કરવાની કોશિશ કરી છે. નવ અધ્યાપકોને સારા ને સાચા માનતા હોવા છતાં તેમને થતી સજા રોકવા આચાર્યશ્રી કંઈ કરી ન શક્યા તે વાતને લેખક સ્પષ્ટ કરે છે. સાહેબ બીમાર પડી ગયા એ વાતને આગળ લાવી લેખક તેમના પક્ષનો બચાવ પણ કરે છે. અંતે લેખક નિષ્કર્ષ કાઢે છે કે,

''હવે ભાવનાઓમાં વહી જવાનો અર્થ નહોતો. કોઈને દોષ દેવાનો અર્થ નહોતો. સાહેબ વિશે જે મેં કહ્યું તે મારી તે સમયની માનસિકતા, તે સમયની લાગણી વ્યક્ત કરવા કહ્યું. આજે હું એવું ન કહું. કેમ કે માણસ આખરે તો માણસ છે. એકી વખતે તે સમર્થ અને અસમર્થ બંને હોય છે, તેનો પણ પક્ષ હોય છે, દૃષ્ટિકોણ હોય છે, પરિસ્થિતિનું પોતાનું મૂલ્યાંકન હોય છે. આપણો સ્વાર્થ પરિસ્થિતિને તેની અખિલાઈમાં જોઈ શકતો નથી. દુઃખનું કારણ એ બને છે. હકીકત એ હતી કે હોનીને અનહોની ન જ કરી શકાઈ.'' (પૃષ્ઠ : ૨૧૭)

નિરૂપણરીતિને સાહજિક રાખી પ્રાગજીભાઈ ભામ્ભીએ આ સંસ્મરણોને સચ્ચાઈથી આલેખ્યાં છે. તેમાં કશુંયે વધુ પડતું, વધારાનું આલેખાયું હોય એવું વરતાતું નથી. આખી સંસ્મરણકથાને એકી બેઠકે વાંચનાર વાચક નવલકથાવાચન જેવા રસથી એને વાંચી શકે તેટલી રસપ્રદ આ કથા બની છે. અગાઉ આપણે કહ્યું કે સંસ્મરણકથાનાં પહેલાં બે પ્રકરણો પ્રવાહથી છૂટાં પડી જાય છે તે સાચું હોવા છતાં એમ કહી શકાય કે એ પ્રકરણો સંસ્મરણકથાના આલેખનની ભૂમિકારૂપ બન્યાં છે.

બધા ચારેચાર ખંડોમાં વહેંચાયેલાં બેતાલીસ પ્રકરણોનાં આલેખનમાં લેખકે દસેક વરસનો સમય લીધો છે. એક અને બીજા પ્રકરણના આલેખન વચ્ચેનો ગાળો ક્યારેક દિવસોનો, ક્યારેક મહિનાઓનો ને ક્યારેક થોડાં વર્ષોનો પણ રહ્યો હોવાથી આલેખનમાં પુનરાવર્તન આવી જાય એ સ્વાભાવિક છે. લેખકે સંસ્મરણકથાની અધિકૃત વાચના તૈયાર કરતાં આ પુનરાવર્તનો નિવારવાની સંનિષ્ઠ કોશિશ પણ કરી હશે પણ તે છતાં કેટલાંક રહી ગયાં હોય તેવું બન્યું છે. જેમ કે 'મારા નામે જોઈએ તેટલી ચોપડીઓ લાઇબ્રેરીમાંથી

મળતી હતી' (પૃષ્ઠ : ૮૬) એ વાક્ય બીજા જ પરિચ્છેદમાં થોડુંક શાબ્દિક રીતે બદલાઈને આમ આલેખાયું છે : 'કૉલેજના પુસ્તકાલયમાંથી પુસ્તકો પણ જોઈએ તેટલાં મળી રહેતાં હતાં' (પૃષ્ઠ : ૮૬). તો, મહાદેવ દેસાઈ વક્તૃત્વ સ્પર્ધાની વિગતો 'મારી વક્તૃત્વ સ્પર્ધાઓ' પ્રકરણમાં છે એ જ પાછી 'ઉપસંહાર'માં પણ પુનરાવર્તિત થાય છે. આવાં પુનરાવર્તનો નિવારી શકાયાં હોત. પરંતુ પુનરાવર્તનોની માત્રા એટલી અલ્પ છે કે તે કઠતાં નથી કે આલેખનના પ્રવાહને અવરોધતાં નથી. આલેખનમાં પ્રસ્તાર નથી. પ્રકરણો લાંબાં નથી. ક્યારેક તો એકથી વધારે પ્રસંગોનાં આલેખનવાળાં પ્રકરણો આવે છે તે પણ ટૂંકાં જ રહે છે. મારે કહેવું જોઈએ કે બધા ખંડોમાં 'સંઘર્ષ-સમય' ખંડ આલેખનમાં ચડિયાતો રહ્યો છે. જે જોયું, જે વેઠ્યું તેની નિરૂપણા લેખકે તટસ્થતા અને તદ્રુપતાપૂર્વક બહુ પ્રભાવક બનાવી છે. 'ઉપસંહાર' પ્રકરણ તો શિરમોર છે.

પ્રસ્તુત સંસ્મરણકથા પ્રાગજીભાઈ ભામ્ભીની જીવનકથા તો ન ગણાય પણ તેમના જીવનના એક, તેર-ચૌદ વર્ષના, કાલખંડની કથા બની છે. એટલામાંયે તેમની ચરિત્રવિકાસ રેખાઓ ઠીક ઠીક અંકાઈ છે.

ખરેખર, સંસ્મરણકથા વેધક બની આવી છે.

□

## ગુજરાતી વાર્તાસાહિત્યમાં એક ડગલું આગળ | કિશોરી ચંદારાણા

[**એક ડગલું આગળ (વાર્તાસંગ્રહ)** : લેખક : પારુલ કંદર્પ દેસાઈ, પ્રકાશક : ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૪. પૃ. ૧૪૪, રૂ. ૧૪૦]

'એક ડગલું આગળ' પારુલ કંદર્પ દેસાઈનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. ઈ. સ. ૧૯૯૮માં લખાયેલી પ્રથમ વાર્તા 'વિપર્યાસ'થી શરૂ થયેલી પારુલબહેનની કલમે ૧૯૧૪ સુધીમાં 'એક ડગલું આગળ' સુધી ૧૪ વાર્તાઓ લખાઈ છે. વાર્તાસંગ્રહમાં આરંભે લેખિકાએ વાર્તાસર્જનની પ્રક્રિયા દરમિયાનની પોતાની કેફિયત આપી છે. વાર્તાનું વસ્તુ ક્યાંથી મળે છે-થી શરૂ કરી વાર્તાસર્જનની ક્ષણો, મનમાં બંધાતો એક ઝાંખો-અસ્પષ્ટ આકાર, તેમાં થતી ચેક-ભૂંસ, મિત્રો સાથેની ચર્ચા અને પછી જ તેને અપાતું વાર્તાનું સ્વરૂપ – લેખિકાએ બહુ જ નિખાલસતાથી વાર્તાસર્જનની કેફિયત આપી છે. જુદી જુદી વાર્તાઓનાં વિષયવસ્તુ, કઈ ઘટનાઓમાંથી મળ્યા છે તેનો પણ નિર્દેશ કર્યો છે.

આરંભે શ્રી બિપિન પટેલે પ્રસ્તુત વાર્તાસંગ્રહ વિશે 'દાંપત્યના પાયા ડગમગી રહ્યા છે' શીર્ષક હેઠળ કદાચ પ્રસ્તાવના જ કહી શકાય તે રીતે આ સંગ્રહની વાર્તાઓ અને વાર્તાકાર વિશે પોતાની અનુભૂતિને આલેખી છે. તેનો સંદર્ભ તેઓ 'ડૉલ્સ હાઉસ'ની નોરા સુધી લઈ ગયા છે. ચૌદ પૈકી નારીકેન્દ્રી ૧૧ વાર્તાઓની ચર્ચા દ્વારા બિપિનભાઈએ તૂટી રહેલી લગ્નસંસ્થાનો કડડ કડડ અવાજ જે રીતે સંભળાય છે તેની ચિંતા તો વ્યક્ત કરી જ છે, પણ સ્ત્રીજીવનની, દાંપત્યજીવનની સમસ્યાઓને વાર્તાકલાના ધોરણે અને

શરતે વાર્તારૂપ અપાયું છે તેનો આનંદ પણ વ્યક્ત કર્યો છે.

'લગ્ન' એ ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારો પૈકીનો એક સંસ્કાર છે તેથી માત્ર સામાજિક જ નહીં, નૈતિક રીતે પણ તેનું મૂલ્ય છે. પરંતુ, સ્ત્રીના સર્વ સમર્પણની, એકપક્ષી બલિદાનની, પતિ-પરમેશ્વરની ભાવના પર આ સંસ્થા સદીઓથી ટકેલી છે. સ્ત્રી જો આ બધી બાબતોને છોડી દે અથવા એમ કહો કે જુદા ચીલે ચાલવા માંડે તો પેલો કડડ કડડ અવાજ કડાકા સાથે સંભળાવા લાગે ખરો ! આ વાર્તાઓમાં બને છે આવું.

પહેલી જ વાર્તા 'વિપર્યાસ'માં 'ફૂડ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા'માં વાઇસ ચેરપર્સન એવી માનસી અને બીજી બાજુ પતિ વિવેક, સંતાનો અપ્પુ અને શ્રુતિ પાછળ દોડાદોડી કરતી લોપા – બે સ્ત્રીપાત્રો દ્વારા લેખિકાએ 'હાઉસવાઇફ' અને 'કેરિયર વુમન' વચ્ચેનો વિપર્યાસ વ્યક્ત કર્યો છે. 'એ બધાં બધું જાતે જ લઈ લે તો પછી મારે શું કરવાનું ? માનસી, આ બધાંની સોઈ-સગવડો સાચવવી, પૂરી પાડવી એ જ તો મારું જીવન છે.' એમ બોલતી લોપા માનસીના વ્યક્તિત્વથી પ્રભાવિત છે. તો વાર્તાના અંતે કંકુવાળી આંગળી કપડાંથી લૂછવાને બદલે સેંથામાં જ લૂછતી માનસી સ્ત્રીના સૌભાગ્યસ્વરૂપને અખંડ રાખવાનું કામ કરે છે. એક ગૃહિણી, પતિવ્રતા, સૌભાગ્યવતી સ્ત્રીની ભૂમિકા છોડી શકાતી નથી તો આર્થિક સ્વાવલંબન, ગૌરવપૂર્ણ હોદ્દો પણ સ્ત્રીને એટલાં જ આકર્ષે છે. આ જ છે સ્ત્રીના આંતરબાહ્ય મનનો વિપર્યાસ. 'ભણકાર'ની નાયિકા અમોલા ગુપ્તા જેના પેઇન્ટિંગને કૉલેજમાં દર વર્ષે ફર્સ્ટ પ્રાઇઝ મળતું, જે હવે માત્ર પતિ આલોકની 'મૌલી' બનીને જ રહી ગઈ છે. પંદર વર્ષ બાદ સંતાનો અને પતિની થોડા કલાકોની ગેરહાજરીમાં તેને અહેસાસ થાય છે કે આલોક અહીંયાં નથી તોય એનાથી છૂટી શકાતું નથી. ધરતી પરના ધરતીકંપને તો દુનિયાએ જોયો એની ભયાનકતા જોઈ પરંતુ સંતાનમાં પુત્રપ્રાપ્તિની પતિની ઝંખનાએ એક પત્નીના જીવનમાં આવેલા ધરતીકંપને કોણે જોયો ? પતિની પુત્રઝંખનાએ પત્નીના ગર્ભમાં રહેલા બે જીવોની હત્યા કર્યા પછી હવે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા પત્નીને ઘરમાંથી કાઢી મૂકી તે ઘટના ૨૧મી સદીમાંય નવી નથી. વિજ્ઞાનના સત્યને હજુ ૨૧મી સદીનો પુરુષપ્રધાન સમાજ સ્વીકારી શકતો નથી. ધરતીકંપમાં દબાઈ ગયેલી નાની બાળકીને બચાવીને 'હવે કશુંય નહીં થવા દઉં.' એવા પોતાના અવાજમાં નાયિકાને બોદાપણું એટલા માટે લાગે છે કે પોતાનું જ ઘર છોડીને અપામનિત થઈને નીકળી જવું પડે તેવું તેણે શા માટે થવા દીધું ? પણ અહીંથી કદાચ 'કશુંય નહીં, પણ...'ની નવી વાર્તા ઊઘડે કે બીજાની સાથે શું પોતાની સાથે પણ તે હવે કશું થવા નહીં દે.

'અરીસો' પ્રતીક છે સ્ત્રીના રૂપનું, સૌંદર્યનું. લગ્નજીવનમાં છોકરી પક્ષે માત્ર ગોરી ચામડીનું જ મહત્ત્વ છે. નિરાલીના ફોઈનું નહીં, સમાજના અરીસામાં દેખાતું આ પ્રતિબિંબ છે. સ્ત્રીસશક્તીકરણ આ પુરુષપ્રધાન સમાજને સ્વીકાર્ય છે ખરું ? અને એટલે જ તો

ગુંડાઓનો પ્રતીકાર કરતી નિરાલી ગૌરવને બદલે ઠપકાનું નિશાન બની રહે છે. સમાજને નિરાલીનું રૂપ, સૌંદર્ય જોઈએ છે; તેનું સાહસ અને શૂરાતન નહીં. કાળવીફોઈ અને નિરાલી વચ્ચે એક પેઢી વીતી ગઈ, સમાજ બદલાયો નથી. 'અંદર-બહાર' સામાન્ય પ્રણયત્રિકોણની, એક પુરુષના અન્ય સ્ત્રી સાથેના સંબંધોની ચીલાચાલુ વાર્તા નથી. ૩૫ વર્ષ સુધી 'તું હવે આ ઘરની રાણી' એવા પતિના શબ્દો પર હૃદયમાં આસ્થાનો દીપક જલાવી જીવની સીમાને ૩૫ વર્ષ પછી પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોની જાણ થતાં છેતરાયાની લાગણી થતાં 'લોહીઝાણ' થયાની વેદના અનુભવતી અને આ વેદના આપનારાને હીંચકાની એક ઠેસીથી જાકારો આપતી એક સ્ત્રીની જાગતિક ચેતનાની કથા છે. ભવિષ્યની આશાસ્પદ કવયિત્રી, 'શાકુંતલ'માં શકુંતલાનું પાત્ર ભજવતી મૈત્રેયીની કલાને પતિનો પ્રભાવ કઈ રીતે ગ્રસી લે છે તેની વાત 'ગ્રહણ'માં પુત્રી ઇષિરાની કલમે લખાઈ હોવાથી સ્ત્રીસંવેદનાને વધારે સ્પર્શી જાય છે. 'દરેક વાતે મમ્મી જ સરન્ડર થઈ છે. મમ્માને પપ્પાની બધંબધી વાત ગમતી હશે ? કશો વિરોધ નહીં એમ ?' એક સ્ત્રીની દૃષ્ટિએ બીજી સ્ત્રીને સમજવાનો, આલેખવાનો એક સ્ત્રીસર્જકનો આગવો પ્રયાસ પ્રસ્તુત વાર્તામાં છે. તો 'મમ્મી' વાર્તામાં માતાની દૃષ્ટિથી પુત્રીને સમજવાનો પ્રયાસ એ માતાપુત્રીના સંબંધનો જુદો જ આયામ બતાવી જાય છે. વર્ષો પહેલાં પિતાની ઇચ્છાને વશ થઈ S. S. C. પછી કૉલેજમાં જવાની ઇચ્છા પર પ્રતિબંધ આવી ગયેલો. આ જ ફરી વર્ષો પછી માતાના રૂપમાં પોતે જ પુત્રી રોનકની કારકિર્દી આડે પથરો બનીને ઊભી રહેશે !!! બંને વાર્તાઓ માતા-પુત્રી વચ્ચેના સંબંધોની એક આગવી ભૂમિકા રચી આપે છે.

'છેડા છુટ્ટા' વાર્તાનું શીર્ષક વિશિષ્ટ છે. 'છુટ્ટા છેડા' શબ્દનાં બે પદોનું સ્થાન બદલીને લેખિકાએ તેની તીવ્રતા વ્યક્ત કરી છે. 'છેડા છુટ્ટા' એમ બોલતાં જ સંબંધોમાં રહેલો આક્રોશ આપોઆપ જ વ્યક્ત થઈ જાય છે. પૂરાં પંદર વર્ષ, અગિયાર મહિના અને બાર દિવસની ઉપર મિનિટો, સેકંડોથી કોઈ સમાચાર ન મોકલનાર આકાશે અચાનક એક દિવસ પ્રીતિના ઈ-મેલ પર લખી દીધું, 'હવે હું આવું જ છું. જીવનનાં વર્ષો તારી સાથે વિતાવવાં છે.' પણ આટલાં વર્ષોના અવકાશનું શું ? આઠ વર્ષની પુત્રી અનુષ્કાને લઈને પ્રીતિ... પતિ આકાશે આપેલા વિશ્વાસને સહારે અમેરિકા છોડીને ઇન્ડિયા આવી ગઈ. આજે એ જ દીકરી ડૉક્ટર બની ત્યાં સુધી રાહ જોતી પ્રીતિએ આકાશને જવાબ આપી દીધો શું ? પંદર વર્ષોથી છેડા છુટ્ટા જ હતા.

સંગ્રહની છેલ્લી વાર્તા 'એક ડગલું આગળ' સ્ત્રીના નિજી અસ્તિત્વની ઓળખની વાર્તા છે. પ્રમોશન સ્વીકારીને બદલીનો નિર્ણય નિશીએ... કિરીટે પૈસા ન આપ્યા એ એક જ ઘટનાથી ઉતાવળે નથી લીધો. દાંપત્યજીવનનાં આટલાં વર્ષો-દિવસો તેની નજર સમક્ષ ચિત્રપટની માફક વારાફરતી પસાર થાય છે. કિરીટ તરફથી સતત ઉપેક્ષા,

અપમાન, અવહેલનાનાં જ ચિત્રો આવે છે. પોતાની આવકનો ઉપયોગ પ્રેમના નામે થઈ રહ્યો છે. કિરીટે પોતાની પૈસાની જરૂરિયાતને પ્રેમના નામનો અંચળો ઓઢાડી દીધો છે. જેના નીચે છુપાયેલો એકપક્ષી સ્વાર્થ નિશી જોઈ ન શકે. પોતાને જ જરૂર છે ત્યારે પોતાના જ પગારના પૈસા પોતાને ન મળે એ આઘાતે નિશીએ પ્રમોશનના સ્વીકારનો નિર્ણય લીધો. નિશીને દાંપત્યજીવન તોડવું નથી. પણ જીવનમાં સ્વતંત્રતા, આગવી સ્પેસ તો જોઈએ જ. અંત આઘાતજનક લાગે, પરંતુ સત્યના અહેસાસને ઉજાગર કરવા આવો આગવો નિર્ણય જરૂરી બને.

નારીકેન્દ્રી વાર્તાઓ ઉપરાંત 'યક્ષપ્રશ્ન'માં બધી જ સ્ત્રીને પોતાની પસંદગીનું જીવન મળે ખરું ? એ પ્રશ્ન અધ્યાપકીય અનુભવમાંથી ઉદ્ભવ્યો છે જે નિરુત્તર રહ્યો છે. 'એસએમએસ'માં પણ ટેકનૉલોજીના ઉપયોગ થકી એક એકાકી સ્ત્રીની સંવેદનાઓના થંભી ગયેલા નીરને ખળભળાવી દીધા. પણ મૂળમાં તો માતા અને ભાઈની દેખભાળ માટે એક સ્ત્રીના ત્યાગ અને બલિદાનની ઘટના છે. 'મોટી' વાર્તામાં ગાંડી બહેન પ્રત્યેની સંવેદના ઝિલાઈ છે. 'દૃષ્ટિભેદ'માં બે પેઢી વચ્ચેના અંતરનો પ્રશ્ન આલેખાયો છે. નિવૃત્ત વ્યક્તિની પોતાનાં જ સંતાનો તરફથી થતી અવહેલનાની અનુભૂતિ વ્યક્ત થઈ છે. 'નિસબત'માં સમાજનાં નાના કહેવાતા માણસો તરફની મોટા માણસોની નિસબત ડોકિયાં કરે છે.

સંગ્રહની ચૌદેય વાર્તાઓ સ્ત્રીમાનસને, તેની સંવેદનાઓને કેન્દ્રમાં રાખીને જ લખાઈ છે. સ્ત્રીસર્જક હોવાના કારણે સ્ત્રીસંવેદનાની નાજુક ક્ષણોને લેખિકા ખૂબ નાજુકાઈથી સ્પર્શી શક્યાં છે. આછોતરા શ્યામગુલાલ કંકુભર્યા અપરિચિત પણ પોતાના જ સેંથા તરફ જોતી માનસીના મનોભાવો હોય કે મહિલા કૉલેજમાં અધ્યાપક તરીકે નરી રેતમાં હોડી ચલાવવાની અનુભૂતિ અનુભવતી માધવી હોય; વર્ષો પછી આલોક નથી છતાંય તેનામાંથી છૂટી ન શકતી મૌલી-અમોલા ગુપ્તાનું મનોમંથન હોય કે પછી અરીસામાં ફોઈના રૂપને જોવા મથતી નિરાલીની વેદના હોય; લગ્નનાં ૩૫ વર્ષ પછી હીંચકાને ઠેસીના રૂપમાં દાંપત્યજીવનને ઠેસ મારતી સીમા હોય કે ખૂણામાં મૂર્તિ સમી શોભતી મમ્મી અને એ મમ્મીના મૌનને અનુભવતી ઇષિરાની મૂક વ્યથા હોય; ઇ-મેલનો જવાબ લખી દેતી પ્રીતિની વેદના હોય કે પ્રમોશન સ્વીકારી લેતી નિશીની દૃઢતા હોય; આ બધાં જ નિરૂપણ લેખિકાએ સ્ત્રીસહજ મનોભાવો સહિત જરાય મુખર થયા વિના હૃદયસ્પર્શી રીતે આલેખ્યા છે. ક્યાંય પુરુષનો, દાંપત્યજીવનનો, લગ્નસંસ્થાનો, જવાબદારીનો વિરોધ કે વિદ્રોહ, આક્રોશ નથી, પરંતુ પોતાની ઇચ્છાને પણ માન મળે, પોતાના વિચારોની પણ કિંમત થાય, નિર્ણયોને સમ્માન મળે એટલી જીવવા માટેની સ્પેસ તો હવે તેને જોઈએ જ. કોઈ પોતાના પ્રેમનો, ઝંખનાનો, આવકનો ઉપયોગ જ કરે તે હવે તેને સ્વીકાર્ય નથી. આ વાત બહુ તારસ્વરે 'કશુંય નહીં...', 'અરીસો', 'અંદર-

બહાર', 'છેડાછુટ્ટા', 'એક ડગલું આગળ' જેવી વાર્તાઓમાં કહેવાઈ છે. ટેક્નૉલોજી અને તેને ડિવાઇસનો ઉપયોગ પણ લેખિકાએ નાયિકાના મનોભાવોને આલેખવામાં કર્યો છે. તો 'વિપર્યાસ', 'ભણકારા', 'ગ્રહણ' જેવી વાર્તાઓ સ્ત્રીની મૂક સંવેદના, અને સમર્પણની ભાવનાને જ બિરદાવે છે. બગીચો, વસંતઋતુમાં ખીલી ઊઠતાં મધુમાલતી, રાતરાણી, મોગરો અને જૂઈની સુગંધ, આકાશના બદલાતા રંગો, દરિયાની તનને અને મનને ભીંજવતી છાલકો, 'ગુલમ્હોર શો રતુંબડો થઈ ડૂબી જતો સૂરજ' અને 'રાતરાણીની સુગંધ લઈ આવતો ચંદ્ર', લાલહિંગળોક આકાશ, આંદોલિત થઈને હળવું હળવું ઝૂલતો હીંચકો – આ બધાં જ તત્ત્વોનો ઉપયોગ લેખિકાએ પાત્રોના મનોભાવોને અભિવ્યક્ત કરવા માટે કર્યો છે. પ્રકૃતિનાં તત્ત્વો કઈ રીતે સ્ત્રીના સંવેદનતંત્રને સ્પર્શે છે તેની અનુભૂતિ આ વર્ણનો દ્વારા થાય છે. દાંપત્યજીવનની ઉષ્મા અનુભવાતી અને સ્ત્રીહૃદયની નાજુક સંવેદનાઓને આકાર આપતી આ વાર્તાઓ ગુજરાતી વાર્તાસાહિત્યને 'એક ડગલું આગળ' મૂકી જ દે છે.

18

---

## સાભાર નોંધ

### (નવલકથા)

(૧૨૪) કૂવો : અશોકપુરી ગોસ્વામી, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૨૦૮, રૂ. ૧૭૫/- (૧૨૫) ત્રીજો કિનારો : વર્ષા અડાલજા, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૨૪૮, રૂ. ૨૦૦/- (૧૨૬) પવનનું ઘર : ગુણવંત શાહ, ૨૦૧૪, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, પૃ. ૧૮૪, રૂ. ૧૫૦/- (૧૨૭) સત્-અત્‌ને પેલેપાર : પ્રજ્ઞા વશી, ૨૦૧૪, સાહિત્ય સંકુલ, સુરત, પૃ. ૨૦૮, રૂ. ૨૦૦/- (૧૨૮) ભદ્રંભદ્ર અમર છે : (હાસ્ય લઘુનવલ) : રતિલાલ બોરીસાગર, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૬+૧૫૨, રૂ. ૧૩૦/- (૧૨૯) સપ્ત-સૂરસંગમ : મનોરમા ગાંધી, ૨૦૧૩, સુમન બુક સેન્ટર, મુંબઈ, પૃ. ૧૫૨, રૂ. ૧૫૦/- (૧૩૦) પળ પળ પ્રગટે પ્રેમ (લઘુનવલ) : કૃષ્ણા હિંમત મિસ્ત્રી, ૨૦૧૪, જયંત જ્યોત, માંડવી, પૃ. ૧૦+૧૩૪, રૂ. ૧૫૦/- (૧૩૧) પળ પળનો પડકાર : રવજી કાચા, હસમુખ બોરાણિયા, ભારતી ગોહિલ, ૨૦૧૪, ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ, પૃ. ૧૧૨, રૂ. ૮૪/-

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

પીયૂષ ઠક્કર

કળાકૃતિનું શીર્ષક : છત્રીસ વાદળાં અને સ્વર્ગે સિધાવતા યુધિષ્ઠિર
કળાકાર : અર્પિતા સિંહ (જ. ૨૨ જૂન, ૧૯૩૭, બારાનગર : ૨૪ પરગણા, પશ્ચિમ બંગાળ)
માધ્યમ : કેન્વાસ પર તૈલચિત્ર
માપ : ૪૮'' x૪૮'' વર્ષ : ૨૦૦૫

સમકાલીન કળાકારો રામાયણ અને મહાભારતના પ્રસંગો પર કળાકૃતિઓ રચતાં રહ્યાં છે. એમાં મકબૂલ ફિદા હુસેન, ગણેશ પાઈન, મીરા મુખરજી વગેરે અનેક નામી-અનામી કળાકારોનાં નામોનું સ્હેજે સ્મરણ થાય. એ યાદીમાં ચિત્રકાર અર્પિતા સિંહનું નામ જોડવું રહ્યું. અર્પિતા સિંહનાં ચિત્રોમાં આપણા સમયની સામાજિક-રાજકીય તાસીર પ્રગટપણે આલેખાતી રહી છે. પાછલા એકાદ દાયકાથી એમાં પુરાકથાસંદર્ભ પણ વણાયો છે. એથી કળાકારનું ભાવજગત વિસ્તર્યું છે, તેમજ અવનવા સર્જનાત્મક આયામોની શક્યતા પણ ખૂલી છે.

મહાભારતના મહા-પ્રસ્થાનિકા પર્વનો આ પ્રસંગ છે. પાંડવો હિમાલય તરફ પ્રયાણ કરે છે. એમાં યુધિષ્ઠિર સિવાય સૌ એક પછી એક એક મૃત્યુ પામે છે. શ્વાન રૂપે ધર્મ અને ધર્મરાજા યુધિષ્ઠિર સદેહે સ્વર્ગારોહણ કરે છે. ચિત્રકારે પોતીકી ચિત્રશૈલીમાં આ પુરાકથાસંદર્ભનું આલેખન કર્યું છે. વિમાન પર બિરાજેલાં યુધિષ્ઠિર છે અને સાથે શ્વાન છે. સ્વર્ગના દેવદૂતો એમને વધાવવા સામા આવ્યાં છે. નામ પાડીને બતાવેલાં આ પાત્રો સિવાય ચિત્રફલકમાં પૂરેપૂરાં છત્રીસ વાદળાં છે, સ્ત્રી-આકૃતિઓ છે, બારાખડી-આંકડા છે અને ભૂરું આકાશ છે. જેમ વિમાન પર યુધિષ્ઠિરને મૂકીને ચિત્રકારે મૂળ કથાનકને વળ ચઢાવ્યો છે તેમ યુધિષ્ઠિરની સામે શ્વેત વસ્ત્રોમાં પ્રત્યંચા સમી તણાયેલી સ્ત્રીની આકૃતિ મૂકીને એમાં રહસ્ય ઉમેર્યું છે... શું આ દ્રૌપદી હશે ? ચિત્રફલકની બેઉ ધારે કાળાં વસ્ત્રોમાં આલેખાયેલી શોકસંતપ્ત સ્ત્રીઓ શું દૈવી શક્તિઓ છે ? ચિત્રના નીચલા ભાગે આલેખાયેલી વાદળોમાં ભળી જતી સ્ત્રીઓ યુદ્ધ પછીના માતમથી ઘેરાયેલી માતાઓ છે ? એમાં શ્વેત વસ્ત્રોમાં આલેખાયેલી સ્ત્રી શું માતા કુંતી હશે ? આ સૌ શાને માટે યુધિષ્ઠિરની ચોતરફ આલેખાયાં છે ?

સાંપ્રતસમય અને પુરાકથા, વાસ્તવ અને કલ્પના, ફારસ અને ટ્રૅજેડીને જોડાજોડ મૂકીને ચિત્રકારે સહેજે એક કોયડો રચ્યો છે. વિરોધાભાસોને આવી નર્મમર્મભરી સહજતાથી આલેખવાનો કીમિયો તેઓ બખૂબી જાણે છે. ચોરસ આકારના ચિત્રફલકમાં તૈલરંગની કુમાશભરી માંસલતામાં, પસંદગીના હળવા તેમજ ઔજભર્યા રંગોમાં એક ચાક્ષુષ તેમજ સ્પર્શજન્ય ચિત્રાનુભવ ચિત્રકારે રચ્યો છે, એ માણીએ !

18





સંકલન : પ્રફુલ્લ રાવલ

## શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી માધવ રામાનુજના માર્ગદર્શનમાં કવયિત્રીઓ માટેની કાવ્યલેખન કાર્યશાળા યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કવયિત્રીઓ માટેની એક-દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. પરિષદપ્રમુખ અને જાણીતા સાહિત્યકાર શ્રી ધીરુભાઈ પરીખ અને જાણીતા કવિ માધવ રામાનુજના માર્ગદર્શનમાં યોજાયેલ આ શિબિરમાં અમદાવાદ તથા બહારગામની લગભગ ૩૨ બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યશાળાના પ્રારંભે પ્રજ્ઞા પટેલ લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત થયેલા કાર્યક્રમો, લેખન શિબિર વગેરેની વાત કરી પ્રાસ્તાવિક ભૂમિકા રજૂ કરી હતી. પરિષદના મંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સહુને આવકારી માર્ગદર્શક વક્તાઓના પરિચય સાથે પરિષદની વિવિધ પ્રવૃત્તિઓની વાત કરી હતી.

શ્રી ધીરુભાઈ પરીખે એમના મનનીય વક્તવ્યમાં કાવ્યસર્જનનાં વિવિધ પાસાંનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કવિતા લખાય છે પછી, પહેલાં ચિત્તમાં સર્જાય છે. સાહિત્ય, સંગીત, નૃત્ય એમ વિવિધ કલાઓની સમજ આપી હતી. તેમણે છંદોબદ્ધ કવિતા વિશે માર્ગદર્શન આપી બ. ક. ઠાકોરના 'જૂનું પિયેરઘર' અને રાજેન્દ્ર શાહના 'આયુષ્યના અવશેષે' કાવ્યોનું ખૂબ જ ભાવપૂર્ણ રસદર્શન કરાવ્યું હતું. ઉપસ્થિત બહેનોએ કવિતા, છંદ વિશે પ્રશ્નો રજૂ કરી માર્ગદર્શન મેળવ્યું હતું.

શ્રી માધવ રામાનુજે ગીત, ગીતના લય વિશે ઉદાહરણ સાથે વાત કરી હતી. ગીત-ગઝલ, કવિતા, શબ્દો, લય, પ્રાસાનુપ્રાસ, સંધિ, સમાસ, અછાંદસ કવિતા વગેરે વિશે ચર્ચા કરી સમજ આપી હતી.

સમાપન બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલાં જાણીતાં સર્જક શ્રી ધીરુબહેન પટેલે પોતાનાં સર્જન, સ્વાનુભાવોની વાત કરી આ શિબિર માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ઉપસ્થિત કવયિત્રીઓ પૈકી સર્વશ્રી ઊર્મિ પંડિત, હેતલ ગાંધી, ગોપાલી બુચ, રક્ષા શુક્લ, પારુલ બારોટ, રસીલા કડિયા, ભાર્ગવી પંડ્યા, રેખા જોશી, ગિરીમા ધારેખાન, મંદાકિની આચાર્ય, સ્વાતિ મેઢ, ફાલ્ગુની ભટ્ટ, બિંદુ માધુ, કિન્નરી દવે, રંજન ખાંટ, સ્મિતા શાહ, ઉર્વશી શાહ, હીરવા ત્રિવેદી, નયના મહેતા, પ્રજ્ઞા પટેલ વગેરેએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું.

તા. ૧-૮-૨૦૧૫, શનિવારના રોજ બપોરે ૧૨.૩૦થી ૫ કલાક દરમિયાન શ્રી

ધીરુભાઈ પરીખ અને માધવ રામાનુજની ઉપસ્થિતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કાર્યશાળા યોજાઈ હતી.

**– પ્રજ્ઞા પટેલ**

## પરિષદના આગામી કાર્યક્રમો

તા. ૬-૮-૨૦૧૫ અને તા. ૨૦-૮-૨૦૧૫ના ગુરુવારના રોજ પાક્ષિકીમાં વાર્તાનું પઠન થશે. સાંજે ૬-૧૫ કલાકે.

## વિશ્વકવિતાકેન્દ્ર અંતર્ગત

તા. ૫, ૧૨, ૧૯-૮-૨૦૧૫ના રોજ બુધસભા અને ૨૬-૮-૨૦૧૫ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

## ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગોનું સત્ર ૨૦ ઑગસ્ટ, ૨૦૧૫થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫-૦૦થી ૭-૦૦ના સમય દરમિયાન લેવાશે. પ્રવેશ માટેની યોગ્યતા : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક (બી.એ.).

**: સંપર્કસૂત્ર :**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સની પાછળ, નદી કિનારે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ફોન : કાર્યાલય - (૦૭૯) ૨૬૫૮૭૯૪૭, (મો.) ૯૫૩૭૬૬૧૦૭૩

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સાહચર્ય પ્રકાશન દ્વારા તા. ૨૦-૬-૨૦૧૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે વિશ્વકોશ ભવનમાં 'સાહચર્ય વાર્ષિકી : ૨૦૧૫'ના પ્રકાશન નિમિત્તે 'પ્રકાશન પર્વ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'સાહચર્ય વાર્ષિકી : ૨૦૧૫'નું લોકાર્પણ સુમન શાહે કર્યું હતું. સર્વશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, હરીશ મીનાશ્રુ, કમલ વોરા, જયદેવ શુક્લ અને ભરત નાયકે કાવ્યપઠન કર્યું હતું અને સર્વશ્રી રઘુવીર ચૌધરી, કાનજી પટેલે એમના લેખમાંથી ગદ્યઅંશોનું પઠન કર્યું હતું. સંચાલન નિસર્ગ આહિરે કર્યું હતું.

● તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ ઓમ પ્લાઝા, ડોન ચોક, ભાવનગરમાં સાંજે ૫-૩૦ કલાકે યુવા સર્જકશ્રી નિમેશ જ. પંડ્યાની ઐતિહાસિક નવલકથા 'ઉદયાસ્ત : દ્વારકા-સોમનાથ'નું વિમોચન થયું હતું. સર્વશ્રી માય ડીયર જયુ, વિનોદ જોશી, તથા મહેન્દ્રસિંહ પરમારે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૮મું અધિવેશન ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ અને શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ-કૉમર્સ અને બી.સી.એ. કૉલેજના યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ના રોજ યોજાશે. આ અધિવેશનમાં નીચે મુજબની બેઠકો રહેશે.

**ઉદ્‌ઘાટન બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦

**પ્રથમ બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે સાંજે ૮.૦૦

**આસ્વાદ બેઠક – કચ્છના પરિવેશની કૃતિઓનું વાચિકમ્**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૮.૦૦થી

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૯.૩૦થી ૧૨.૩૦

**ચરિત્રાત્મક સાહિત્ય**

**ત્રીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન**

**ચોથી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે રાતે ૮.૩૦થી ૧૦.૩૦

યજમાન સંસ્થા આયોજિત **સાંસ્કૃતિક કાર્યક્રમ**

**પાંચમી બેઠક**

૨૭-૧૨-૨૦૧૫ને રવિવારે ૮.૩૦થી ૧૧.૦૦

**ગુજરાતી ભાષાનું શિક્ષણ**

## નવા આજીવન સભ્યો

| | | |
|---|---|---|
| ૧. | ચેતનકુમાર એલ. ભટ્ટ | રાજકોટ |
| ૨. | સ્વાતિ ધ્રુવ નાયક | નવસારી |
| ૩. | ગીતા રાજેન્દ્ર પંચાલ | અમદાવાદ |
| ૪. | મહેન્દ્ર બાવીસીયા | અમદાવાદ |
| ૫. | નિરવ એમ. પારેખ | અમદાવાદ |
| ૬. | પ્રા. હિરામતી સુર્વે | દાહોદ |
| ૭. | ભાવિન નાયક | સુરત |
| ૮. | રણજિતસિંહ બી. વાંક | અમદાવાદ |
| ૯. | વત્સલ ર. શાહ | અમદાવાદ |
| ૧૦. | ઉદય શાહ | નવસારી |
| ૧૧. | અવની જે. જાદવ | અમદાવાદ |
| ૧૨. | નીલા પી. ત્રિવેદી | વડોદરા |
| ૧૩. | જયેન્દ્ર આર. શાહ | અમદાવાદ |
| ૧૪. | નિશિથ જોશી | અમદાવાદ |
| ૧૫. | સુશીલ ઠક્કર | મુંબઈ |
| ૧૬. | મહેન્દ્રકુમાર પી. ભાવસાર | ગાંધીનગર |
| ૧૭. | જયંતીલાલ એમ. પરમાર | ગાંધીનગર |
| ૧૮. | હરીશ એસ. સોની | અમદાવાદ |
| ૧૯. | કુમારેશ ઉ. ત્રિવેદી | અમદાવાદ |
| ૨૦. | ડૉ. પ્રતિભાબહેન ગજીવાલા | સુરત |
| ૨૧. | ડૉ. પારુલ એ. જોષી | અમદાવાદ |
| ૨૨. | ઈશ્વરલાલ બી. પરમાર | અમદાવાદ |
| ૨૩. | રાજેશ રાજગોર | મુંબઈ |
| ૨૪. | અતુલ પટેલ | અમદાવાદ |
| ૨૫. | અનિરુદ્ધસિંહ ગોહિલ | અમદાવાદ |
| ૨૬. | સુધીર ડી. દેસાઈ | ગાંધીનગર |
| ૨૭. | પ્રવીણચંદ્ર મારુ | અમદાવાદ |
| ૨૮. | સુરેશચંદ્ર જે. રાવલ | અમદાવાદ |
| ૨૯. | ગિરીશકુમાર એસ. જાની | વડોદરા |
| ૩૦. | સમીર પી. ભટ્ટ | ગાંધીનગર |
| ૩૧. | પ્રદીપ વી. પડશાળા | રાજકોટ |
| ૩૨. | જીગર રાણા | ગાંધીનગર |
| ૩૩. | નંદિના મુનિ | ગાંધીનગર |
| ૩૪. | સમીક્ષા ત્રિવેદી | અમદાવાદ |
| ૩૫. | રાજેન્દ્ર કે. મકવાણા | જાફરાબાદ |
| ૩૬. | પરેશ એમ. શાહ | અમદાવાદ |
| ૩૭. | પ્રફુલ્લ કાનાબાર | અમદાવાદ |
| ૩૮. | બિપીનકુમાર જે. ચૌધરી | પાલનપુર |
| ૩૯. | પુલકિત એચ. ઓઝા | અમદાવાદ |
| ૪૦. | રક્ષા શુક્લ | તળાજા |
| ૪૧. | હંસા મ. પટેલ | અમદાવાદ |
| ૪૨. | હરિવદન એ. વ્યાસ | અમદાવાદ |
| ૪૩. | નારાયણ શાહ | વડોદરા |
| ૪૪. | નીતિનકુમાર વી. શાહ | અમદાવાદ |
| ૪૫. | ડૉ. એમ. એચ. બારોટ | અમદાવાદ |
| ૪૬. | વૈશવ એન. દલાલ | અમદાવાદ |
| ૪૭. | નટુભાઈ પરમાર | ગાંધીનગર |
| ૪૮. | અદિતિ દેસાઈ | અમદાવાદ |
| ૪૯. | મિત્તલ ત્રિવેદી | અમદાવાદ |
| ૫૦. | પારસ હેમાની | રાજકોટ |
| ૫૧. | સ્મિતા પી. શાહ | વડોદરા |
| ૫૨. | શરદકુમાર કે. ત્રિવેદી | થરાદ |
| ૫૩. | આર. એન. જોશી | અમદાવાદ |
| ૫૪. | રણધીર એ. ચૌહાણ | અમદાવાદ |
| ૫૫. | રમેશચંદ્ર ડી. વ્યાસ | ઇન્દોર |
| ૫૬. | કાજલ કાછડ | પાટીદડ |
| ૫૭. | નિરૂપમ નાણાવટી | અમદાવાદ |
| ૫૮. | ભૂપતરાય વિ. નિર્મળ | અમદાવાદ |
| ૫૯. | અશોક દાણી | કલ્યાણ |
| ૬૦. | સુરેશ બી. અગ્રાવન | અમદાવાદ |
| ૬૧. | કરીમ લાખાણી | અમદાવાદ |
| ૬૨. | સંજય પટેલ | અમદાવાદ |
| ૬૩. | સુમંત રાવલ | સુરેન્દ્રનગર |
| ૬૪. | મિનેશ ચંદ્રકાન્ત શાહ | અમદાવાદ |
| ૬૫. | ડૉ. યોગેન્દ્ર પારેખ | અમદાવાદ |
| ૬૬. | શરદ અનંત કુલકર્ણી | પૂના |

| | | |
|---|---|---|
| ૬૭. | હર્ષદ જે. શાહ | સંતરામપુર |
| ૬૮. | હિરેન બી. રાજ્યગુરુ | અમદાવાદ |
| ૬૯. | જિતેન્દ્ર એ. શાહ | વડોદરા |
| ૭૦. | કનુભાઈ સી. શાહ | અમદાવાદ |
| ૭૧. | વૈભવ એસ. કાળે | અમદાવાદ |
| ૭૨. | ઉદયસિંહ એચ. ડાભી | અમદાવાદ |
| ૭૩. | પાર્થ વિ. ભટ્ટ | અમદાવાદ |
| ૭૪. | નરેશકુમાર એમ. સોની | અમદાવાદ |
| ૭૫. | ડૉ. જગદીશ જોશી | અમદાવાદ |
| ૭૬. | પ્રિયાંકી આર. વ્યાસ | ગાંધીનગર |
| ૭૭. | મનીષ આર. પરમાર | અમદાવાદ |
| ૭૮. | કૃણાલ જે. શાહ | અમદાવાદ |
| ૭૯. | શેખર અભયકુમાર શાહ | અમદાવાદ |
| ૮૦. | ધ્રુર્વ ઉમેશભાઈ પંડિત | અમદાવાદ |
| ૮૧. | રાજેન્દ્ર નગીનભાઈ પરમાર | વડોદરા |
| ૮૨. | પૂજા જોશી | અમદાવાદ |
| ૮૩. | જગદીશકુમાર ડી. નિર્મલ | અમદાવાદ |
| ૮૪. | ધારિણી અજિત શુક્લ | અમદાવાદ |
| ૮૫. | પરિમલ કે. વસાવડા | અમદાવાદ |
| ૮૬. | ડૉ. આશા આડતિયા | તીથલ |

**સંસ્થા આજીવન**

| | |
|---|---|
| પત્રી સર્વોદય સમાજ | પત્રી |
| સાર્થક અંગ્રેજી પ્રા. શાળા | અમદાવાદ |
| આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ | સતલાસણા |
| અમદાવાદ મેડિકલ એસોસિએશન | અમદાવાદ |
| ઓમ કૉમ્યુનિકેશન | અમદાવાદ |
| કે. જે. સોમૈયા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ | મુંબઈ |
| ગાંધીનગર સાહિત્યસભા | ગાંધીનગર |
| મેનેજિંગ ટ્રસ્ટી : કાવ્યમુદ્રા | અમદાવાદ |
| સરકારી બીએડ. કૉલેજ | કઠબ |

18

## સાભાર નોંધ

### (કવિતા)

(૧૨૨) નામ લખી દઉં : હરિવદન જોશી, ૨૦૧૪, કાવ્ય ત્રિવેણી, ભરૂચ, પૃ. ૧૬+૭૨ રૂ. ૮૦/- (૧૨૩) ઘૂંટ્યો કસુંબ ઘેરો : દયારામ મહેતા, ૨૦૧૪, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૨+૮૬, રૂ. ૧૦૦/- (૧૨૩) હેતે હાલા ગાઉં (હાલરડાં) : સંકલન, સંપા : શ્રદ્ધા ત્રિવેદી, ૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૪+૨૪૬, રૂ. ૨૫૦/-

## આ અંકના લેખકો

**અંકિત ત્રિવેદી** : ૭૦૫, સાંઈ સંનિધિ, જી. બી. શાહ કૉલેજ સામે, વાસણા બસ સ્ટૅન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

**ઉત્પલ પટેલ** : ‘કવચ’, ૧૩, રામેશ્વર સોસાયટી, મહાવીરનગર વિસ્તાર, હિમ્મતનગર-૩૮૩૦૦૧

**કિશોરી ચંદારાણા** : એ/૫૦, શ્યામપૂજા ડુપ્લેક્સ-૧, મોટેરા ગામ પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૫

**કિશોરસિંહ સોલંકી** : સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮

**દર્શના ધોળકિયા** : ન્યૂ મિન્ટ રોડ, પૅરિસ બૅકરી પાસે, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ)

**ધીરુ પરીખ** : ‘લાવણ્ય’, વિજયપાર્ક, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**ધીરેન્દ્ર મહેતા** : ‘જીવનછાયા’, પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ, ભુજ-૩૭૦૦૦૧

**ધ્વનિલ પારેખ** : સી/૨૦૪, વૈદેહી એપાર્ટમેન્ટ, એમ.બી.આઈ.ની ગલીમાં, વાવોલ, જિ. ગાંધીનગર

**પીયૂષ ઠક્કર** : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, રેલવે સ્ટેશન પાછળ, ફરામજી રોડ, વડોદરા-૩૯૦૦૦૭

**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦

**બહાદુરભાઈ જ. વાંક** : ચિત્રકૂટ, ગોકુલનગર, જૂનાગઢ-૩૬૨૦૦૧

**ભરત પાઠક** : C/o. સમીર પાઠક, ૨૦, સ્વીટહોમ સોસાયટી, શ્રેયસ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

**મનીષ પરમાર** : મુ. વાવડી ગઢ, પો. ધરોઈ કૉલોની, જિ. મહેસાણા-૩૮૪૩૬૦

**મોહનલાલ પટેલ** : ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી સોસાયટી, સૅટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

**રમણ સોની** : ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫

**રામચન્દ્ર પટેલ** : ચોતરા બજાર, મુ. ઉમતા, જિ. મહેસાણા-૩૮૪૩૨૦

**લલિત ત્રિવેદી** : શિવકૃપા, ૧, વૈશાલીનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭

**વિજય શાસ્ત્રી** : જે/૩/૩૦૨, મુક્તાનંદ સરદારપુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯

**હેતલ ગાંધી** : ૧૧, હિંડોળા કોમ્પ્લેક્ષ, કેનેરા બૅન્ક બિલ્ડિંગ, લાડ સોસાયટી રોડ, નહેરુપાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫

## જિજ્ઞાસુઓ માટે વિવિધ સંદર્ભસામગ્રીનાં તાજાં પુસ્તકો

**કૂખ : લે. હરીષ થાનકી** **કિંમત : _ 150**

તમે વાર્તાઓ-નવલિકાઓ તો ઘણી વાંચી હશે, પરંતુ હૈયાના તાર ઝણઝણી ઊઠે અને હૃદય ગદ્ગદ થઈ જાય એવી 21 વાર્તાઓનો આ સંગ્રહ તમને જરા હટકે લાગશે.

**હારોહાર : લે. ઊજમશી પરમાર** **કિંમત : _ 170**

જીવતરના કેટલાક ડંખ ભારે વસમા હોય છે, છતાં એમાંથીય ક્યારેક અમૃતની મીઠાશનો અનુભવ થતો હોય છે. લાગણીના મધપૂડા જેવી 30 વાર્તાઓનો આ સંગ્રહ જીવનનાં અનેક પાસાં વ્યક્ત કરે છે.

**ગતિ : લે. પૂજા તત્સત** **કિંમત : _ 120**

પૂજા તત્સતના આ વાર્તાસંગ્રહમાં માનવજીવનની વિવિધ ગતિઓનો સાક્ષાત્કાર થાય છે. બીબાંઢાળ શૈલીની વાર્તાઓ વાંચીને કંટાળી ગયા હો તો, તાજગીસભર શૈલીમાં આકાર પામેલી આ પુસ્તકની 18 વાર્તાઓ વાંચીને ફ્રેશ થઈ જાવ...

**રમત આટાપાટાની : લે. પ્રફુલ્લ કાનાબાર** **કિંમત : _ 130**

આમ તો માનવજીવન સ્વયં આટાપાટની રમત જ છે ને ! આ રમતમાં સૌને વિજેતા થવું છે. કોઈ શૉર્ટકટ પસંદ કરે છે, તો કોઈ ગલત માર્ગ અપનાવી લે છે. એમાં લાગણીઓના તાણાવાણાની ગૂંચ પડે છે. 20 વાર્તાઓનો આ સંગ્રહ અનોખો છે.

**સ્વદેશાભિમાન : લે. પુરુષોત્તમ સોલંકી** **કિંમત : _ 160**

મહારાષ્ટ્રના શિવનેરીના કિલ્લેદાર રાજા ત્રંબક રાવની દીકરી રાજકુમારી કલાંદે સ્વદેશાભિમાનથી અનેક યુદ્ધો લડીને, યુદ્ધમાં જ વીરગતિ પામી હતી, અત્યંત અલ્પ જાણીતી આ વીરાંગનાના સ્વદેશાભિમાનની કથાની સાથે સાથે એના પ્રણયની દાસ્તાન પણ ઘૂંટાયેલી છે. આ નવલકથા વાચકો માટે તદ્દન નવાં પાત્રો સાથે પરિચય કરાવે છે.

**દેશદેશના બીરબલ : લે. રવીન્દ્ર અંધારિયા** **કિંમત : _ 200**

આપણે એક જ બીરબલને જાણીએ છીએ અને એની જ બુદ્ધિ-ચતુરાઈની બાળકથાઓથી સંતોષ પામીએ છીએ. આ પુસ્તકમાં રશિયન બીરબલ, બંગાળી બીરબલ, અરબસ્તાની બીરબલ અને કાઠિયાવાડી બીરબલની કુલ 34 બાળકથાઓ છે. તમારાં બાળકો વારંવાર વાંચે તેવી આ રસભરી વાર્તાઓ છે.

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

■ ફોન : 22144663, 22149660 *ફેક્સ : 22144663*

■ *ઈ-મેઇલ : goorjar@yahoo.com*

**સંસ્કાર સાહિત્યમંદિર**

**5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-380 015**

**ફોન : 26304259**

# કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | |
|---|---|---|---|
| ૧. પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

આપણા ઘણા બધા વિવેચકો અધ્યાપકો હતા અને આજે પણ વિવેચન સાથે સંકળાયેલા મોટાભાગના અધ્યાપકો છે. આનંદશંકર, રામનારાયણ પાઠક અને ઉમાશંકર જેવા મૂર્ધન્ય વિવેચકો અધ્યાપકો હોવા ઉપરાંત સામયિકોના તંત્રીઓ પણ હતા.

**– ચિમનલાલ ત્રિવેદી**

પહેલું તપ (૧૩ વર્ષ) શિક્ષણનું, બીજું સ્વાધ્યાયનું અને પછી જ રજૂઆત. કોઈ પણ કલા અને વિદ્યા માટે આ ભારતીય શિક્ષણપદ્ધતિનું આદર્શ રૂપ છે.

**– હસુ યાજ્ઞિક**

જેમનું જીવન ફુરસદવાળું મનાય છે, જે ઘણું વાંચે છે, તેમની સાથે વાત કરવાથી ખબર પડે છે કે નિષ્ક્રિય જીવનની સાથે જે વાચન થાય છે તેમાં તો વિચારોનો ગૂંચવાડો જ વધે છે, વિચાર ઊકલતા નથી. એટલે કાર્યકર્તા કામ કરે છે તેનાથી એમને એક નિશ્ચિત દિશા અને કાર્યક્રમ મળે છે. તેમાંથી તેનો સમય બચાવી જે અધ્યયન કરે તેનાથી એના વિચાર ઊકલે છે, ને વિચારથી કાર્યમાં ઘણી પ્રેરણા મળે છે.

**– વિનોબા**

શરીરને પોષક આહારની જરૂર છે તેમ મનના ખોરાકરૂપી સદ્‌વાચનથી દૃઢ મનોબળ પ્રાપ્ત થાય છે. બાહ્ય બનાવો ખળભળાટ સર્જી શકતા નથી, વિધાયક વલણ વિકસે છે. યાદ રાખો કે તમે માત્ર માહિતી મેળવવા માટે વાંચતા નથી, જીવનને નવા ઉન્નત રસ્તે લઈ જવા માટે કોશિશ કરી રહ્યા છો.

**– પ્રવીણચન્દ્ર ઠક્કર**

વાચન વિનાની વ્યક્તિ તો તેલ વિનાના દીવા જેવી છે.

**– સ્વામી સચ્ચિદાનંદ**

સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણિ કૉલેજ, વિસાવદર

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી નવલિકાચયન | ૧૯૯૭ | સં. રવીન્દ્ર પારેખ | રૂ. ૧૧૨ |
| ગુજરાતી નવલિકાચયન | ૧૯૯૮ | સં. બિપીન પટેલ | ૭૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૧૯૯૯ | સં. યોગેશ જોષી | ૧૦૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૦ | સં. શરીફા વીજળીવાળા | ૮૫ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૧ | સં. શિરીષ પંચાલ | ૫૫ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૨ | સં. નવનીત જાની | ૮૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૩ | સં. દીપક રાવલ | ૬૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૪ | સં. ભરત નાયક | ૧૧૫ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૫ | સં. મોહન પરમાર | ૧૦૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૬ | સં. હસમુખ રાવલ | ૮૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૮ | સં. અજિત ઠાકોર | ૧૬૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૦૯ | સં. પારુલ કં. દેસાઈ | ૧૦૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૧૦ | સં. કંદર્પ ર. દેસાઈ | ૧૨૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૧૧ | સં. જયેશ ભોગાયતા | ૧૮૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૧૩ | સં. ગિરીશ ભટ્ટ | ૧૨૦ |
| ગુજરાતી નવલિકાચયન | ૨૦૧૪ | સં. મુનિકુમાર પંડ્યા | ૧૧૦ |
| ગુજરાતી કવિતાચયન | ૧૯૯૨ | સં. રમેશ ર. દવે | ૩૬ |
| ગુજરાતી કવિતાચયન | ૧૯૯૪ | સં. હરિકૃષ્ણ પાઠક | ૭૨ |
| ગુજરાતી કવિતાચયન | ૧૯૯૭ | સં. હેમંત દેસાઈ | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન | ૧૯૯૮ | સં. જયદેવ શુક્લ | ૫૦ |
| ગુજરાતી કવિતાચયન | ૧૯૯૯ | સં. ઉષા ઉપાધ્યાય | ૬૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૦ | સં. ધીરેન્દ્ર મહેતા | ૭૫ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૧ | સં. ભાનુપ્રસાદ પંડ્યા | ૬૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૨ | સં. રમણીક સોમેશ્વર | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૩ | સં. નીતિન મહેતા | ૯૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૪ | સં. નીતિન વડગામા | ૬૫ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૫ | સં. મણિલાલ હ. પટેલ | ૫૫ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૬ | સં. વિનોદ જોશી | ૭૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૭ | સં. સંજુવાળા | ૮૫ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૮ | સં. પુરુરાજ જોષી | ૧૦૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૦૯ | સં. રાજેશ પંડ્યા | ૧૦૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૧૦ | સં. દલપત પઢિયાર | ૧૦૦ |
| ગુજરાતી કવિતાચયન | ૨૦૧૧ | સં. યોસેફ મેકવાન | ૧૨૦ |

## ગ્રંથવિહાર

ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ' પાછળ, નદી કિનારે, આશ્રમ માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : ૨૬૫૮૭૯૪૯

# અરુણોદય પ્રકાશન

પુસ્તક પ્રકાશક, પ્રસારક અને પ્રચારક

૨૦૨, હર્ષ, કૉમ્પ્લૅક્સ, ખત્રીપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૪૧૦૮ - email : arunodayprakashan@yahoo.co.in

## તાજેતરનાં તદ્દન નવાં પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| પી. ખરસાણીનો વેશ | જીવનચરિત્ર | પ્રફુલ્લ ખરસાણી | ૮૦૦ |
| શિલ્પ સમીપે | સ્થાપત્ય પરિચય | કનુ સૂચક | ૫૦૦ |
| જ્ઞાન પરબ (જનરલ નૉલેજ ૨૦૧૫) | જનરલ નૉલેજ | સં. બંસીધર શુક્લ | ૨૦૦ |
| અમરવાણી | ચૂંટેલાં પ્રવચનો | સં. બંસીધર શુક્લ | ૨૬૦ |
| રૂપાન્તર | સાહિત્ય-સિનેમા | અમૃત ગંગર | ૩૨૫ |
| નવલકથા : સ્વરૂપ ને વૈવિધ્ય | સ્વરૂપ-વિવેચન | સં. શિરીષ પંચાલ | ૬૨૫ |
| આત્મકથા | સ્વરૂપ-વિવેચન | સતીશ વ્યાસ | ૧૦૦ |
| ટૂંકી વાર્તા | સ્વરૂપ-વિવેચન | વિજય શાસ્ત્રી | ૧૨૦ |
| મેં. ગણદેવીનો ગલો | દ્વિઅંકી | સતીશ વ્યાસ | ૭૦ |
| લાભશંકર ઠાકરના આદર્શ એકાંકી | એકાંકી સંગ્રહ | સં. સતીશ વ્યાસ | ૧૦૦ |
| પદચિહ્ન | સુવિચાર | સં. મહેન્દ્ર શાહ | ૧૪૫ |
| પરસખા પરમેશ્વરને | ઈશ્વરને પ્રાર્થના | નીલમ દોશી | ૮૦ |
| સાદ સાંભળીએ સર્જનહારનો | ઈશ્વરના પત્રો | નીલમ દોશી | ૧૦૦ |
| જીવન ઝરૂખેથી | પ્રેરણાત્મક | નીલમ દોશી | ૧૪૦ |
| ૪૦૧ પ્રશ્નોત્તરમાં સકળ જ્ઞાન | સવાલ-જવાબ | સં. બંસીધર શુક્લ | ૨૦૦ |
| બોમદિલા | નવલકથા | અનુ. પ્રતિભા દવે | ૧૬૫ |
| સિદ્ધાર્થ | નવલકથા | અનુ. કમલ સિંધા | ૧૦૦ |
| ચિત્રલેખા | નવલકથા | અનુ. અલકેશ પટેલ | ૧૦૦ |
| નોખી માટીના માનવો | ચરિત્રો | અંકિત દેસાઈ | ૧૦૦ |
| ગુજરાતના ઘડવૈયા (ભાગ-૨) | ચરિત્રો | મકરંદ મહેતા | ૩૨૫ |
| શબ્દે શબ્દે રણકાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| શબ્દે શબ્દે શણગાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| શબ્દે શબ્દે ઝબકાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| શબ્દે શબ્દે સંસ્કાર | પ્રેરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| શબ્દે શબ્દે ઝણકાર | પ્રરણાત્મક | હેતા ભૂષણ | ૬૦ |
| જીવન સંજીવની | પ્રેરણાત્મક | પં. વિજયશંકર મહેતા | ૬૦ |
| જીવન ઉઘાડ | પ્રેરણાત્મક | પં. વિજયશંકર મહેતા | ૬૦ |
| જીવન ઓજશ | પ્રેરણાત્મક | પં. વિજયશંકર મહેતા | ૬૦ |
| જીવન પરોઢ | પ્રેરણાત્મક | પં. વિજયશંકર મહેતા | ૬૦ |
| જીવન જ્યોતિ | પ્રેરણાત્મક | પં. વિજયશંકર મહેતા | ૬૦ |
| જીવન ઉત્સવ | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૯૦ |
| જીવન જીવનાની કળા | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૧૨૫ |
| અહા! જિંદગી વાહ! જિંદગી | પ્રેરણાત્મક | કાન્તિ ભટ્ટ | ૧૨૫ |

## આપણાં સુખ-દુઃખ તુલનાનાં !

વિચાર કરતાં એમ લાગે કે આ તુલનાશક્તિની તો કેવી ખૂબી છે !

મનમાં એક વિચાર ચાલતો હતો, મોં મલકાતું હતું. પોતાની જાતને મોટી સમજતો હતો, સુખી માનતો હતો. અચાનક જ કાંઈ યાદ આવ્યું; તેની સાથે સરખામણી થવી શરૂ થઈ. મોં પડી ગયું ! સુખ રાખ થઈ ઊડી ગયું. દુઃખના વિચારોથી મન હવે કડવું થઈ ગયું. મનમાં પીડા ઊપડી. અજંપો થયો. દેહમાં વેદના થઈ આવી... એવામાં બીજું કંઈ યાદ આવ્યું. કોઈકે આવી વધુ દુઃખી માણસની વાત કરી. એ સાંભળી મનને સારું લાગ્યું ! પેલી વેદના ઓસરવા લાગી.

શું છે આ ? તુલનાની આ તે કેવી તાકાત ?

મેળામાં મહાલવા એક માણસ જતો હતો. મસ્તીભરી ચાલ હતી અને ગળામાંથી ગીતોના સૂર રેલાતા હતા. એવામાં રસ્તે ઉતાવળે ચાલતા માણસોના પગ પર નજર પડી. અનેક નર-નારીને એ જાત જાતનાં પગરખાં પહેરીને જતાં જોયાં. રે નસીબ ! મસ્તીનાં ગીતો વરાળ થઈ ઊડી ગયાં ! હાય રે ! મારા પગમાં કાંઈ નહીં ? હું ઉઘાડપગો ! અટકી ગયો. મોળો પડી ગયો. દુઃખી દુઃખી થઈ ગયો ! આગળ વધતાં, ચકડોળ પાસે એક ઠેલણગાડીમાં સૂતેલો માણસ જોયો. આને તો પગ જ ન હતા ! તેને જોયો અને થયું : હાશ ! મને પગ તો છે ! મલકાયો. મનને ઘેરી વળેલો વિષાદ દૂર થયો.

આપણે, આપણાં સુખ-દુઃખને કશીયે સરખામણી વિના તેના સ્વરૂપને પામીએ અને સ્વીકારીએ તો કેવું સારું ? જ્યારે તુલના કરીએ છીએ ત્યારે જ ઉપાધિ આવે છે ! આમ, આપણાં સુખ-દુઃખ વાસ્તવિક છે જ નહીં. કશી તુલના વિના જ જો સુખ-દુઃખનો વિચાર કરીએ તો કેવું સારું. અરે ! આપણે કોઈને સારા કે ખોટા કહીએ છીએ એ પણ અન્યની સરખામણીએ જ ને ?

હવે, તુલનાના કશા વળગણ વિના વિચારવાની ટેવ પાડવા જેવી છે.

તુલના બધે ખપની નથી.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


*સ્થાનસમર્પિત*

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

## ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે

આપણે કાંઈ ને કાંઈ પુરુષાર્થ તો રોજ કરતા જ રહીએ છીએ, પણ એ પુરુષાર્થની સફળતાની આધારશિલા છે : ધ્યેયની સ્પષ્ટતા.

આપણું ધ્યેય સ્પષ્ટ હોય તો જ, તેને સામે રાખીને કરેલી ગતિ સાર્થક બને છે; એ ગતિ પ્રગતિમાં રૂપાંતર પામે છે. ધ્યેયની સ્પષ્ટતા અને તે પછી, તે માટેના પુરુષાર્થનું સાતત્ય જરૂરી છે. આ સરળ નથી. તેમાં વિઘ્ન આવે તોપણ તે ધ્યેયનો વિકલ્પ ન સ્વીકારવો. ધ્યેયપ્રાપ્તિની તીવ્રતા એ વિઘ્નોને વિખેરી નાખે છે; ઓળંગી જવાનું બળ આપે છે.

માટે, ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવિરામપણે મંડ્યા રહેવું તે સિદ્ધિની પૂર્વશરત છે.

ગામ જવા નીકળ્યા, પણ થોડું ચાલીને જો બીજી દિશાના ગામે જવા વિચાર્યું, એટલે વિઘ્ન શરૂ ! તેથી ધ્યેયની સ્પષ્ટતાની જેમ નિશ્ચલતા પણ તેટલી જ જરૂરી છે. તેમાં ચંચળતા ન ચાલે. નિર્ણય લેતાં પહેલાં 'આ કે તે' વિકલ્પ ભલે શોધ્યા કરીએ – એ ચાલે. પણ પછી નહીં.

તે નિર્ણય પછી તબક્કો ગતિનો આવે છે. ગતિ જ પ્રગતિનું રૂપ લે છે અને ધાર્યા ગામ અને ઠામ પહોંચાય છે. માત્ર ચાલવાથી ગામ નથી પહોંચાતું, પણ જે ગામ જવું છે તે ગામની દિશામાં ચાલવાથી તે ગામ પહોંચાય છે – જરૂર પહોંચાય છે.

ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## ટાઈટલનું મેટર

### ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

ગ્રંથ : ૧, પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૧૦/-

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ પ્રથમ ગ્રંથમાં ઈ. સ. ૧૧૫૦થી ઈ. સ. ૧૪૫૦ સુધીના સમયગાળાના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસર્જનની ગતિવિધિનો આલેખ છે. આ ગ્રંથમાં ભૂમિકા રૂપે પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતના રાજકીય-સાંસ્કૃતિક વિકાસનો, ગુજરાતી ભાષાના કુળક્રમનો વિવિધ વિધાયક પરિબળોનો તથા સાહિત્યિક પૂર્વ પરંપરાઓનો ખ્યાલ અપાયો છે. આ ઇતિહાસ-ગ્રંથને વિદ્વાનોની કલમનો લાભ મળ્યો હોવાથી આ ગ્રંથ શાસ્ત્રીય અને સમૃદ્ધ બન્યો છે. ઘણાં સમયથી આ ગ્રંથ અપ્રાપ્ય હતો, તેનું આ પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

### ગુજરાતીસાહિત્યનો ઇતિહાસ

ગ્રંથ : ૨, ખંડ-૧, પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૮૦/-

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ ગ્રંથમાં ઈ. સ. ૧૩૫૦થી ઈ. સ. ૧૬૫૦ સુધીના સમયગાળાના સાહિત્યનું પ્રવાહદર્શન છે. મધ્યકાળનાં સાહિત્યસ્વરૂપોની ગતિવિધિનો આલેખ, એ સમયગાળાના જૈન સાહિત્યનું અવલોકન, નરસિંહ-મીરાં અને અખા – જેવા પ્રમુખ તથા અન્ય સર્જકોના પ્રદાનની વિસ્તૃત મુલવણી તથા અખા પછીની ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાની વિચારણાનો આ ગ્રંથમાં સમાવેશ થયો છે. ઘણાં સમયથી અપ્રાપ્ય આ ગ્રંથનું પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

### ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

ગ્રંથ : ૨, ખંડ-૨, પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૫૦/-

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ ગ્રંથમાં ઈ. સ. ૧૬૫૦થી ઈ. સ. ૧૮૫૦ સુધીના મધ્યકાળના અંતિમ ચરણના સાહિત્યનું પ્રવાહદર્શન છે. પ્રેમાનંદ, શામળ, દયારામ એ પ્રમુખ કવિઓના પ્રદાનની મુલવણી તથા એ સમયગાળાના જૈનસાહિત્યની, આખ્યાનકવિતાની અને પદકવિતાની ચર્ચા આ ગ્રંથમાં થઈ છે. તદુપરાંત મધ્યકાલીન કથાપ્રવાહની, સંતકવિતાપ્રવાહની, ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યની તથા પરિશિષ્ટ રૂપે મધ્યકાલીન કથાઘટકો, કથાપ્રકૃતિ અને છંદોબંધની વિચારણા પણ અહીં થઈ છે. ઘણાં સમયથી અપ્રાપ્ય આ ગ્રંથનું પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

### ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૪

સં. મુનિકુમાર પંડ્યા, કાચું પૂઠું, પૃ...... કિંમત : રૂ. /-

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઈ. સ. ૧૯૯૪-૯૫થી પ્રતિવર્ષ 'નવલિકાચયન'નું પ્રકાશન થાય છે. 'ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૪'ના ભાષાનાં વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલી નવલિકાઓમાંથી ઉત્તમ નવલિકાઓનું સંપાદન કર્યું છે. કથાસાહિત્યના

એમના અભ્યાસનો લાભ આ સંપાદનને મળ્યો છે. એમણે ઘણી ચીવટથી અને સમયસર આ સંપાદન તૈયાર કરી આપ્યું છે. ગુજરાતી સાહિત્યના ભાવકો અને સૌ વાર્તારસિકોને આ સંપાદન ગમશે એવી આશા છે.

$\frac{1}{15750}$

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




### ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ

**ગ્રંથ : ૧**

**પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૧૦/-**

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ પ્રથમ ગ્રંથમાં ઈ. સ. ૧૧૫૦થી ઈ. સ. ૧૪૫૦ સુધીના સમયગાળાના મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસર્જનની ગતિવિધિનો આલેખ છે. આ ગ્રંથમાં ભૂમિકા રૂપે પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતના રાજકીય-સાંસ્કૃતિક વિકાસનો, ગુજરાતી ભાષાના કુળક્રમનો વિવિધ વિધાયક પરિબળોનો તથા સાહિત્યિકપૂર્વ પરંપરાઓનો ખ્યાલ અપાયો છે. આ ઇતિહાસગ્રંથને વિદ્વાનોની કલમનો લાભ મળ્યો હોવાથી આ ગ્રંથ શાસ્ત્રીય અને સમૃદ્ધ બન્યો છે. ઘણા સમયથી આ ગ્રંથ અપ્રાપ્ય હતો, તેનું આ પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

### ગુજરાતીસાહિત્યનો ઇતિહાસ

**ગ્રંથ : ૨, ખંડ-૧**

**પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૮૦/-**

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ ગ્રંથમાં ઈ. સ. ૧૩૫૦થી ઈ. સ. ૧૬૫૦ સુધીના સમયગાળાના સાહિત્યનું પ્રવાહદર્શન છે. મધ્યકાળનાં સાહિત્યસ્વરૂપોની ગતિવિધિનો આલેખ, એ સમયગાળાના જૈન સાહિત્યનું અવલોકન, નરસિંહ-મીરાં અને અખા – જેવા પ્રમુખ તથા અન્ય સર્જકોના પ્રદાનની વિસ્તૃત મુલવણી તથા અખા પછીની ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાની વિચારણાનો આ ગ્રંથમાં સમાવેશ થયો છે. ઘણા સમયથી અપ્રાપ્ય આ ગ્રંથનું પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.



# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો



**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ**

**ગ્રંથ : ૨, ખંડ-૨**

પાકું પૂઠું, પૃ. કિંમત : રૂ. ૨૫૦/-

'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'ના આ ગ્રંથમાં ઈ. સ. ૧૬૫૦થી ઈ. સ. ૧૮૫૦ સુધીના મધ્યકાળના અંતિમ ચરણના સાહિત્યનું પ્રવાહદર્શન છે. પ્રેમાનંદ, શામળ, દયારામ એ પ્રમુખ કવિઓના પ્રદાનની મુલવણી તથા એ સમયગાળાના જૈનસાહિત્યની, આખ્યાનકવિતાની અને પદકવિતાની ચર્ચા આ ગ્રંથમાં થઈ છે. તદ્ઉપરાંત મધ્યકાલીન કથાપ્રવાહની, સંતકવિતાપ્રવાહની, ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યની તથા પરિશિષ્ટ રૂપે મધ્યકાલીન કથાઘટકો, કથાપ્રકૃતિ અને છંદોબંધની વિચારણા પણ અહીં થઈ છે. ઘણાં સમયથી અપ્રાપ્ય આ ગ્રંથનું પુનર્મુદ્રણ વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

**ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૪**

**સં. મુનિકુમાર પંડ્યા, કાચું**

**પૂઠું, પૃ...... કિંમત : રૂ. ૧૧૦/-**

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઈ. સ. ૧૯૯૪-૯૫થી પ્રતિવર્ષ 'નવલિકાચયન'નું પ્રકાશન થાય છે. 'ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૪'ના ભાષાનાં વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલી નવલિકાઓમાંથી ઉત્તમ નવલિકાઓનું સંપાદન કર્યું છે. કથાસાહિત્યના એમના અભ્યાસનો લાભ આ સંપાદનને મળ્યો છે. એમણે ઘણી ચીવટથી અને સમયસર આ સંપાદન તૈયાર કરી આપ્યું છે. ગુજરાતી સાહિત્યના ભાવકો અને સૌ વાર્તારસિકોને આ સંપાદન ગમશે એવી આશા છે.



# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ


